**કોરોનાથી બચવા ઘરમાં રહો, લોકડાઉન પાળો**

લોકહિત ટ્રસ્ટ દ્વારા જનહિતમાં



નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૨૯-૪-૨૦૨૦ બુધવાર AHMEDABAD ESTABLISHED-1991



આપનું 'ગુજરાત ટુડે'



સેનિટાઈઝર યુક્ત (જંતુમુક્ત) 'ગુજરાત ટુડે' પરિવાર



તંત્રી : અઝીઝ ટંકારવી • E-mail : gujarattodaydaily@gmail.com • gujarattodayadmin@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

• RNI. No. 48870/91 • વર્ષ-૨૯ અંક-૨૭૦ • ૫ રમઝાન હિજરી ૧૪૪૧ • 29 APRIL- 2020 • PAGES 12 • મૂલ્ય ₹૫.૦૦


# પ્લાઝમા થેરેપીથી કોવિડ-૧૯ના ઈલાજના કોઈ નક્કર પુરાવા નથી : સરકાર

**કોરોના વાયરસ માટે પ્લાઝમા થેરેપી હજી પણ પ્રાયોગિક તબક્કાએ છે અને દર્દી માટે જીવનું જોખમ પુરવાર થઈ શકે છે : સરકાર, આ થેરેપીને હાલમાં ICMR તરફથી મંજૂરી આપવામાં આવી નથી**

**એક ડોનર ૪૦૦ એમએલ પ્લાઝમા ડોનેટ કરી શકે છે અને તેનાથી બે લોકોના જીવ બચાવી શકાય છે : ડોક્ટરો, ટ્રાયલના હેતુ માટે પણ વેન્ટિલેટર સપોર્ટ પર રહેલા ગંભીર દર્દીઓ પર જ તેનો ઉપયોગ કરી શકાશે : ICMRની સ્પષ્ટતા**

**ગાઈડલાઈન્સનું યોગ્ય રીતે પાલન નહીં કરવામાં આવે તો પ્લાઝમા થેરેપી ખતરનાક પણ હોઈ શકે છે, કોરોના વાયરસના ઈલાજ અંગે હાલમાં દુનિયામાં કોઈ પણ એપ્રૂવ થેરેપી નથી, પ્લાઝમા થેરેપી પણ નહીં : લવ અગ્રવાલ**

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૮

કોરોના વાયરસને પહોંચીવળવા અંગે પ્લાઝમાં થેરેપીને એક આશાના કિરણ તરીકે જોવામાં આવી રહ્યું છે. દિલ્હી સહિત કેટલાક રાજ્યોએ દર્દીઓને આ થેરેપી આપવાની શરૂઆત પણ કરી દીધી છે. જ્યારે કેન્દ્ર સરકારે આ બાબતે એલર્ટ કરતા જણાવ્યું છે કે આ થેરેપીને હાલમાં ઈન્ડિયાન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) તરફથી મંજૂરી આપવામાં આવી નથી. પ્લાઝમા થેરેપીને હાલમાં માત્ર ટ્રાયલ અને રિસર્ચના સ્વરૂપમાં અજમાવી શકાય છે. દિલ્હીમાં પ્રથમ સફળ ટેસ્ટથી પ્લાઝમા થેરેપીથી આશા વધી ગઈ છે. સરકારે જણાવ્યું છે કે કોરોના વાયરસ માટે પ્લાઝમા થેરેપી હજી પણ પ્રાયોગિક તબક્કાએ છે અને દર્દી માટે જીવનું જોખમ પુરવાર થઈ શકે છે.

આરોગ્ય મંત્રાલયની દૈનિક બ્રિફિંગમાં મંત્રાલયના વરિષ્ઠ અધિકારી લવ અગ્રવાલે જણાવ્યું કે કોરોના વાયરસના ઈલાજ તરીકે પ્લાઝમા થેરેપીને સમર્થન આપતા કોઈ નક્કર પુરાવા નથી. આઈસીએમઆર તેના પર રાષ્ટ્રીય અભ્યાસ કરી રહ્યું છે. તેમાં



પ્લાઝમા થેરેપીની અસરનો અભ્યાસ કરવામાં આવશે. તેમણે એવું પણ કહ્યું કે ગાઈડલાઈન્સનું યોગ્ય રીતે પાલન નહીં કરવામાં આવે તો પ્લાઝમાં થેરેપી ખતરનાક પણ હોઈ શકે છે. તેમણે એવું પણ કહ્યું કે કોરોના વાયરસના ઈલાજ અંગે હાલમાં દુનિયામાં કોઈ પણ એપ્રૂવ થેરેપી નથી, પ્લાઝમા થેરેપી પણ નહીં. અમેરિકામાં પણ પ્લાઝમા થેરેપીને પ્રયોગ તરીકે જ લેવામાં આવ્યું છે.

દિલ્હીમાં પ્લાઝમા થેરેપીથી એક ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલો ૪૯ વર્ષીય દર્દી ગત સપ્તાહે સાજો થઈ ગયો છે. દેશમાં પ્લાઝમા થેરેપીનો આ પ્રથમ સફળ કેસ છે. પ્લાઝમા થેરેપીના પોઝિટિવ રિઝલ્ટથી પ્લાઝમાનું ડોનેટ કરવાની શરૂઆત થઈ ગઈ છે અને મુંબઈમાં આજે મંગળવારે પ્લાઝમા થેરેપી ટ્રાયલ શરૂ થઈ ગઈ છે. માનવીઓ માટે સંપૂર્ણપણે નવા કોરોના વાયસરને ફેલાતા અટકાવવા માટે ટેસ્ટ કરવામાં આવી રહેલી પ્લાઝમા થેરેપીનું મૂલ્યાંકન કરવા માટે સમગ્ર દેશમાં ક્લિનિકલ ટ્રાયલ કરવાની આઈસીએમઆરે હાકલ કરી છે. દેશમાં કોરોના વાયરસ સામે લડવા માટે નોડલ સંસ્થા આઈસીએમઆર છે. સાર્સ, ઈબોલા અને એચ૧એન૧ વાયરસના કેસમાં પ્લાઝમા થેરેપીના પ્રોત્સાહનજનક પરિણામો આવ્યા હતા પરંતુ આઈસીએમઆરે એવી સ્પષ્ટતા કરી છે કે ટ્રાયલના હેતુ માટે પણ વેન્ટિલેટર સપોર્ટ પર રહેલા ગંભીર દર્દીઓ પર જ તેનો ઉપયોગ કરી શકાશે. ડોક્ટરોએ જણાવ્યું છે કે એક ડોનર ૪૦૦ એમએલ પ્લાઝમા ડોનેટ કરી શકે છે અને તેનાથી બે લોકોના જીવ બચાવી શકાય છે. નોધનીય છે કે દેશમાં દિલ્હીમાં પ્લાઝમા થેરેપીનો ઉપયોગ કરવામાં આવ્યા બાદ ઉત્તર પ્રદેશમાં પણ હવે પ્લાઝમાં થેરેપી દ્વારા દર્દીઓના ઈલાજ કરવાની કોશિશ કરવામાં આવી રહી છે.

## 'એટલા માટે સત્ય છૂપાવવામાં આવ્યું' : RBIની ડિફોલ્ટરોની યાદી અંગે રાહુલ ગાંધીએ કહ્યું

**કોંગ્રેસે નીરવ મોદી, મેહુલ ચોકસી અને વિજય માલ્યા સહિતના ૫૦ ટોચના બેંક લોન ડિફોલ્ટરોના ૬૮,૬૦૭ કરોડ રૂપિયા માફ કરવાનો મોદી સરકાર સામે આરોપ મૂક્યો, સરકારે ૨૦૧૪થી સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી ૬.૬૬ લાખ કરોડ રૂપિયાનું દેવું માફ કર્યું છે : કોંગ્રેસ**

(એજન્સી) નવી દિલ્હી,તા.૨૮

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ભારતીય બેંકો સાથે છેતરપિંડી કરનારા ટોચના ૫૦ વિલફુલ ડિફોલ્ટર્સ આરોપીઓની યાદી ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) દ્વારા જારી કરવામાં આવ્યા બાદ મંગળવારે સરકારને ઘેરી હતી. તેમણે જણાવ્યું કે, ૫૦ ડિફોલ્ટરોની યાદીમાં શાસક પક્ષ ભાજપના મિત્રોના નામ પણ સામેલ હોવાને કારણે ભાજપે આ યાદી સંસદથી છૂપાવી હતી. તેમણે ટ્વિટમાં કહ્યું કે, સંસદમાં મેં સીધો પ્રશ્ન પૂછ્યો હતો. મને દેશના ૫૦ સૌથી મોટા બેંક ચોરો કે કૌભાંડકારોના નામ બતાવો; પરંતુ નાણાં



પ્રધાને મારા પ્રશ્નનો જવાબ આપવાનો ઈન્કાર કરી દીધો હતો. હવે આરબીઆઈએ નીરવ મોદી, મેહુલ ચોકસી સહિત ભાજપના 'મિત્રો'ના નામ બેંક ચોરો કે કૌભાંડકારોની યાદીમાં નાખ્યા છે. એટલા માટે સંસદમાં આ સત્યને છૂપાવવામાં આવ્યું હતું. કર્મશીલ સાકેત ગોખલે દ્વારા રજૂ કરવામાં આવેલી RTI અરજીના જવાબમાં આરબીઆઈ દ્વારા ટોચના ૫૦ ડિફોલ્ટરોના નામ જારી કરવામાં આવ્યા બાદ રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર સામે આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસે વિજય માલ્યા સહિતના ૫૦ ટોચના બેંક લોન ડિફોલ્ટરોના ૬૮,૬૦૭ કરોડ રૂપિયા માફ કરવાનો મોદી સરકાર સામે આરોપ મૂકવામાં આવ્યો છે. કોંગ્રેસે એવો પણ આરોપ મૂક્યો છે કે સરકારે ૨૦૧૪થી સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી ૬.૬૬ લાખ કરોડ રૂપિયાનું દેવું માફ કર્યું છે.

## ઉત્તરપ્રદેશના બુલંદશહેરમાં નશાખોરે બે પૂજારીઓની હત્યા કરી, યોગીનો પગલાંનો આદેશ

(એજન્સી) તા.૨૮

કોરોના સંક્રમણને ફેલાતો અટકાવવા માટે રાષ્ટ્રવ્યાપી ૩ મે સુધી લૉકડાઉન લાગુ છે. આમ છતાં ઉત્તરપ્રદેશમાં ક્રાઈમ થઈ રહ્યા છે. સોમવારે મોડી રાત્રે બુલંદશહેરમાં બે પૂજારીઓની તિક્ષ્ણ હથિયારના ઘા મારીને નિર્મમ હત્યા કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ આ મામલે ગંભીરતા દાખવતા ગુનેગારની ઓળખ કરીને તેને આકરી સજા ફટકારવા માટે અધિકારીઓને આદેશ કર્યો હતો. આ અંગે પ્રાપ્ત વિગતો પ્રમાણે, બુલંદશહેરના પગોના ગામમાં આવેલ શીવમંદિર પર છેલ્લા ૧૦ વર્ષોથી સાધુ જગદીશ અને શેરસિંહ રહેતા હતા. બન્ને



પૂજારીઓ મંદિરમાં રહીને પૂજા કરતા. સોમવારે મોડીરાત્રે મંદિર પરિસરમાં જ બન્ને પૂજારીઓને ધારદાર હથિયારના ઘા મારીને ઘાતકી હત્યા કરવામાં આવી હતી. મંગળવારે સવારે જ્યારે ગ્રામજનો મંદિર પહોંચ્યા, ત્યારે તેમણે લોહીના ખાબોચિયામાં પૂજારીઓના મૃતદેહો પડેલા જોયા હતા, જે બાદ લોકોમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો. આ ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને પૂજારીઓના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા હતા. આ અંગે બુલંદશહેર SSP સંતોષકુમાર સિંહે જણાવ્યું કે, બે દિવસ પહેલાં ગામમાં રહેતા નશાખોર યુવક મુરારીને પૂજારીઓએ ઠપકો આપ્યો હતો. આથી તેણે જ પૂજારીઓની હત્યાની ઘટનાને અંજામ આપ્યો છે. હાલ પોલીસે મુરારીની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, ગત ૧૭ એપ્રિલે મહારાષ્ટ્રના પાલઘરમાં પણ બે સાધુઓ અને એક ટ્રક ડ્રાઈવરની ૨૦૦ લોકોની બેકાબૂ ભીડે ઢોરમાર મારીને હત્યા કરી હતી.

## પ્રિયંકા ગાંધી, સંજય રાઉતે બુલંદશહેરની હત્યાને વખોડી, મુદ્દાનું કોમવાદીકરણ ન કરવા અપીલ કરી

(એજન્સી) તા.૨૮

એક પછી એક પૂજારીઓ અને સાધુઓની થતી હત્યાઓનો મામલો હવે માહોલ બગાડી શકે તેમ છે. જો કે, આવા ગંભીર મામલાઓમાં પણ અનેક લોકો કોમવાદીકરણ કરીને પોતાનો લાભ શોધવાનો પ્રયાસ કરતા ચૂકતા નથી, ત્યારે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી અને શિવસેનાના નેતા સંજય રાઉતે આ મામલે યુપી સરકારની આકરી ઝાટકણી કાઢી હતી. બંને નેતાઓએ રાજ્યમાં વ્યાપેલ કથળેલી કાયદો વ્યવસ્થાની આકરી ટીકા કરી હતી. તેમણે આ દરમિયાન બુલંદશહેરમાં બે પૂજારીઓની હત્યાનો



મામલો પણ ઊઠાવ્યો હતો.

પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, જ્યારે બે પૂજારીઓ ઊંઘમાં સૂતા હતા, ત્યારે તેમની હત્યા કરી દેવામાં આવી. આ મામલે ગંભીર તપાસ કરીને સત્ય બહાર લાવવું જ જોઈએ. આ મામલે કોઈએ રાજનીતિકરણ કરવાની જરૂર પણ નથી. તેમણે કહ્યું કે, યુપીમાં ૧૫ એપ્રિલ પહેલાં ૧૦૦થી વધુ હત્યાઓ થઈ. ત્રણ દિવસ પહેલાં ઈટાહમાં પચૌરી પરિવારના પાંચ લોકોની હત્યા કરી દેવાતા તેમના મૃતદેહ રહસ્યમય હાલતમાં મળી આવ્યા હતા. કોંગ્રેસ નેતાએ વધુમાં યુપીની સરકારને અપીલ કરી કે, તે આ મામલે યોગ્ય તપાસ કરે અને સત્ય સૌની સામે લાવે. આ રાજ્ય સરકારની જવાબદારી છે. જો કે, શિવસેનાના સંજય રાઉતે કહ્યું કે, અમે આ ઘટનાને આકરા શબ્દોમાં વખોડીએ છીએ. તેમણે ટ્વિટ કરીને લખ્યું કે, આ ખરેખર ભયાવહ છે. બે સંતોને મારી નખાયા. હું તમામ લોકોને અપીલ કરૂં છું કે, તેઓ આ મામલે કોમવાદ ન કરે.

## અભિનેતા ઈરફાનખાનને આંતરડાના ચેપને કારણે કોકિલાબેન હોસ્પિટલના ICUમાં ભરતી કરાયા

(એજન્સી) મુંબઈ,તા.૨૮

બોલિવૂડ અભિનેતા ઈરફાન ખાનની અચાનક તબિયત બગડતા તેમને તાત્કાલિક મુંબઈની કોકિલાબેન અંબાણી હોસ્પિટલમાં ભરતી કરાવામાં આવ્યા છે. ઈરફાન ખાન હાલ આઈસીયુમાં ભરતી છે. હાલમાં જ ઈરફાન ખાનની માતા સઈદા બેગમનું જયપુરમાં નિધન થયુ છે. ત્યારે લોકડાઉનના કારણે ઈરફાન ખાને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પોતાની



**હાલમાં જ અભિનેતાની માતાનું નિધન થયું હતું**

માતાના દફનવિધિમાં સામેલ થયા હતા.ઈરફાન ખાન હાલમાં મુંબઈમાં રહે છે.૨૦૧૮માં ૫૪ વર્ષીય ઈરફાન ખાનને ન્યૂરોએંડોક્રાઈન ટ્યૂમરની જાણ થઈ હતી.તેમણે ટ્વીટ કરીને પોતાની બીમારીનો ખુલાસો કર્યો હતો. આ દરમિયાન તેઓ બોલિવૂડથી પણ દૂર રહ્યા હતા. લાંબા સમય સુધી બિમાર રહ્યા બાદ સ્વસ્થ થઈ બોલિવૂડમાં પાછા આવ્યા હતા. બિમારી બાદ તેમની પહેલી ફિલ્મ અંગ્રેજી મીડિયમ હતી. ઈરફાન ખાન પોતાની પત્ની સુતાપા સિકદર સાથે રહે છે. તેમના બે સંતાનો બાબિલ અને અયાન છે. હાલમાં આ ત્રણેય હોસ્પિટલમાં ઈરફાન ખાન સાથે છે.

### કરન્સી માર્કેટ

| | |
|---|---|
| US.ડોલર | ૭૫.૯૯ |
| પાઉન્ડ | ૯૪.૫૬ |
| યુરો | ૮૨.૪૫૦ |
| યેન | ૦.૭૧ |
| સઉદી રિયાલ | ૨૦.૨૧ |




## સરકારની ખામીયુક્ત કિટ્સની ફરિયાદ બાદ ચીને રેપિડ ટેસ્ટિંગ કિટ્સનો ખોટી રીતે ઉપયોગ કરવા બદલ ભારતને જવાબદાર ગણાવ્યું

**આઈસીએમઆરે રેપિડ એન્ટિબોડી ટેસ્ટિંગ કિટ્સ પરત કરવાનો રાજ્ય સરકારોને આદેશ આપ્યો, ચીન દ્વારા નિકાસ કરવામાં આવતી વસ્તુઓને ખામીયુક્ત ગણાવવાનું બેજવાબદારીભર્યું, ચીનમાંથી નિકાસ કરાતી વસ્તુઓની ગુણવત્તા ઉચ્ચ પ્રકારની હોય છે : જિ રોંગ**

(એજન્સી) બેઈજિંગ, તા. ૨૮

ઈન્ડિયના કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)એ ખોટા પરિણામો અંગે ચીન પાસેથી ભારત દ્વારા ખરીદવામાં આવેલી રેપિડ એન્ટિ બોડી ટેસ્ટિંગ કિટ્સ પરત કરવાનો રાજ્ય સરકારોને આદેશ આપતા ચીને ભારતીય એજન્સીઓ દ્વારા ટેસ્ટિંગ કિટ્સનો ખોટી રીતે ઉપયોગ કરવા અંગે પ્રશ્ન ઉઠાવ્યો છે. ભારતમાં કોવિડ-૧૯ પર દેખરેખ રાખનારી ભારતની નોડલ સંસ્થા આઈસીએમઆરે રેપિડ એન્ટિ બોડી ટેસ્ટિંગ કિટ્સ પરત કરવાનો રાજ્ય સરકારોને આદેશ આપ્યો છે. બેઈજિંગે હવે કિટ્સનો ખોટી રીતે ઉપયોગ કરવા સામે પ્રશ્ન ઉઠાવ્યો છે અને ચિંતા વ્યક્ત કરી છે. દરમિયાન, ચીને મંગળવારે સવારે જણાવ્યું કે ચીનની બે કંપનીઓ - ગુઆંગઝુ વોંડફો બાયોટેક અને ઝુહાઈ લિવઝોન ડાયગ્નોસ્ટિક પાસેથી ખરીદવામાં આવેલી રેપિડ એન્ટિબોડી ટેસ્ટ કિટ્સના પરિણામોમાં મોટું અંતર કે તફાવત જોવા મળી રહ્યું હોવાથી આ કિટ્સનો ઉપયોગ બંધ કરવાનો આઈસીએમઆરે રાજ્યોને આદેશ આપ્યો છે. આઈસીએમઆર દ્વારા આદેશો આપવામાં આવ્યાના કલાકો બાદ ચીને જણાવ્યું કે તેની પ્રોડક્ટ્સ કે વસ્તુઓને ખામીયુક્ત ગણાવવાનું બેજવાબદારીભર્યું છે. ચીનની એલચી કેચરીના પ્રવક્તા જિ રોંગે મંગળવારે વહેલી સવારે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવ્યું કે ચીનમાંથી નિકાસ કરવામાં આવતી વસ્તુઓની ગુણવત્તા ઉચ્ચ પ્રકારની હોય છે. ચીનની વસ્તુઓને ચોક્કસ વ્યક્તિઓ દ્વારા ખામીયુક્ત ગણાવવાનું અયોગ્ય અને બેજવાબદારભર્યું છે અને પૂર્વગ્રહ રાખીને આ મુદ્દાને જોવામાં આવે છે. જિ રોંગે એવું પણ કહ્યું કે ચીનની નિકાસ કરવામાં આવતી તબીબી વસ્તુઓ કે સામાનની ગુણવત્તા ઉચ્ચ પ્રકારની હોય છે.

## ICMRને વેચવામાં આવેલી કોરોના વાયરસ રેપિડ ટેસ્ટ કિટોના સોદામાં ૧૪૫ ટકા જેટલી ઊંચી નફાખોરીનો ઘટસ્ફોટ

(એજન્સી) તા.૨૮

દિલ્હી હાઈકોર્ટમાં કોવિડ-૧૯ની રેપિડ ટેસ્ટ કિટની આયાતકાર અને વિતરક કંપની વચ્ચે ચાલી રહેલા કાયદાકીય જંગે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર)ને વેચવામાં આવેલી આ કિટોમાં નફાખોરી અને અતિ ઉંચા મૂલ્યની ખરીદીનો પર્દાફાશ કર્યો હતો. જસ્ટિસ નઝમી વજીરી સમક્ષ સુનાવણીમાં ખુલાસો થયો હતો કે ભારતમાં જ્યારે વિદેશથી આ કિટ મંગાવવામાં આવે છે ત્યારે તે ૨૪૫ રૂપિયામાં પડે છે પરંતુ ચીનથી ખરીદી કરી આ કિટનો ભારતમાં વેચવાવાળી કંપની તેને ૪૦૦ રૂપિયામાં ડિસ્ટ્રીબ્યુટરને વેચે છે. જ્યારે ડિસ્ટ્રીબ્યુટર તેને ૬૦૦૦ રૂપિયા અને જીએસટી જેટલી કિંમત વસૂલે છે. હવે દિલ્હી હાઈકોર્ટે આ કિટના ભાવમાં ૩૩ ટકાનો ઘટાડો કરવાનો આદેશ આપતાં ૪૦૦ રૂપિયા પ્રતિ કિટ વસૂલવાનો આદેશ આપ્યો છે. સમગ્ર દેશમાં આ કિટનું વિતરણ કરતી એકમાત્ર કંપની રેર મેટાબોલિક્સે આ કિટની આયાતકાર કંપની મેટરિક્સ લેબ્સ સામે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી હતી જે ચીનની વોડફો બાયોટેક કંપની પાસેથી આ રેપિડ ટેસ્ટ કિટો ખરીદી છે. ચીનથી મંગાવવામાં આવેલી ૫ લાખ કિટોમાંથી બાકી રહેલી ૨.૨૪ લાખ કિટો રિલિઝ કરવા અંગે આ વિવાદ થયો હતો જે આઈસીએમઆરને મોકલવામાં આવશે. આયાતકાર મેટરિક્સ લેબોરેટરીએ દલીલ કરી હતી કે તેને રૂા.૨૦ કરોડ (પ્લસ જીએસટી)માંથી ફક્ત રૂા.૧૨.૨૫ કરોડ જ ચૂકવવામાં આવ્યા છે. કરાર મુજબ આઈસીએમઆર પાસેથી પૈસા લેતા પહેલાં બાકીના રૂા.૮.૨૫ કરોડ પહેલાં ચૂકવવામાં આવે. રેર મેટાબોલિક્સે દિલ્હી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી બાકીની ૨.૨૪ કરોડ કિટો રિલિઝ કરવાની માગણી કરી હતી. અરજદારે દલીલ કરી હતી કે મેટરિક્સ લેબ્સ સાથે થયેલા કરાર મુજબ કોઈ બીજી કંપની તેનું ભારતમાં માર્કેટિંગ ન કરી શકે. કંપનીએ આ પણ કહ્યું હતું કે, તેણે પહેલાં જ રૂા.૧૨.૭૫ કરોડ ચૂકવી દીધા છે. રેર મેટાબોલિક્સે આ પણ ખાતરી આપી હતી કે તેને પૈસા મળશે કે તરત જ તે મેટરિક્સ લેબને પૈસા ચૂકવી દેશે. મેટરિક્સ લેબ્સે તેના બાકીના પૈસા માંગતા આ વિવાદ ઊભો થયો હતો જ્યારે અરજદારે કહ્યું હતું કે, જ્યારે આઈસીએમઆર તેને પૈસાની ચૂકવણી કરે ત્યારબાદ જ તે મેટરિક્સ લેબને પૈસા આપશે. અરજદારે કોર્ટને આ પણ જણાવ્યું હતું કે, ૨.૭૬ લાખ રેપિડ ટેસ્ટ કિટ આઈસીએમઆરને સપ્લાય કરી દેવામાં આવી છે જેના પૈસા હજી બાકી છે. આ પૈસાની ચૂકવણી ત્યારે જ થશે જ્યારે ટેસ્ટીંગ કિટો આઈસીએમઆરના માપદંડો મુજબ હશે. આ કિટોમાં ખાલી નીકળતા આઈસીએમઆરએ ટેસ્ટીંગ રોકી દીધું હતું. દિલ્હી હાઈકોર્ટે તેના આદેશમાં કહ્યું હતું કે, આ એક કિટમાં નફો ૧૫૫ રૂપિયા છે જે પડતર કિંમત રૂા.૨૪૫ના ૬૧ ટકા જેટલું છે. આ નફો ખૂબ જ વધારે છે. હાલના વૈશ્વિક મહામારીના સંજોગોમાં જ્યારે દેશમાં તાત્કાલિક વિપુલ પ્રમાણમાં ટેસ્ટ કરવાની જરૂર છે. ત્યારે આટલો ઉંચો નફો ન હોવો જોઈએ. હવેથી જીએસટી સહિત આ કિટને રૂા.૪૦૦ના ભાવે વેચવામાં આવે. દિલ્હી હાઈકોર્ટના આદેશ પછી બન્ને કંપનીઓ આ રેપિડ ટેસ્ટીંગ કિટને રૂા.૪૦૦ના ભાવે વેચવા તૈયાર થઈ હતી. બન્ને પક્ષોને સાંભળ્યા પછી દિલ્હી હાઈકોર્ટે આ પણ કહ્યું હતું કે, બાકીની ૨.૨૪ લાખ કિટો જેવી ભારત પહોંચે કે તરત જ તેમને આઈસીએમઆરને આપી દેવામાં આવે અને અરજદાર આઈસીએમઆર પાસેથી પૈસા મેળવે તેના ૨૪ કલાકમાં મેટરિક્સ લેબ્સને રૂા.૮.૨૫ કરોડ ચૂકવવામાં આવે.

### વાયરસથી સંક્રમિતોનો આંકડો ૩૦ હજારની નજીક, કુલ મૃત્યુઆંક ૯૪૦

# કોરોના સંકટઃ દેશમાં ૨૪ કલાકમાં ૬૨નાં મોત, ૧૫૪૩ નવા કેસ

**પ.બંગાળમાં કોરોનાથી બે ડોક્ટરોના મોત, ૮૦ જિલ્લામાં ૭ દિવસથી અને ૪૭ જિલ્લામાં ૧૪ દિવસથી એક પણ કોરોનાનો કેસ સામે આવ્યો નથી, મંગળવારે રાજસ્થાનમાં ૬૬, આંધ્રપ્રદેશમાં ૮૨ અને કર્ણાટકમાં કોરોનાના ૮ નવો કેસ નોંધાયા, મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૮,૫૯૦ પોઝિટિવ કેસ, ગુજરાત ૩,૫૪૮ કેસ સાથે બીજા ક્રમે, ૬૮૬૮ લોકો ડિસ્ચાર્જ કરાયા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૮

આખી દુનિયામાં ભારે હાહાકાર મચાવનાર માનવથી માનવમાં ફેલાતા ચેપી રોગ કોરોના મહામારીનો ભારત પણ સામનો કરી રહ્યો છે. દેશમાં કોરોના પોઝિટિવના રોજના નવા કેસોમાં ઉમેરો થઈ રહ્યો છે. આરોગ્ય મંત્રાલયે મંગળવારે સવારે જણાવ્યુ કે, કોરોનાથી દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૨ મોત અને ૧૫૪૩ નવા કેસ સામે આવ્યા છે. ભારતમાં મોતના કેસમાં વધારો જોવા મળ્યો છે. અન્ય રીતે જોઈએ તો ભારતમાં દર એક કલાકે બે કરતાં વધુ મોત નોંધાયા છે. મંત્રાલયના જણાવ્યા મુજબ હવે ભારતમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસોની કુલ સખ્યા વધીને ૨૯૬૬૪ થઈ ગઈ છે. જેમાં ૨૧૬૩૨ સક્રિય કેસ છે. આમાં ૬૮૬૮ લોકો રિકવર/ડિસ્ચાર્જ, ૯૪૦ મોત થયા છે. ભારત હાલમાં લોકડાઉન-૨ હેઠળ છે. જે ૩ મે પછી વધુ લંબાવવાની શક્યતા છે. દરમ્યાનમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડો. હર્ષવર્ધને આજે મંગળવારે જણાવ્યું કે, દેશના ૮૦ જિલ્લામાં ૭ દિવસથી અને ૪૭ જિલ્લામાં ૧૪ દિવસથી એક પણ કોરોનાનો કેસ સામે આવ્યો નથી. સાથે જ ૩૯ જિલ્લામાં છેલ્લા ૨૧ દિવસોથી કોઈ કેસ નોંધાયો નથી. આ પ્રકારે ૧૭ જિલ્લામાં છેલ્લા ૨૮ દિવસોથી એક પણ પોઝિટિવ કેસ મળ્યો નથી. આજે મંગળવારે રાજસ્થાનમાં ૬૬, આંધ્રપ્રદેશમાં ૮૨ અને કર્ણાટકમાં કોરોનાના ૮ નવો કેસ નોંધાયા હતા. દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨૯,૬૬૩ થઈ ગઈ છે. આ આંકડા covid19india.org અને રાજ્ય સરકાર પાસે મળેલી માહિતી પ્રમાણે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે, દેશમાં ૨૯ હજાર ૪૩૫ સંક્રમિત છે. જેમાંથી ૨૧ હજાર ૬૩૨ની સારવાર ચાલી રહી છે, ૬૮૬૮ સાજા થયા છે અને ૯૩૪ મોત થયા છે. દિલ્હીમાં આજથી લોકડાઉમાં છૂટ છાટ આપવામાં આવી છે. દિલ્હી સરકારે કોરોનાની સ્થિતિની સમીક્ષા બાદ પશુ પાલકો, પ્લમ્બર અને વીજ કર્મીઓ પર પ્રતિબંધ હટાવી દીધો છે. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના આદેશમાં હેલ્થવર્કર્સ, લેબ ટેક્નીશિયન અને વૈજ્ઞાનિકોને આંતર રાજ્ય મુસાફરી કરવાની મંજૂરી પણ આપવામાં આવી છે. જ્યારે, પશ્ચિમ બંગાળમાં કોરોના વાઈરસને કારણે વધુ એક ડોક્ટરનું મોત થયું છે, અત્યાર સુધી બે ડોક્ટર કોરોનાનો ભોગ બની ચુક્યા છે. દિલ્હીના બાબૂ જગજીવન રામ હોસ્પિટલમાં ડોક્ટર્સ સહિત ૬૦ સ્ટાફ કોરોના પોઝિટિવ આવ્યો છે. લખનઉમાં કોરોના વાઈરસના ૭ નવા દર્દી સામે આવ્યા છે, આ તમામને હોસ્પિટલમાં ભરતી કરાયા છે. દેશમાં કોરોના વાયરસના સૌથી વધુ કેસ મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત અને મધ્યપ્રદેશથી સામે આવી રહ્યા છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના ૫૨૨ નવા કેસ આવ્યા બાદ રાજ્યમાં કુલ કેસોની સંખ્યા ૮૫૯૦ થઈ ગઈ છે. રાજ્યમાં મોતનો કુલ આંકડો ૩૬૯ છે જ્યારે ૯૪ દર્દીઓની સોમવારે રજા આપ્યા બાદ ડિસ્ચાર્જ થનારાની સંખ્યા વધીને ૧૨૮૨ થઈ ગઈ છે. વળી, રાજ્યમાં કોરોના સંક્રમણના સક્રિય કેસોની સંખ્યા ૬૯૩૯ છે. રાજધાની દિલ્હીમાં ૨૯૩ નવા કેસ સામે આવ્યા છે. આ સાથે જ કુલ દર્દીઓની સંખ્યા ૩૧૦૮ સુધી પહોંચી ગઈ છે. સારી વાત એ છે કે છેલ્લા ચોવીસ કલાકમાં ૮ દર્દી રિકવર થઈ ચૂક્યા છે. એક પણ દર્દીનુ મોત નથી થયુ. કોરોના માટે દિલ્લીનો રિકવર રેકોર્ડ પણ સારુ છે. દિલ્લીન રિકવરી રેટ ૩૦ ટકા છે જ્યારે રાષ્ટ્રીય સ્તર પર આ ૨૨ ટકા છે. ગુજરાતમાં સોમવારે સાંજ સુધી ૨૪૭ પોઝિટિવ કેસ આવ્યા, આ ઉપરાંત ૮૧ લોકો રિકવર થઈ ચૂક્યા છે અને ડિસ્ચાર્જ થઈ ચૂક્યા છે. રાજ્યમાં અત્યાર સુધી કુલ ૩૫૪૮ પોઝિટિવ કેસ મળ્યા છે. આમાંથી ૩૧ લોકો ગંભીર સ્થિતિમાં છે બાકીનના ૨૯૬૧ સ્થિર છે. કુલ ૫૩,૫૭૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે આ ઉપરાંત મધ્ય પ્રદેશ સરકારમાં કોરોના સંક્રમણના ૭૫ નવા કેસ નોંધાવ્યા બાદ કેસોની સંખ્યા વધીને ૨૧૬૮ થઈ ગઈ છે. મ. પ્ર.માં અત્યાર સુધી કોરોનાના સૌથી વધુ ૧૨૦૭ કેસ, ઈન્દોર, ૪૨૮ ભોપાલ, ૧૧૯ ઉજ્જૈન, ૬૯ જબલપુરમાં નોંધાયા છે. રાજ્યમાં કોરોનાથી અત્યાર સુધી ૧૧૦ લોકોના મોત થઈ ચૂક્યા છે.

# મહારાષ્ટ્ર-અમદાવાદમાં દેશની તુલનાએ સરેરાશ મૃત્યુદર વધ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૮

મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોના વાયરસનો પ્રભાવ દિવસેને દિવસે વધી રહ્યો હોવાથી રાજ્ય સરકારની ચિંતામાં વધારો થયો છે. દેશની સરખામણીએ મહારાષ્ટ્ર રાજ્યમાં મૃત્યુનું પ્રમાણ વધી રહ્યું હોવાનો દાવો રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવ્યો હતો. ભારતમાં કોરોના વાયરસને કારણે થતા સરેરાશ મૃત્યુની ટકાવારી ૩.૧૩ ટકા સુધી પહોંચી છે ત્યારે મહારાષ્ટ્ર રાજ્યમાં કોરોનાના સૌથી વધુ કેસ નોંધાઇ રહ્યા હોવાથી કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૮,૦૦૦ને પાર થઇ ગઇ છે. ૧૯ નવા મોતની પુષ્ટિ થયા બાદ રાજ્યનો મૃત્યુઆંક ૩૪૨ સુધી પહોંચ્યો છે. આ સાથે સરેરાશ મૃત્યુ દર વધીને ૪.૨૪ ટકા થઇ ગયો હોવાને કારણે રાજ્ય સરકારની ચિંતામાં વધારો થયો છે, એવું મહારાષ્ટ્ર રાજ્યના આરોગ્ય ખાતા દ્વારા સોમવારે સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું હતું. અત્યાર સુધી દેશભરમાં કોરોનાના ૨૭,૦૦૦ કરતાં વધુ કેસ મળી આવ્યા છે, જેમાં ૬,૦૦૦ કરતાં વધુ દરદીઓ સાજા થઇ શક્યા છે, જ્યારે ૮૭૨ કરતાં વધુ લોકો આ બીમારીનો ભોગ બન્યા છે. દરમિયાન અમદાવાદમાં કોરોનાને કારણે મૃત્યુ પામેલા લોકોની સંખ્યા સૌથી વધી ગઇ છે સાથે શહેરમાં કોરોનાનો મૃત્યુ દર ૪.૭૧ ટકા થયો છે જે દેશના કેટલાક મોટા શહેરોના કોરોનાના મૃત્યુ દરની તુલનામાં વધારે છે. અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર વિજય નેહરાએ સોમવારે જણાવ્યું હતું કે કોરોનાનો મૃત્યુ દર નીચો લાવવા માટે દરેક લોકોએ વરિષ્ઠ નાગરિકોની વધુ સારસંભાળ લેવાની જરૂર છે કારણ કે, તેઓને કોરોનાનો ચેપ લાગવાની શક્યતા વધારે છે. અમદાવાદમાં કોરોનાનો મૃત્યુ દર સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ છે. અહીં કોરોનાના કુલ ૩,૩૦૧ કેસમાંથી ૧૫૧ દર્દી મૃત્યુ પામ્યા છે એટલે કે મૃત્યુ દર ૪.૫૭ ટકા છે.

## જમ્મુ-કાશ્મીરના કુલગામમાં અથડામણમાં ત્રણ આતંકવાદી ઠાર

(એજન્સી) શ્રીનગર, તા.૨૮

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં સોમવારે આતંકવાદીઓ અને સુરક્ષા દળોની વચ્ચે અથડામણો થઈ, જેમાં ત્રણ આતંકવાદી મૃત્યું પામ્યા. પોલીસના એક અધિકારી એ જણાવ્યું કે અથડામણ દક્ષિણ કાશ્મીર જિલ્લાના કાજીગુંડ વિસ્તારમાં લોઅર મુંડામાં સુરક્ષા દળોની એક પેટ્રોલીંગ ટીમ પર ગોળીબાર કર્યા બાદ થઈ. તેમણે જણાવ્યું કે સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરી, જેનાથી સામસામે લડાઈ શરૂ થઈ ગઈ. સુરક્ષા પ્રવક્તા કર્નલ રાજેશ કાલિયાએ જણાવ્યું કે, "લોઅર મુંડામાં સંયુક્ત અભિયાનમાં ત્રણ આતંકવાદી મૃત્યુ પામ્યા છે." તેમણે જણાવ્યું કે જ્યારે પાછલી વખત રિપોર્ટ આવી હતી ત્યારે ઓપરેશન જારી હતું.

# ન્યાયાધીશ દત્તા મુખ્ય ન્યાયાધીશ તરીકે ચાર્જ સંભાળવા માટે રોડ માર્ગે મુંબઈ પહોંચશે

(એજન્સી) મુંબઈ, તા.૨૮

રાષ્ટ્રપતિએ તેમને બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિયુક્ત કર્યા પછી, કલકત્તા હાઈકોર્ટના ન્યાયમૂર્તિ દિપાંકર દત્તાએ મુંબઈ પહોંચવા અને પોતાનું નવું કાર્ય સંભાળવા માટે રોડ માર્ગ પસંદ કરવું પડ્યું છે કારણ કે લોકડાઉનના લીધે રેલવે અને વિમાન માર્ગ બંધ છે તેઓ ૨૦૦૦ કિ.મી. મુસાફરી કરી મુંબઈ પહોંચશે. ન્યાયાધીશ દત્તા સોમવારે મોડી રાત્રે મુંબઈ પહોંચવાના હતા, તેઓ રાજભવન ખાતે મંગળવારે સાંજે પદના શપથ લેશે. હાઈકોર્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે, તેમણે કોઈ પણ વિલંબ કર્યા વિના કાર્યભાર સંભાળવા રોડ માર્ગની સફર પસંદ કરી છે. સુપ્રીમ કોર્ટના કોલેજિયમ દ્વારા ૧૯ એપ્રિલે બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે ન્યાયમૂર્તિ દત્તાની નિમણૂંક કરવા ભલામણ કરવામાં આવી હતી એ પછી સરકારે ૨૩મી એપ્રિલે નિમણૂંક માટે જાહેરનામું બહાર પડ્યું હતું. ત્યારબાદ ૨૪ એપ્રિલે કલકત્તા હાઈકોર્ટની રજિસ્ટ્રીએ બોમ્બે હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને આ માહિતી આપી હતી. જજ દત્તા ૨૫મી એપ્રિલે કોલકાતાથી ભુવનેશ્વર, વિશાખાપટ્ટનમ, વિજયવાડા, સોલાપુર, પુણે થઇ મુંબઈ સોમવારે સાંજે પહોંચ્યા હતા. મંગળવારે શપથ ગ્રહણ સમારોહ રાજભવન ખાતે યોજાશે. રાજયપાલના કાર્યાલય તરફથી માહિતી આપવામાં આવી હતી કે 'વર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્ય પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાન અને કેટલાક હાઈકોર્ટના ન્યાયાધીશો સહિતના મર્યાદિત સંખ્યામાં મહેમાનોને આમંત્રણ અપાયું છે.' કલકત્તા હાઈકોર્ટના બીજા વરિષ્ઠ ન્યાયાધીશ દત્તાનો જન્મ ફેબ્રુઆરી ૧૯૬૫માં થયો હતો. તેમણે ૧૯૮૯માં કલકત્તા યુનિવર્સિટીમાંથી એલએલબીની ડિગ્રી મેળવી હતી. તેમણે તે જ વર્ષે એડવોકેટ તરીકે નોંધણી કરાવી હતી અને સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરી હતી. ન્યાયાધીશ દત્તા મે ૨૦૦૨થી જાન્યુઆરી ૨૦૦૪ની વચ્ચે પશ્ચિમ બંગાળ માટે જુનિયર સ્ટેન્ડિંગ કાઉન્સિલ તરીકે અને ૧૯૯૮થી કેન્દ્ર સરકારની સલાહકાર તરીકે સેવા આપી ચૂક્યા છે. ૨૨ જૂન, ૨૦૦૬ના રોજ તેઓએ કલકત્તા હાઈકોર્ટમાં કાયમી ન્યાયાધીશ તરીકે નિમણૂંક મેળવી હતી.

# PM મોદીએ ગુજરાત ભાજપના વરિષ્ઠ નેતાઓને ફોન કર્યા

**મોદીએ જે નેતાઓને ફોન કર્યા તે તમામની વય ૮૦ વર્ષથી વધુ : આરોગ્ય અંગે પૃચ્છા કરી**

(એજન્સી) ગાંધીનગર, તા.૨૮

કોરોના વાયરસના કારણે દેશભરમાં લાગૂ લોકડાઉનના વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત ભાજપના દિગ્ગજ નેતાઓને ફોન કર્યા હતા. મોદીએ તેમના ખબર અંતર પૂછ્યા હતા. તેમાં સુરતના ૮૪ વર્ષીય નરોત્તમ પટેલ ઊંઝાના ૮૩ વર્ષીય નારાયણ પટેલ જૂનાગઢના ૮૭ વર્ષીય હેમાબેન આચાર્ય, તેમજ મહેસાણાના ૯૧ વર્ષીય ડો.એ.કે.પટેલનો સમાવેશ થાય છે. એક અંગ્રેજી અખબાર સાથે વાત કરતાં નરોત્તમ પટેલે જણાવ્યું હતું કે હા મને બે દિવસ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોન આવ્યો હતો. તેમણે મારા પરિવારની ખબર પૂછી હતી. તેમણે સુરત સહિત ગુજરાતની સ્તિતિ અંગે પણ પૃચ્છા કરી હતી. મે તેમને કહ્યું હતું કે જે રીતે સમયસર દેશભરમાં લોકડાઉન લાગૂ કરવામાં આવ્યું તેની વિશ્વભરમાં પ્રશંસા થઈ રહી છે. નારાયણ પટેલે પણ જણાવ્યું હતું કે મને ચાર દિવસ પહેલાં મોદીનો ફોન આવ્યો હતો. તેમણે મારા પગની શસ્ત્રક્રિયા અને આરોગ્ય અંગે ખબર પૂછી હતી. નારાયણ પટેલ પાંચ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. હેમાબેને જણાવ્યું હતું કે, મને મોદીનો ફોન આવ્યો હતો. અને મને ખૂબ ખુશી થઈ હતી. હેમાબેન ગુજરાત સરકારમાં આરોગ્ય મંત્રી રહી ચૂક્યા છે.

# અમેરિકા : પેન્ટાગોનના અધિકારીએ UFOનો વીડિયો રિલીઝ કર્યો, તેમાં UFO દેખાયાનો દાવો કર્યો

(એજન્સી) તા.૨૮

વિજ્ઞાન અને અંતરિક્ષના ક્ષેત્રમાં એલિયન હંમેશા રસપ્રદ વિષય રહ્યો છે. લોકોને પણ જાણવાની જિજ્ઞાશા છે કે, શું ધરતી સિવાય અન્ય કોઈ ગ્રહ પર જીવન શક્ય છે ? અત્યાર સુધી તેના પર સત્તાવાર કંઈ કહેવામાં આવ્યું નથી, પરંતુ એલિયનને લઈને અનેક દાવાઓ જરૂર કરવામાં આવ્યા છે. જો કે, અમેરિકી સેનાએ એલિયનના જહાજો એટલે કે, ઉડતી રકાબી (UFO)ના ત્રણ વાયરલ વીડિયો શેર કર્યા છે, જે ઈન્ટરનેટ પર પણ ઉપસ્થિત છે. જેના કારણે એક વખત ફરીથી એલિયન્સ અંગે ચર્ચાઓએ જોર પકડ્યું છે. હકીકતમાં અમેરિકામાં ત્રણ વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં સૈન્ય વિમાનોનો સામનો UFO સાથે થતો જોવા મળી રહ્યો છે. આ રહસ્યમયી UFO (Unidentified Flying Object) એવી હવાઈ કરતબ કરી રહ્યા છે, જે હાલ વિશ્વમાં ઉપસ્થિત કોઈ પણ એવિએશન ટેકનોલોજીથી શક્ય જ નથી. આ વીડિયો સામે આવ્યા બાદ તેની સત્યતા પર પણ સવાલ ઊભા થવા લાગ્યા છે. હવે અમેરિકન નૌ સેનાએ સ્વીકાર્યું છે કે, આ વીડિયો અસલી છે, પરંતુ તેને જાહેર કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. જણાવી દઈએ કે, વિશ્વમાં સૌ પ્રથમ જર્મનીના નરેમબર્ગમાં એપ્રિલ-૧૫૬૧માં લોકોએ આકાશમાં વિશાળકાય ઉડતી રકાબી જેવી વસ્તુ જોઈ હોવાનો દાવો કર્યો હતો, તે સમયના ચિત્રે અને લાકડાના કટિંગ દ્વારા તેની જાણકારી મળે છે. આ અંગે અમેરિકન નૌ સેનાના ડેપ્યુટી ચીફ જોસફ ગ્રેડશરે જણાવ્યું કે, આ વીડિયો અસલી છે, પરંતુ તેમાં જોવા મળી રહેલી રહસ્યમયી ચીજ વિશે કંઈ ચોક્કસ કહી શકાય તેમ નથી. નૌ સેનાએ આ ત્રણેય વીડિયોને અજ્ઞાત હવાઈ ઘટનાની શ્રેણીમાં રાખ્યા છે. એક વીડિયોમાં નાની ગોળી આકારની કોઈ ચીજ જોવા મળી રહી છે, જે થોડી ક્ષણો માટે હવામાં જ ફંગોળાતી રહે છે અને પછી તેજ ગતિથી એક દિશામાં ઊડી જાય છે. બીજા વીડિયોમાં તેના પર નજર રાખી રહેલા વિમાનના સેન્સર ઝડપથી હવામાં ઊડતા અજાણ્યા એરક્રાફ્ટ પર જામી જાય છે. વીડિયોના બેકગ્રાઉન્ડમાં વિમાનનો પાયલટ તેની ઝડપ જોઈને ચોંકી જાય છે અને પૂછી રહ્યો છે કે, તેણે આખરે શું જોયું ? જ્યારે ત્રીજા વીડિયોમાં એક અંડાકાર વસ્તુ રોકાયા પહેલાં એક જ ઝડપે ઊડી રહી છે અને પછી એક જ જગ્યાએ ગોળ-ગોળ ચક્કર મારતી રહે છે. ૨૦૦૪માં આ ઘટના પેસેફિકમાં ઘટી હતી. એક નેવી ક્રૂઝરના પાયલટે જણાવ્યું કે, તે એટલી ઝડપી હતી કે, મેં ક્યારેય નહતી જોઈ. ક્રૂના જણાવ્યા પ્રમાણે અંદાજે ૪૦ ફૂટ લાંબો ઓબ્જેક્ટ પહેલાં પાણી પર મંડરાયા કરે છે અને પછી ઝડપથી નીકળી જાય છે. આ ઓબ્જેક્ટે ૬૦ માઈલનું અંતર માત્ર એક મિનિટમાં જ કાપ્યું હતું. આ વીડિયો જાહેર કરનારા પૂર્વ સૈન્ય ગુપ્ત અધિકારી લૂઈસ એલજૉન્ડોનો દાવો છે કે, તે ૨૦૧૭માં પેન્ટાગનની UFO શોધ યુનિટમાં એડવાન્સ એરોસ્પેસ થ્રોડ આઈડેન્ટિફિકેશન પ્રોગ્રામનો ડિરેક્ટર હતો. આ વીડિયો ગુપ્ત નથી, પરંતુ તેને જાહેર કરવાની મંજૂરી આપવામાં આવી નથી. આ વીડિયો લીક થયા બાદ ન્યૂયોર્ક ટાઈમ્સ, ધ સ્ટાર્સ અકાદમી ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, વૈજ્ઞાનિકો, પૂર્વ ગુપ્તચર અધિકારીઓ અને UFO તપાસની માંગ કરનારા સેલેબ્રિટિઝ સુધી પહોંચી ગયો છે.

# પંજાબ રાજ્યના અર્થતંત્રને પુનઃ સ્થાપિત કરવા માટે પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંઘ સરકારને માર્ગદર્શન આપશે

(એજન્સી) ચંડીગઢ, તા.૨૮

પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ પંજાબ સરકારને રાજ્યની વૃદ્ધિ અને અર્થવ્યવસ્થાને પુનઃ સ્થાપિત કરવા માટે એકંદર માર્ગદર્શન આપશે. રાજ્ય સરકારે રાજ્યની કોવિડ-૧૯ પછીની પુનરૂત્થાનની વ્યૂહરચના ઘડવાની દિશામાં પ્રારંભિક પગલાં તરીકે મોન્ટેકસિંહ આહલુવાલિયાની આગેવાની હેઠળના ગ્રુપ ઓફ એક્સપર્ટ્સે પાંચ પેટા જૂથોની સ્થાપના કરી છે. સરકારના સત્તાવાર પ્રવક્તાએ જણાવ્યું હતું. મોન્ટેક સિંઘ આહલુવાલિયાના નેતૃત્વ હેઠળના નિષ્ણાંત જૂથની પ્રારંભિક બેઠક, મુખ્યપ્રધાન સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા થઈ હતી, જેણે ખુલાસો કર્યો હતો કે, તેમણે નિષ્ણાંતોના જૂથ સાથે રાજ્ય સરકારને માર્ગદર્શન આપવા માટે ડૉ. મનમોહન સિંઘને પત્ર લખ્યો હતો અને તેમણે વિનંતી સ્વીકારી છે. તેમણે ટ્વિટ પણ કર્યું, "અમે કોવિડ -૧૯ પછી પંજાબને આર્થિક વિકાસ માર્ગે આગળ વધારવા માટે સખત મહેનત કરી રહ્યા છીએ, અમે ફરીથી તેના પર ધ્યાન કેન્દ્રિત કરીશું." મુખ્યપ્રધાને ગ્રુપના સભ્યોનો આભાર માન્યો કે, તેઓ "અમારી સહાય માટે આવે છે." ગંભીર વૈશ્વિક પરિસ્થિતિને જોતા, "હું રાજ્ય માટે શ્રેષ્ઠ જૂથ ઈચ્છતો હતો અને અભાર માનું છું કે, મને સારો જૂથ મળી ગયો." તેમણે ઉમેર્યું. મુખ્યમંત્રીએ પણ ભારત સરકારને પંજાબને મદદ કરવા આગ્રહ કર્યું. કારણ કે, પંજાબની હાલત કફોડી છે. મોન્ટેકે કહ્યું કે, આ જૂથનું કાર્ય ખૂબ જ અઘરૂં છે , પરંતુ રાજ્યની પુનઃ પ્રાપ્તિને આગળ વધારવા માટે "આપણે ચોક્કસ કેટલાક ઉકેલો સાથે આવીશું" કેપ્ટન અમરિન્દરસિંહે જૂથને જણાવ્યું હતું કે, રાજ્યની આર્થિક સ્થિતિ ભયંકર છે. જેમાં માસિક ૩,૩૬૦ કરોડની આવકની ખોટ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્યની રોકડ રકમ સંપૂર્ણપણે સૂકાઈ ગઈ હતી.

# "દરેક ભારતીયનું અપમાન" : ટેસ્ટિંગ કિટની કિંમતોના વિવાદ વચ્ચે રાહુલ ગાંધી બોલ્યા

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૮

કોરોના વાયરસ સામે લડવામાં ટેસ્ટિંગમાં વધારો કરવા પર સતત ભાર મુકનારા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સોમવારે ફરીવાર રેપિડ ટેસ્ટિંગ કિટોના વેચાણમાંથી ભારે નફો કરવાનો પ્રયાસ કરનારા પર પ્રહાર કર્યા હતા અને આવા લોકો સામે પગલાં લેવા વડાપ્રધાનને ટ્વિટ દ્વારા અપીલ કરી હતી. ચીન દ્વારા મોકલવામાં આવેલી રેપિડ ટેસ્ટિંગ કિટોના પરિણામ ખામીયુક્ત હોવાના અહેવાલ બાદ અનેક રાજ્યોએ તેના ટેસ્ટ અટકાવી દીધા હતા તેવા અહેવાલ અંગે પ્રતિક્રિયા આપતા રાહુલ ગાંધીએ ચાઈનીઝ રેપિડ એન્ટીબોડી ટેસ્ટ કિટોની બમણી કિંમતો લેવાતી હોવાના આરોપ અંગે કેન્દ્ર પર પ્રહાર કર્યા હતા. તેમણે ટ્વિટમાં કહ્યું કે, જ્યારે આખો દેશ કોરોના વાયરસ રોગચાળા સામે લડી રહ્યો છે ત્યારે કેટલાક લોકો હજુ પણ આવી સ્થિતિનો લાભ ઉઠાવી નફો કમાવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ભ્રષ્ટ માનસિકતાથી મને ઠેસ પહોંચી છે. આ દેશ તેમને કયારેય માફ નહીં કરે. બીજા ટ્વિટમાં તેમણે કહ્યું કે, લાખો કરોડો ભાઈ-બહેનોની આ સ્થિતિમાં ફાયદો ઉઠાવવા અને નફો કમાવવાના જે લોકો પ્રયાસ કરી રહ્યા છે તે અત્યંત શરમજનક વાત છે. આ કૌભાંડ દરેક ભારતીયનું અપમાન છે. મારી પીએમને અરજ છે કે, ભ્રષ્ટ લોકોને તાત્કાલિક અસરથી ન્યાયના કઠેડામાં લાવવામાં આવે.

# ચેન્નાઈમાં પોલીસની નિર્દયતા વીઆઈપી ગાડીઓ માટે એમ્બ્યુલન્સ અને પ્રવાસીને રોકયા

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૮

ચેન્નાઈમાં આજે શરમજનક તસવીરો સામે આવી છે. અહીં એક વીઆઈપી ટીમ માટે એમ્બ્યુલન્સ અને પ્રવાસીઓને રોકી દીધા. પોલીસે અમાનવીય વલણ દર્શાવતા વીઆઈપી ટીમને પસાર થવા માટે ઈમરજન્સી સેવા એટલે એમ્બ્યુલન્સને રોકી દીધી. ચેન્નાઈમાં પોલીસે આજે આઈરલેન્ડ ગ્રાઉન્ડ ચોક પાસે એક એમ્બ્યુલન્સ અને પ્રવાસીઓને રોકીને વીઆઈપી ટીમને પસાર થવાની પરવાનગી આપી.

# એરટેલે નેટવર્ક ક્ષમતામાં વધારો કરવા નોકિયા સાથે એક બિલિયન ડોલરની ડીલ કરી

**૨૦૨૨નાં અંત સુધી લગભગ ૩ લાખ રેડિયો યુનિટ્સ લગાવશે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૮

જ્યારથી રિલાયન્સ જિયોએ ટેલિકોમ માર્કેટમાં એન્ટ્રી મારી છે, ત્યારથી બાકી તમામ ટેલિકોમ કંપનીઓને જોરદાર ટક્કર મળી રહી છે. પરિણામ એ આવ્યું કે તેમને ઘણું નુકસાન પણ થયું છે. રિલાયન્સ જિયોને મજબૂતીથી ટક્કર ફક્ત એરટેલ જ આપી રહ્યું છે. મોટાભાગનાં લોકો એરટેલનો ઉપયોગ તેના સારા નેટવર્કનાં કારણે કરે છે. આ દરમિયાન એરટેલે પોતાના ૪જી નેટવર્કને મજબૂત બનાવવા માટે અને ૫જી નેટવર્કની ક્ષમતા વધારવા માટે નોકિયાની સાથે ડીલ કરી છે. એટલે કે હવે એરટેલનું નેટવર્ક પહેલાથી પણ વધારે સારું થઈ જશે, જે તેના ગ્રાહકો માટે એક ખુશખબર છે. એરટેલ અને નોકિયાની વચ્ચે આ ડીલ ૧૦૦ કરોડ ડૉલર એટલે કે લગભગ ૭,૬૩૬ કરોડ રૂપિયામાં થઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે આવનારા સમયમાં ૫જી કનેક્ટિવિટી માટે નોકિયા ૨૦૨૨નાં અંત સુધી લગભગ ૩ લાખ રેડિયો યૂનિટ્સ લગાવશે. નોકિયાએ એક નિવેદનમાં કહ્યું છે કે તે ભારતની ત્રીજી સૌથી મોટી ટેલિકોમ કંપની ભારતી એરટેલની સાથે થયેલી ડીલ અંતર્ગત ઉપકરણ અને સેવાઓ આપશે. ઉલ્લેખનીય છે કે એરટેલનાં નેટવર્કમાં નોકિયા સૌથી મોટું ૪જી વેંડર છે. નોકિયાનાં સીઈઓ રાજીવ સૂરી કહે છે કે આ ડીલ દુનિયાનાં ટેલિકોમ માર્કેટનાં ભવિષ્ય માટે એક મહત્વનો કરાર છે. આ ભારતમાં નોકિયાની સ્થિતિને મજબૂત કરશે. સાથે મળીને સારી ૫જી કનેક્ટિવિટી માટે કામ કરશે.તો એરટેલનાં એમડી અને સીઈઓ ગોપાલ વિઠ્ઠલે કહ્યું છે કે એરટેલ અને નોકિયા છેલ્લા લગભગ એક દશકથી સાથે કામ કરી રહ્યા છે અને નોકિયાનાં એસઆઈએએન પ્રોડક્ટ્સનો ઉપયોગ કરીને ખુશ છે, જેનાથી અમારા નેટવર્કની ક્ષમતા વધારવામાં મદદ મળશે.

# ભારતીય મૂળની મનિષા સિંઘની ઓઈસીડીમાં અમેરિકન દૂત તરીકે નિયુક્તિ

(એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મનીષા સિંઘની આર્થિક સહકાર અને વિકાસ સંગઠન (ઓઈસીડી)ના આગામી યુએસ દૂત તરીકે નિમણૂંક કરી છે. મનીષા સિંઘવરિષ્ઠ ભારતીય-અમેરિકન રાજદ્વારી છે. મનીષા હાલમાં વિદેશ વિભાગમાં સહાયક પ્રધાન છે. તે હાલમાં આર્થિક અને વ્યવસાયિક બાબતો સંભાળે છે. આર્થિક સહકાર અને વિકાસ માટેની સંસ્થા (ઓઈસીડી)નું મુખ્ય મથક ફ્રાન્સના પેરિસમાં છે. તેમાં ૩૬ દેશોનો સમાવેશ થાય છે. ઓઈસીડી આર્થિક પ્રગતિ અને વિશ્વ વેપારને આગળ વધારવાનું કામ કરે છે. મનીષા સિંઘ અગાઉ કાર્યકારી નાયબ પ્રધાન રહી ચૂક્યા છે - આર્થિક વિકાસ, ઉર્જા અને પર્યાવરણ અને રાજ્ય વિભાગના આર્થિક બાબતો, ઉર્જા અને વ્યવસાય બાબતોના વિભાગના નાયબ સહાયક પ્રધાન મનીષા સિંઘ અમેરિકન યુનિવર્સિટી ઓફ વોશિંગ્ટનથી આંતરરાષ્ટ્રીય કાયદામાં અનુસ્નાતકની ડિગ્રી મેળવી છે.

# ભાજપ મુસ્લિમો સામે નફરત ફેલાવી રહ્યો છે : અખિલેશ યાદવ

**અખિલેશ યાદવે ક્વોરન્ટાઇન સેન્ટરોમાં મુસ્લિમો બિરયાની માગી રહ્યા હોવાના ખોટા અહેવાલો ચગાવવાનો ભાજપ સામે આરોપ મૂક્યો, અખિલેશે યુપીના સીએમ સામે લોક પ્રતિનિધિઓની અવગણના કરવાનો આરોપ પણ મૂક્યો**

(એજન્સી) લખનૌ, તા.૨૮

સમાજવાદી પાર્ટી (સપા)ના વડા અખિલેશ યાદવે કોરોના વાયરસ કટોકટી અંગે મુસ્લિમો સામે નફરત ફેલાવવાનો ભાજપ સામે આરોપ મૂક્યો છે. તેમણે જણાવ્યું કે, શાસક પક્ષના સભ્યો તેમની મૂળભૂત ટ્રેનિંગને અનુસરી રહ્યા છે. અખિલેશ યાદવે ક્વોરન્ટાઈન સેન્ટરોમાં મુસ્લિમો બિરયાની માગી રહ્યા હોવાના ખોટા અહેવાલો ચગાવવાનો ભાજપ સામે આરોપ મૂક્યો છે. અખિલેશે ઉત્તર પ્રદેશમાં યોગી આદિત્યનાથ સરકાર દ્વારા કટોકટીને પહોંચી વળવાની પદ્ધતિ સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે સીએમ સામે લોક પ્રતિનિધિઓની અવગણના કરવાનો આરોપ પણ મૂક્યો છે.

સમાજવાદી પક્ષના નેતાએ કોરોના વાયરસ મહામારી ફેલાતા અટકાવવા માટે લોકડાઉન લાદવાના રાષ્ટ્રીય સ્તરના નિર્ણયને પડકાર્યો ન હતો પરંતુ જણાવ્યું કે સરકારે લાંબા સમય સુધી નિયંત્રણો ચાલુ રાખવાની અર્થતંત્ર પર થનારી અસરને ધ્યાનમાં રાખવી જોઈએ. યાદવે જણાવ્યું કે મુસ્લિમો સામે નફરત ફેલાવવાની ભાજપની મૂળભૂત ટ્રેનિંગ છે અને તેઓ એવું જ કરી રહ્યા છે. મુસ્લિમો વિરૂદ્ધ નફરત ફેલાવવાનો અંત આવશે નહીં. ભાજપના સભ્યો સમાજમાં મુસ્લિમો વિરૂદ્ધ નફરત ફેલાવવામાં સફળ પણ રહ્યા છે.

# યુપીની જેલમાં અંડર ટ્રાયલ આરોપી વિરેન્દ્રસિંહ ફાંસો ખાધેલી અવસ્થામાં મળી આવ્યો

(એજન્સી) તા.૨૮

હત્યાના પ્રયાસના મામલામાં ધરપકડ કરવામાં આવેલ ૩૦ વર્ષીય આરોપીએ મથુરાની જેલમાં આત્મહત્યા કરી હતી. કોઈ સુસાઈડ નોટ મળી નથી. રાજ્ય સરકારે હાલમાં જે થોડા દિવસો માટે કામચલાઉ જેલ શરૂ કરી અને જિલ્લા જેલમાં સ્થળાંતરિત કરતાં પહેલાં ન્યાયિક કસ્ટડીમાં રાખવાનો નિર્ણય લીધો હતો. વિરેન્દ્રસિંહ ઉર્ફે વીરૂ જેની વિરૂદ્ધ લૂંટફાટના આરોપ અને ગેંગસ્ટર એક્ટ હેઠળ ઓછામાં ઓછા ૧૦ કેસ હતા તેની મથુરાના છતા પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસમાં ૨૪ એપ્રિલે ધરપકડ કરવામાં આવી હતી અને કામચલાઉ જેલમાં મોકલવામાં આવ્યા હતા. આત્મહત્યા રવિવારે સવારે ત્યારે સામે આવી જ્યારે એક કેદીએ એક વોશરૂમને લાંબા સમય સુધી બંધ જોયું. તેમણે જેલ કર્મચારીઓને સૂચના આપી. તેમણે બારણું ખોલ્યું તો સિંહનો મૃતદેહ ઓઢણાથી લટકેલો હતો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યો છે. મથુરા જેલના સુપ્રિટેન્ડન્ટ શેલેન્દ્ર મૈત્રે જણાવ્યું કે, ડૉક્ટર મૃતદેહના પોસ્ટમોર્ટમ પહેલાં કોરોના તપાસ પરિણામની રાહ જોઈ રહ્યા છે. પોલીસે જણાવ્યું કે, સિંહના ભાઈ અને ભત્રીજાને પણ કામચલાઉ જેલમાં રાખવામાં આવ્યા હતા અને તેમની પર કોઈ આરોપ લગાવવામાં આવ્યો ન હતો.

# યુપી સરકાર હરિયાણાથી ૧૨ હજાર શરણાર્થીઓને પાછા લાવી યોગીએ દરેક જિલ્લામાં ક્વોરન્ટાઈન સુવિધા શરૂ કરવા આદેશ આપ્યો

(એજન્સી) લખનૌ, તા.૨૮

દેશમાં જારી કોરોના સંકટ અને લોકડાઉનની વચ્ચે ઉત્તરપ્રદેશની યોગી સરકાર હરિયાણામાં કામ કરવા ગયેલા પ્રદેશના ૧૨ હજાર મજૂરોને પાછા લાવી છે. બધા મજૂરોને તેમના જિલ્લાઓમાં બનેલા ક્વોરન્ટાઈન સેન્ટર્સમાં રાખવામાં આવ્યા છે. ૧૪ દિવસ બાદ તેઓ ઘરમાં ક્વોરન્ટાઈન માટે ઘરે મોકલવામાં આવશે અને યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે એમ પણ કહ્યું કે બીજા રાજ્યોમાં ૧૪ દિવસની ક્વોરન્ટાઈન સમય પૂરૂં કરી ચૂકેલા યુપીના મજૂરો, કામદારો અને શ્રમિકોને ક્રમબદ્ધ રીતે પાછા લાવવામાં આવશે. તેઓએ અધિકારીઓને એક યાદી તૈયાર કરવા આદેશ આપ્યો છે. યુપીના મોટા ભાગના મજૂરો મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ગુજરાતમાં ફસાયેલા છે. તેમની સંખ્યા આશરે પાંચ લાખથી વધારે છે. યોગીએ કહ્યું કે શેલ્ટર હોમ આશ્રય સ્થળને ખાલી કરી સેનેટાઈઝ કરવામાં આવે. સાથે હોમ કમ્યુનિટી કીચનના સંચાલન માટે બધી ચકાસણીઓ કરવામાં આવે જેથી ક્વોરન્ટાઈન લોકો માટે ભરપેટ ભોજનની વ્યવસ્થા થઈ શકે. ૧૪ દિવસ સંસ્થાગત ક્વોરન્ટાઈન પૂરી કરનારા લોકોને રાશન કિટ તથા એક હજાર રૂપીયા આપવામાં આવે અને તેઓને ઘરે મોકલવાની વ્યવસ્થા કરવામાં આવે. આની સાથે તેમણે દરેક જિલ્લામાં ક્વોરન્ટાઈન શરૂ કરવા આદેશ આપ્યો હતો.

# ઉત્તરપૂર્વ દિલ્હી હિંસાઓ : જામિયા એલુમ્ની એસોસિએશનના અધ્યક્ષની યુએપીએ હેઠળ ધરપકડ કરાઈ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૮

ફેબ્રુઆરીમાં થયેલ ઉત્તરીપૂર્વ દિલ્હી હિંસાઓ મામલે જામિયા એલુમનાઈ એસોસિએશનના અધ્યક્ષની સોમવારે યુએપીએ એક્ટ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલ વિદ્યાર્થી શિફા-ઉર-રહેમાન જામિયા કોર્ડિનેશન કમિટીના સભ્ય છે. તે સ્પેશ્યલ સેલે રવિવારે હિંસામાં સંડોવણી હોવા માટે ધરપકડ કરવામાં આવી હતી. આજે તેના પર યુએપીએ એક્ટ લગાવી દેવામાં આવ્યો. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે તેમની પાસે રહેમાનની વિરૂદ્ધ ટેકનિકલ પુરાવાઓ છે જે સાબિત કરે છે કે તેઓ ટોળાને ઉશ્કેરી રહ્યા હતા. હિંસાગ્રસ્ત ક્ષેત્રોથી લેવામાં આવેલા સીસીટીવી ફૂટેજમાં પણ આ દેખાયું. અમે તેમના ફોન રેકોર્ડ અને વોટસએપ સંદેશની પણ તપાસ કરી છે. જેનાથી માલુમ પડે છે કે હુલ્લડોમાં તેમની સંડોવણી હતી. પોલીસ મુજબ તેઓને નગરની એક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પૂછપરછ માટે દસ દિવસો માટે પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. પોલીસે હિંસા મામલે હાલ સુધીમાં દસ લોકોની ધરપકડ કરી છે. આની પહેલા જામિયા મિલ્લિયા ઈસ્લામિયાના વિદ્યાર્થી મીરાન હૈદર અને શફુરા જરગરને પણ યુએપીએ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે દાવો કર્યો છે કે સાંપ્રદાયિક હિંસા પૂર્વનિયોજિત ષડયંત્ર હતું જેને જેએનયુના પૂર્વ વિદ્યાર્થી સંઘના નેતા ઉમર ખાલિદ અને બે અન્ય લોકોએ રચ્યો હતો.

# જો રોગચાળો નિયંત્રણમાં ન આવે તો, આવતા વર્ષે ઓલિમ્પિક્સ રદ કરવામાં આવશે : ગેમ્સના વડા

**જો કોરોના વાયરસ રોગચાળો આવતા વર્ષે નિયંત્રણમાં ન આવે તો મુલતવી રાખવામાં આવેલ ટોક્યો ૨૦૨૦ ઓલિમ્પિક રદ કરવામાં આવશે, એમ આયોજન સમિતિના પ્રમુખે મંગળવારે પ્રકાશિત ટિપ્પણીઓમાં જણાવ્યું હતું**

(એજન્સી) તા.૨૮

જો કોરોના વાયરસ રોગચાળાને આવતા વર્ષ સુધી નિયંત્રણમાં નહીં લાવવામાં આવે તો મુલતવી રાખવામાં આવેલ ટોક્યો ૨૦૨૦ ઓલિમ્પિક રદ કરવામાં આવશે, એમ આયોજન સમિતિના પ્રમુખે મંગળવારે પ્રકાશિત ટિપ્પણીમાં જણાવ્યું હતું. રોગચાળોએ પહેલેથી જ રમતોના એક વર્ષ લાંબા વિલંબને દબાણ કરી દીધું છે, જે હવે ૨૩ જુલાઈ, ૨૦૨૧ના રોજ શરૂ થવાની છે, પરંતુ ટોક્યો ૨૦૨૦ના પ્રમુખ યોશીરો મોરીએ કહ્યું કે આગળ મુલતવી રાખવી શક્ય નથી. જાપાનના નિક્કન સ્પોર્ટ્સ સાથેની એક મુલાકાતમાં, મોરીને સ્પષ્ટ પૂછવામાં આવ્યું કે શું ઓલમ્પિક ૨૦૨૨ સુધી વિલંબિત થઈ શકે છે, જો આવતા વર્ષે રોગચાળો ખતરનાક બની રહ્યો છે, તો જવાબ આપ્યો નહીં. તે કિસ્સામાં, તે રદ કરવામાં આવશે, મોરીએ કહ્યું. મોરીએ જણાવ્યું હતું કે, અગાઉ ફક્ત યુદ્ધના સમય દરમિયાન ગેમ્સ રદ કરવામાં આવી હતી અને કોરોનાવાયરસ સામેની લડાઈની તુલના 'અદ્રશ્ય દુશ્મન સામે લડવાની' સાથે કરવામાં આવી હતી. જો વાયરસ સફળતાપૂર્વક નિયંત્રણમાં આવે તો અમે આગામી ઉનાળામાં શાંતિથી ઓલિમ્પિક્સ યોજીશું તેમણે ઉમેર્યું. માનવજાત તેના પર સટ્ટો લગાવી રહી છે. રમતવીરો અને રમતગમત સંગઠનોના ભારે દબાણ હેઠળ, જાપાની આયોજકો અને આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ માર્ચમાં રમતોત્સવને મુલતવી રાખવા સંમતિ આપી હતી. આયોજકો અને જાપાની અધિકારીઓએ કહ્યું છે કે, વિલંબિત ઓલિમ્પિક્સમાં કોરોનાવાયરસથી વિશ્વની જીત દર્શાવવાની આશા હશે, પરંતુ એક વર્ષ મુલતવી રાખવામાં પણ પૂરતું છે કે કેમ તે અંગે સવાલો ઊભા થયા છે. મંગળવારે, જાપાન મેડિકલ એસોસિએશનના વડાએ ચેતવણી આપી હતી કે જો રસી ન મળી હોત તો આવતા વર્ષે રમતો યોજવાનું અતિશય મુશ્કેલ હશે. યોશીતાકે યોકોકુરાએ એક બ્રીફિંગમાં પત્રકારોને જણાવ્યું હતું કે, હું એમ નહીં કહું કે, તે રાખવામાં આવશે નહીં, પરંતુ તે ખૂબ મુશ્કેલ હશે અને ગયા અઠવાડિયે એક જાપાની તબીબી નિષ્ણાત કે જેમણે દેશના કોરોનાવાયરસ પ્રત્યેના પ્રતિસાદની ટીકા કરી હતી, તેમણે ચેતવણી આપી હતી કે તે ખૂબ જ નિરાશાવાદી છે કે મોકૂફ ઓલિમ્પિક્સ ૨૦૨૧માં યોજાઈ શકે છે.

# ડીડી કા ઉલ્ટા ચશ્મા : બચાવ માટે ૩૦ વર્ષ જૂની ધારાવાહિક દર્શાવી રહ્યું છે

(એજન્સી) હૈદરાબાદ, તા.૨૮

વર્ષ ૨૦૨૦માં જ્યારે દેશ લોકડાઉનની સ્થિતિનો સામનો કરી રહ્યો છે, ત્યારે જાહેર પ્રસારણકર્તા દૂરદર્શન ૩૦ વર્ષ પહેલાંની દુનિયામાં ડોકિયું કરી રહ્યું છે. તેણે તેના જબરદસ્ત પરંતુ ભાગ્યે જ અપડેટ કરેલા આર્કાઇવ્સમાંથી એંસીના દાયકામાં દર્શાવતી ધારાવાહિકોને ફરી એકવાર દર્શાવવાનું શરૂ કર્યું છે. જો કે, આટલા વર્ષો બાદ દર્શાવતી આ ધારવાહિકોએ આજે પણ દર્શકોને જકડી રાખ્યા છે. આ ધારવાહિકોને જોતાં દરેક લોકોની આંખ સામે દૂરદર્શનનો સુવર્ણકાળ તરવરી રહ્યો છે. છત્રીસ વર્ષ પહેલાં, ૧૯૮૪માં, ખૂબ પ્રતિભાશાળી હિન્દી લેખક મનોહર શ્યામ જોશીએ ડીડી માટે ઓછી કિંમતની પરંતુ અત્યંત લોકપ્રિય ધારાવાહિક 'હમ લોગ'ની સ્ક્રિપ્ટ લખી હતી. ૧૫૪ એપિસોડ સુધી ચાલનારી આ ધારાવાહિકે પ્રેક્ષકોની લોકપ્રિયતા મેળવવાના, ટીવી પર જાહેરાત દર્શાવવાની અને પ્રાયોજકો માટેના દરવાજા ખોલી નાખ્યા હતા અને સાથે જ યુવાન અને વૃદ્ધ સ્ટાર્સની વચ્ચે પ્રતિભાનો એક ઉન્માદ પેદા કર્યો હતો. ૯૦ના દાયકાની શરૂઆતમાં, કેટલાક પ્રાદેશિક શ્રેષ્ઠ વિક્રેતાઓ પણ ધારાવાહિકમાં ફેરવાઈ ગયા હતા. જેમાંના બે નામ છે, પ્રેમચંદની નિર્મલા અને શિવાનીની કૃષ્ણકલી. ૧૯૯૭માં મુકેશ ખન્ના દ્વારા ભજવવામાં આવેલી દેશી સુપરમેનની કહાની દર્શાવતી ધારાવાહિક "શક્તિમાન" (૫૨૦ એપિસોડ) પણ ટૂંક સમયમાં જ લોકપ્રિય બની ગઈ હતી. આટલું જ નહીં પંકજ કપૂર દ્વારા અભિનીત ધારાવાહિક "કરમચંદ", અરૂણ ગોવિલ, દીપિકા ચીખલિયા દ્વારા અભિનીત રામાયણ જેવી ધારાવાહિકને પણ ડીડી દ્વારા ફરી એકવાર દર્શાવવામાં આવી રહી છે. રામાયણમાં રાવણનો વધ કરવામાં આવ્યો, તે એપિસોડને દર્શકોની માગણીને ધ્યાનમાં રાખીને પુનઃ પ્રસારિત કરવામાં પણ આવ્યો હતો.

# અર્નબ ગોસ્વામીની મુંબઈ પોલીસે દ્વેષપૂર્ણ ભાષણના કેસમાં ૯ કલાકથી વધુ સમય માટે પૂછપરછ કરી; FIR ફેમ અભિનેત્રી કવિતા કૌશિકે ભાજપ તરફી રિપબ્લિકન ટીવી એન્કરની ટીકા કરી

(એજન્સી) મુંબઈ, તા.૨૮

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી પર નફરત ભરેલી વાતો અને અસ્પષ્ટ ટિપ્પણીને લગતા કેસમાં મુંબઈ પોલીસે સોમવારે ભાજપ તરફી રિપબ્લિકન ટીવીના વિવાદિત એન્કર અર્નબ ગોસ્વામીની નવ કલાકથી વધુ સમય માટે પૂછપરછ કરી હતી. ગોસ્વામીએ રવિવારે માહિતી આપી હતી કે, મુંબઈ પોલીસ દ્વારા તાત્કાલિક પૂછપરછ માટે હાજર રહેવા તેમને બોલાવવામાં આવ્યા છે. સોનિયા ગાંધીની મજાક ઉડાવવા બદલ એફઆઈઆર સીરિયલ દ્વારા પ્રખ્યાત થયેલ અભિનેત્રી કવિતા કૌશિકે ગોસ્વામીની ટીકા કર્યાના થોડા દિવસ પછી આ વાત સામે આવી છે.સોમવારે, મુંબઈના એન.એમ.જોશી માર્ગ પોલીસ સ્ટેશનમાં હાજર થતાં પહેલાં, ગોસ્વામી પોતાની ચેનલના એક નહીં પણ બે પત્રકારો સાથે વાત કરતા જોવા મળ્યા હતા.



કાર્તિક કોલિંગ કાર્તિક ફિલ્મમાં ફરહાન અખ્તરના ભ્રામક પાત્ર સાથે વિઝ્યુઅલ્સની તુલના કરતા ઘણા લોકો માટે સોશિયલ મીડિયા પર હાંસીપાત્ર બની ગયા હતા.

પોલીસ સ્ટેશનમાં પ્રવેશતા પહેલાં ગોસ્વામીએ કહ્યું કે, ‘સત્ય જીતી લેશે’. તેમની ટીવી ચેનલે ગોસ્વામીનો ફોટો મૂકી જણાવ્યું કે, પૂછપરછ પૂરી થઈ ગઈ છે.જો કે, રિપબ્લિક ટીવીએ ૬.૩૩ વાગ્યે પોસ્ટ કરેલા ટ્વિટમાં કહ્યું કે, ગોસ્વામીને પોલીસ સ્ટેશનમાં પ્રવેશ્યાના ૯ કલાકથી વધુ સમય બાદ પણ પૂછપરછ ચાલી રહી છે. ગયા મહિને મહારાષ્ટ્રના પાલઘરમાં બે હિન્દુ સાધુઓની લિંચિંગની ઘટનાને કોમવાદી રંગ આપવાના પ્રયાસો સાથે ગોસ્વામીએ વિવાદ સર્જ્યો હતો. મહારાષ્ટ્રના ગૃહપ્રધાન અનિલ દેશમુખે સ્પષ્ટપણે કહ્યું હતું કે, બંને સાધુઓના હત્યારા પણ હિન્દુ હતા. પાલઘર લિંચિંગ માટે કોંગ્રેસના સમર્થકોએ તેમના નેતા સોનિયા ગાંધીને સીધો દોષ આપ્યા પછી ગોસ્વામી સામે ડઝનેક એફઆઈઆર દાખલ કરી હતી. ગોસ્વામીએ એફ.આઈ.આર. રદ કરાવવા સુપ્રીમ કોર્ટમાં જવું પડ્યું હતું. જો કે, અપેક્ષા મુજબ કોર્ટે તેમને ધરપકડથી ત્રણ અઠવાડિયાની સુરક્ષા આપી હતી. પરંતુ રિપબ્લિક ટીવીના સ્થાપકને તપાસમાં સહકાર આપવા કહ્યું હતું. સોનિયા ગાંધી વિરૂદ્ધના ટિપ્પણી કરવા બદલ બિન-રાજકીય વ્યક્તિઓએ પણ ગોસ્વામીની ઘણી ટીકા કરી હતી. ટીવી એક્ટ્રેસ કવિતા કૌશિકે તેમના પર કટાક્ષ કર્યો હતો, “તો આ દિવસોમાં એક નિંદાકારક બનાવટી જુઠ્ઠાણાને વિશ્વાસપાત્ર સત્યમાં ફેરવવાનું બધાં માટે સરળ થઈ પડ્યો છે. એક વીડિયો બનાવો અને તેને પોસ્ટ કરો !? વાહ ! કાયદો તપાસ જેવી બાબતો લાંબી ખાલી જગ્યા માટે દરિયાકિનારા તરફ દોરી જવી જોઈએ.” કવિતાએ કરેલા બીજા ટ્વિટમાં લખ્યું હતું કે, “ગંભીરતાથી, આ કેવી રીતે મંજૂરી આપવામાં આવે છે ? અને વિદ્યાર્થીઓની સામે એફઆઈઆર !? પણ શું આ બરાબર છે ??? ગંભીરતાથી ?”

# કોરોના વાયરસ ફેલાવનાર તરીકે બદનામ કરાયેલા તબ્લીગી જમાતના ૮૦૦થી વધુ સભ્યોએ પ્લાઝમા દાન કરવા માટે નોંધણી કરાવી

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૮

છેલ્લા એક અઠવાડિયામાં દિલ્હીમાં તબ્લીગી જમાતના ૩૫૦ સભ્યોએ જ્યારે તામિલનાડુમાં ૪૫૦ સભ્યોએ કોરોના વાયરસના ગંભીર દર્દીઓના જીવ બચાવવા માટે રકતદાન કરવા નામ નોંધાવ્યા હતા. દિલ્હીમાં સુલતાનપુરી, વજીરાબાદ, નરેલા અને દ્વારકા વિસ્તારોમાં ઊભા કરવામાં આવેલા ક્વોરન્ટાઈન સેન્ટરોમાં તબ્લીગી જમાતના હજારો સભ્યો છે. જેમાંથી મોટાભાગના લોકોનો ટેસ્ટ નેગેટિવ આવ્યો છે. કોવિડ-૧૯માંથી સાજા થઈ ગયેલા તબ્લીગી જમાતના ૩૫૦ સભ્યોએ પ્લાઝમા દાન કરવાની તૈયારી દર્શાવી હતી. સુલતાનપુરી ખાતે સાજા થઈ ગયેલા ચાર દર્દીઓએ રવિવારે પ્લાઝમાનું દાન કર્યું હતું જ્યારે બે લોકોએ સોમવારે પ્લાઝમા દાન કર્યું હતું જ્યારે નરેલા સેન્ટર ખાતે સોમવારે આઠ લોકોએ તેમનો પ્લાઝમા આપ્યો હતો. પ્લાઝમા દાન કરનાર ૨૪ વર્ષીય એહતેસામ



નરેલા ક્વોરન્ટાઈન સેન્ટર ખાતે પ્લાઝમા દાન કરનાર તબ્લીગી જમાતના સભ્યોની મુલાકાત લેતાં દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન

અહેમદે કહ્યું હતું કે, મેં અલ્લાહને ખુશ કરવા માટે પ્લાઝમા દાન કર્યું હતું. અલ્લાહે બધા માનવીઓનું સર્જન કર્યું છે. હાલમાં રમઝાન મહિનો ચાલી રહ્યો છે અને આ મહિનામાં અન્ય લોકોને મદદ કરનારાઓને અલ્લાહ વધુ પુણ્ય આપે છે. અહેમદે કહ્યું હતું કે, તબ્લીગી જમાતના વડા મૌલાના સાદ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પ્લાઝમા દાન કરવાની અપીલે તેને આમ કરવા માટે પ્રોત્સાહન આપ્યું હતું. દિલ્હી પછી તામિલનાડુમાં પણ તબ્લીગી જમાત સાથે સંકળાયેલા અનેક લોકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો. તેમણે દિલ્હી ખાતે યોજાયેલા તબ્લીગી જમાતના કાર્યક્રમોમાં હાજરી આપી હતી અથવા તો આ કાર્યક્રમોમાં હાજરી આપનારા લોકોના સંપર્કમાં આવ્યા હતા. હવે રાજ્યમાંથી એવા અહેવાલો આવી રહ્યા છે કે, તબ્લીગી જમાતના લગભગ ૪૫૦ જેટલા સભ્યોએ પ્લાઝમા દાન કરવા માટે નોંધણી કરાવી છે. અહીં રાજ્ય સરકાર પ્લાઝમા એકત્ર કરવા માટે કેન્દ્ર સરકારની પરવાનગીની રાહ જોઈ રહી છે. દિલ્હી લઘુમતી પંચના ચેરમેન ડૉ.ઝફરૂલ ઈસ્લામખાને ટ્વીટ કરી કહ્યું હતું કે, તબ્લીગી જમાતના સભ્યો દ્વારા પ્લાઝમા દાન નફરત ફેલાવનારા લોકો અને મીડિયા માટે લપડાક સમાન છે.

# કેન્દ્ર ગાઈડલાઈન્સ નહીં સુધારે, ત્યાં સુધી કોટાથી વિદ્યાર્થીઓને પરત લાવવાનું શક્ય નથી : નીતિશે પીએમને કહ્યું

## અમારા વિદ્યાર્થીઓ માત્ર કોટામાં નથી, પરંતુ દેશના અન્ય ઘણા ભાગોમાં પણ છે : બિહારના સીએમ

(એજન્સી) પટણા, તા.૨૮

બિહારના મુખ્યપ્રધાન નીતિશકુમારે સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જણાવ્યું કે, બિહાર લોકડાઉન અંગે કેન્દ્રની ગાઈડલાઈન્સનું નિષ્ઠાપૂર્વક પાલન કરી રહ્યું છે અને કેન્દ્રની ગાઈડલાઈન્સ કે આદેશોમાં યોગ્ય રીતે સુધારા કરવામાં નહીં આવે, ત્યાં સુધી કોટા જેવા સ્થળોએથી વિદ્યાર્થીઓને પરત લાવવાનું શક્ય હશે નહીં. અન્ય રાજ્યોના મુખ્યપ્રધાનો સાથેની



વીડિયો કોન્ફરન્સમાં ભાગ લેતા નીતિશકુમારે રાજસ્થાનના શહેરથી વિદ્યાર્થીઓને પરત લાવવાની વ્યવસ્થા કરનારા ઘણા રાજ્યો વિશે વાત કરી હતી અને બિહારમાં તેમની સરકાર આ મુદ્દાનો સામનો કરી રહી છે અને વિરોધ પક્ષના દબાણનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો. તેમણે એવું પણ કહ્યું કે, અમારા વિદ્યાર્થીઓ માત્ર કોટામાં નથી, પરંતુ દેશના અન્ય ઘણા ભાગોમાં પણ છે. અમે કેન્દ્રની ગાઈડલાઈન્સનું નિષ્ઠાપૂર્વક પાલન કરી રહ્યા હોવાથી કેન્દ્રની ગાઈડલાઈન્સમાં સુધારા કરવામાં નહીં આવે ત્યાં સુધી કોટાથી વિદ્યાર્થીઓને બિહાર પરત લાવવાનું શક્ય હશે નહીં.

# સ્થળાંતરિત કામદારો ખૂબ જ હતાશામાં છે, દિલ્હીમાં ૬૫ ટકા લોકોને ખાદ્ય સામગ્રી, રાશન મળ્યું નથી : સર્વે

(એજન્સી) તા.૨૮

કોરોના લોકડાઉન વચ્ચે સી.પી.આઈ.(એમ) અને તેની સાથે સંલગ્ન સેન્ટર ઓફ ઈન્ડિયન ટ્રેડ યુનિયન્સ (સીઆઈટીયુ) એ કરેલા સર્વેમાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. આ સર્વેમાં કહેવામાં આવ્યું છે કે લોકડાઉન જાહેર થયા પછી દિલ્હીમાં ફસાઈ ગયેલા સ્થળાંતરિતો હતાશાજનક સ્થિતિમાં છે અને આપ સરકાર તેમને પૂરતી



મદદ કરતી નથી. આ સર્વે મુજબ ૬૫ ટકા જેટલા સ્થળાંતરિત મજૂરોને ખાદ્ય સામગ્રી કે રાશન મળ્યું નથી. આ સર્વે ૮૮૭૦ મજૂરો પર કરવામાં આવ્યું હતું. જેમાંથી મોટાભાગના મજૂરો પાસે રાશનકાર્ડ કે આધારકાર્ડ નથી. આ સર્વે મુજબ ઘણા કામદારો પાસે મોબાઈલ રિચાર્જ કરાવવાના પણ પૈસા નથી. આ લોકો તેમના ઘરે જવા માગે છે. કારણ કે હવે તેમની બચત પણ વપરાઈ ગઈ છે. આ સર્વેના તારણો મુજબ આપ સરકાર આ લોકોને પૂરતી મદદ કરતી નથી. અને કેજરીવાલ સરકારે કામ કરવાને બદલે વાતો કરવાની નીતિ અપનાવી છે.

# દિલ્હીમાં UAPA હેઠળ ૨૭ વર્ષીય ગર્ભવતી મહિલાની ધરપકડ

## દિલ્હી હિંસા : જામિયાના પૂર્વ વિદ્યાર્થીઓના એસોશિએશનના પ્રમુખ શિફા-ઉર્રહમાનની ધરપકડ

(એજન્સી) તા.૨૮

દિલ્હી હિંસાનું ષડયંત્ર રચવાના આરોપસર જામિયા મિલ્લિયા ઈસ્લામિયાના પૂર્વ વિદ્યાર્થીઓના એસોશિએશનના પ્રમુખ શિફા-ઉર્રહમાનની ધરપકડ કરવામાં આવી છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે સોમવારે શિફા-ઉર્રહમાનની ધરપકડ કરી લીધી હતી અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. દિલ્હી હિંસાનું ષડયંત્ર રચવાના આરોપસર અનેક પ્રખ્યાત યુનિવર્સિટી-કોલેજમાં ભણી ચૂકેલા લોકોની ધરપકડ થઈ રહી છે.

અગાઉ સ્પેશિયલ સેલે જામિયા કોર્ડિનેશન કમિટીના મીડિયા પ્રભારી સફુરા જર્ગર (જે ત્રણ મહિનાનો ગર્ભ ધરાવે છે)ની ધરપકડ કરી હતી, તે



સિવાય મીરાન હૈદરની પણ ધરપકડ કરાઈ હતી અને બંને વિરૂદ્ધ યુપીએ એક્ટ અંતર્ગત કાર્યવાહી કરવામાં આવી હતી. સફુરાએ પોતે ગર્ભવતી હોવાનો હવાલો આપીને જામીન અરજી કરી હતી, જેને ફગાવી દેવામાં આવી હતી.

કિરોડીમલ કોલેજની પૂર્વ વિદ્યાર્થિની ગુલફિસા ફાતિમાની પણ હિંસાનું ષડયંત્ર રચવાના આરોપસર ધરપકડ થયેલી છે અને તેના વિરૂદ્ધ યુપીએ એક્ટ અંતર્ગત કેસ નોંધાયેલો છે. જેએનયુના પૂર્વ વિદ્યાર્થી ઉમર ખાલિદ પર દિલ્હી હિંસામાં સામેલ હોવાનો આરોપ છે અને દિલ્હી પોલીસે તેના વિરૂદ્ધ એફઆઈઆર નોંધેલી છે, જેની સ્પેશિયલ સેલ દ્વારા તપાસ ચાલી રહી છે. અગાઉ આમ આદમી પાર્ટીના પૂર્વ કાઉન્સિલર તાહિર હુસૈન વિરૂદ્ધ યુએપીએ અંતર્ગત કેસ નોંધવામાં આવ્યો હતો. સ્પેશિયલ સેલે દિલ્હીની ચાંદ બાગ હિંસા મામલે તેની ધરપકડ કરી હતી અને તેના પર આઈબીના કર્મચારી અંકિત શર્માની હત્યાનો આરોપ પણ છે.

તાહિરના ઘરની છત પરથી પથ્થરો, ગુલેલ અને પેટ્રોલ બોમ્બ મળી આવ્યા હતા અને તે સ્થળેથી જ પથ્થરમારો કરાયો હોવાનો આરોપ છે. સોશિયલ મીડિયામાં એક વીડિયો પણ વાયરલ થયો હતો. જેમાં કેટલાક ઉપદ્રવીઓ મકાનની છત પરથી પથ્થર અને પેટ્રોલ બોમ્બ વરસાવી રહેલા જોવા મળ્યા હતા. બાદમાં પોલીસે તે મકાનને સીલ કરી દીધું હતું.

# શા માટે સામાજિક અંતર મહત્ત્વપૂર્ણ છે ? કોવિડ-૧૯ વાયરસ આ રીતે વહન થાય છે

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૮

જેમ-જેમ આપણે ૩જી મેની નજીક જઈએ છીએ અને કેન્દ્ર અને રાજ્ય સરકારો દેશને કેવી રીતે ખોલવા તે અંગે વિચારણા કરે છે, હવે સમજવું સારૂં છે કે, નવા સામાન્ય જીવનમાં સામાજિક અંતર શા માટે સામેલ હોઈ શકે છે. રક્ષણાત્મક માસ્ક પહેરીને અને વારંવાર હાથ ધોવા અનિવાર્ય થશે ભલે આપણે સતત લોકડાઉનમાં નહીં રહીશું.




આ સમજવું જરૂરી છે કે, જ્યારે તમને ચેપ લાગેલ હોય અને જ્યારે તમે ખાંસી, છીંક અથવા ફક્ત વાત કરો છો ત્યારે કોવિડ-૧૯ના વાયરસ કઈ રીતે વહન થાય છે.

તંદુરસ્ત વ્યક્તિ જ્યારે ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્કમાં આવે ત્યારે સામાન્યફ્લૂની જેમ કોવિડ-૧૯ પણ ફેલાય છે. ચેપગ્રસ્ત વ્યક્તિ જ્યારે ઉધરસ, છીંક અથવા વાત કરે છે. ત્યારે વાયરસના ટીપાં ઉત્પન્ન થાય છે અને એ વહન થાય છે.

જ્યારે આપણે ખાંસી કે છીંક આવે છે, ત્યારે આપણે વિવિધ કદના ટીપાં પેદા કરીએ છીએ. મોટા ટીપાઓ મોટાભાગે જમીન પર પડે છે, નજીકની સપાટી પર આવે છે અથવા નાના ટીપાંમાં વિભાજીત થાય છે. મોટા ટીપાં ભારે હોવાથી, તેઓ નાના ટીપાંની જેમ વહન થતાં નથી. આને ટાળવા માટે ૬ ફૂટનું અંતર સારૂં માનવામાં આવે છે.

નાના ટીપાં પણ એરોસોલ્સ તરીકે ઓળખાય છે, ભારે ટીપાંથી વિપરીત, ૩૦ મિનિટ સુધી હવામાં સ્થગિત રહી શકે છે તેઓ મોટા ટીપું કરતાં પણ વધુ મુસાફરી કરી શકે છે, તે કારણ છે કે, વૈજ્ઞાનિકો અને ડોક્ટરો સામાજિક અંતરની ભલામણ કરે છે. તમે ચેપગ્રસ્ત વ્યક્તિથી ખૂબ દૂર હોવ, તમને ચેપ લાગવાની સંભાવના ઓછી હોય છે. જેમ-જેમ ટીપું મુસાફરી કરે છે, તેઓ નબળાં થાય છે. જ્યારે નિષ્ણાતો ભલામણ કરે છે તે ૬ ફૂટનું અંતર ઓછામાં ઓછું હોવું જોઈએ. જે અમે જાળવીએ છીએ જો કે, તે હંમેશા અસરકારક હોતું નથી.

ફક્ત છીંક આવવી અને ખાંસી જ નથી, પણ જ્યારે તમે બોલતા હો ત્યારે તમારા મોંમાંથી ટીપાં પણ બહાર આવે છે જે ચેપને સંક્રમિત કરી શકે છે. જો કોઈ વ્યક્તિ ચેપગ્રસ્ત અને એસિમ્પટમેટિક હોય તો આ ખાસ કરીને સમસ્યારૂપ છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ, એક ચેપગ્રસ્ત વ્યક્તિ, નબળા હવાની અવર-જવરવાળા રૂમમાં ખાંસી જેવા અનેક વાયરલ ટીપાં પેદા કરી શકે છે.

તેથી, જ્યારે સામાજિક અંતર મહત્ત્વપૂર્ણ છે, તે એકલો જ કોવિડ-૧૯ સામે સૌથી અસરકારક રક્ષણ નથી.

કોવિડ-૧૯ સામે લડવાની તકો વધારવા માટે, જો અને જ્યારે લોકડાઉન હળવું થાય છે ત્યારે પણ આ નિયમોનું એક સાથે પાલન કરવું જોઈએ. સામાજિક અંતર જાળવવું, રક્ષણાત્મક માસ્ક પહેરો અને વારંવાર તમારા હાથ ધોવા.

ચહેરા પર માસ્ક પહેરવો, ભલે એ સાદું પણ હોય એ મદદ કરે છે. તેઓ નાક અને મોં પર ઉતરતા મોટા ટીપાંને અટકાવી શકે છે, તે તમને તમારા ચહેરાને સ્પર્શતા પણ રોકે છે. જો તમને ચેપ લાગેલ છે, તો ચેપ લગાડવાની શક્યતા ઓછી થાય છે. પરંતુ એકલા માસ્ક જ જવાબ નથી, કારણ કે, તે તમને ટીપું શ્વાસમાં લેવાનું બંધ કરતું નથી.

શક્ય તેટલી વાર તમારા હાથ ધોવા, કારણ કે, જો તમે ચેપગ્રસ્ત સપાટીને, કાઉન્ટર્સથી લઈને ફોન અને ટેબ સુધી અને પછી તમારા ચહેરાને સ્પર્શ કરો તો વાયરસ ફેલાય છે. યાદ રાખો મોટા ટીપાં જેઓ ઘણીવાર નજીકની સપાટીઓ પર સ્થાયી થાય છે ? વાયરસના સંક્રમણને ઘટાડવા માટે તમારા હાથને વારંવાર ધોવા અને અંતે, માસ્ક પહેરવા અને હાથ ધોવા સાથે, સામાજિક અંતરના ધોરણોને અનુસરો. ખાસ કરીને જ્યારે જાહેર સ્થળે હોય તો ૬ ફૂટ એક આદર્શ અંતર છે, તે તમને ચેપ લાગવાથી બચાવે છે અને જો તમે પહેલાંથી જ કોવિડ-૧૯ પોઝિટિવ છો, તો તમે અંતર જાળવીને અન્યને સુરક્ષિત રાખી શકો છો.

# જો કોવિડ-૧૯ના કારણે ફરજ બજાવી રહેલા પત્રકારનું મૃત્યુ થાય તો રૂા.૧૫ લાખની સહાય આપવામાં આવશે : ઓરિસ્સાના મુખ્યમંત્રી



ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયક

(એજન્સી) ભુવનેશ્વર, તા.૨૮

ઓરિસ્સાના મુખ્યમંત્રી નવીન પટનાયકે આ મહામારીના સમયમાં ફરજ બજાવતી વખતે કોરોના વાયરસના ચેપના કારણે મૃત્યુ પામનારા પત્રકારોના પરિવારને ૧૫ લાખ રૂપિયા વળતર આપવાની જાહેરાત કરી છે. પટનાયકે કહ્યું હતું કે કોરોના વાયરસે સમગ્ર વિશ્વમાં વિશાળ સ્વાસ્થ્ય સંકટ ઊભો કર્યો છે અને પત્રકારો આ અંગે લોકોમાં જાગૃકતા ફેલાવવા મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે તેઓ તેમની ફરજ બજાવવા માટે મુશ્કેલ સમયમાં પણ કામ કરી રહ્યા છે. મુખ્યમંત્રી કાર્યાલયે સત્તાવાર જાહેરાત કરતાં કહ્યું હતું કે જો કોઈ પત્રકારનું કોરોના વાયરસના કારણે મૃત્યુ થશે તો તેના પરિવારને રૂા.૧૫ લાખની સહાય આપવામાં આવશે. આ જાહેરાત પછી ઓરિસ્સા સરકારના મીડિયા સલાહકાર માનસ માંગરાજે પત્રકારો તરફ લાગણી દર્શાવવા બદલ મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાચકોંડા પોલીસે અઝાનના મુદ્દા પર તેની ભૂલ સ્વીકારી

(એજન્સી)

તા.૨૮



રાચકોંડા પોલીસે ટ્વિટર યુઝર્સને ખોટી માહિતી આપી વિવાદ ઊભો કર્યો હતો. શનિવારે કેટલાક ટ્વિટર યુઝર્સને જવાબ આપતાં રાચકોંડા પોલીસે લખ્યું હતું કે અઝાન અને સાયરનની પરવાનગી નથી. આ ટ્વિટ વાયરલ થયા પછી યુઝર્સે તીવ્ર પ્રતિક્રિયાઓ આપી હતી. મોહમ્મદ મુજાહિદ નામના એક યુઝરે લખ્યું હતું કે બિનસાંપ્રદાયિક મુખ્યમંત્રીને અઝાન અથવા સાયરનથી શું સમસ્યા છે ? અમે લોકડાઉનનો કોઈ નિયમ તોડી રહ્યા નથી. કોવિડ-૧૯ અંગે સરકારની માર્ગદર્શિકા મુજબ અમે ઘરે નમાઝ પઢી રહ્યા છીએ. આ ટ્વિટ અંગેની ભૂલ સુધારતાં રાચકોંડા પોલીસે ફક્ત ટ્વિટ ડિલિટ જ કર્યું ન હતું પરંતુ સાથે સાથે સ્પષ્ટતા પણ કરી હતી. પોલીસે કહ્યું હતું કે સોશિયલ મીડિયા સેલે ખોટો જવાબ આપી દીધો હતો. પોલીસે આ ખોટી માહિતી ફેલાવનારા શખ્સ સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

# ગરીબ અને મધ્યમવર્ગના લોકોના લાઈટ બિલ અને લોનના હપ્તા માફ કરવાની માંગ

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૨૮

સરકારે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના લાઈટ બિલ અને હાઉસિંગ લોન તેમજ વ્યવસાય લોનના હપ્તાઓ સંપૂર્ણ માફ કરવા અંગે જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણીને રજૂઆત કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર ગુજરાત રાજ્ય સહિત જૂનાગઢ જિલ્લામાં કોરોનાની મહામારીના કારણે છેલ્લા ૩૪ દિવસથી લોકોના ધંધા-રોજગાર સંપૂર્ણપણે ઠપ છે. લોકોને પેટનો ખાડો પુરવાના પણ ફાફા છે. તેવા સંજોગોમાં આપના ઊર્જા વિભાગની જાહેરાત મુજબ તા.૧૫.૦૫.૨૦૨૦ સુધીમાં પણ લોકો પોતાના ઘર વપરાશ અને વ્યવસાય સ્થળનું લાઈટ બિલ કઈ રીતે ભરી શકશે ? જેથી સરકારે આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ માર્ચ, એપ્રિલ, મે, જૂન એમ ચાર માસનું ઘરવપરાશનું તેમજ નાના વ્યવસાય સ્થળનું વીજબિલ સંપૂર્ણપણે માફ કરવું જોઈએ. તે ઉપરાંત ઉપરોક્ત નબળા વર્ગના તમામ લોકોના હાઉસિંગ લોન અને વ્યવસાય લોનના હપ્તા પણ ચાર માસના લોકોની આવી દયનીય અને કપરી સ્થિતિને ધ્યાને લઈ માફ કરવા જોઈએ.

# મહુડા વિણવા ગયેલી કણાદરની મહિલાને દીપડાએ ફાડી ખાધી

હિંમતનગર, તા.૨૮

વિજયનગર તાલુકાના કણાદર ગામની એક ૩૪ વર્ષની મહિલા વહેલી સવારે મહુડા વિણતી હતી. ત્યારે અચાનક આવેલા દીપડાએ મહિલા પર હુમલો કરી ૩૦૦ મીટર સુધી ઘસડી જઈ ફાડી ખાતા મહિલાનું કરૂણ મોત નિપજ્યું હતું.

કણાદર ગામના ૩૪ વર્ષીય કાંતાબેન રમણભાઈ ડામોર મંગળવારે વહેલી સવારે સુર્યોદય પહેલાં મહુડાના ઝાડ નીચે જઈને ફૂલ વિણતા હતા. દરમિયાન આસપાસમાં શિકાર શોધી રહેલ દીપડાએ અચાનક આવીને કાંતાબેન ડામોર પર જીવલેણ હુમલો કર્યો હતો. જો કે, કાંતાબેને દીપડાથી બચવા માટે અનેક હવાતિયા માર્યા હતા. પરંતુ દીપડાએ કાંતાબેનને ૩૦૦ મીટર દૂર સુધી ખેંચી જઈને લોહીલુહાણ કરી ફાડી ખાધા હતા. બીજી તરફ આ અંગે કણાદર ગામમાં ખબર પડતા પંચાયતના સત્તાવાળાઓએ તરત જ વિજયનગર પોલીસ અને વન વિભાગને જાણ કરી હતી, જેથી વન વિભાગે તથા પોલીસે આવીને સ્થળ નિરીક્ષણ કર્યા બાદ મૃતક કાંતાબેનને તપાસ માટે લઈ જવાની વ્યવસ્થા કરી હતી. ગ્રામજનોના જણાવાયા મુજબ આ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી જંગલમાં ફરતો દીપડો રહેણાંક વિસ્તારમાં ચઢી આવતો હોવાને કારણે તેને પકડી આ વિસ્તારના લોકોને સુરક્ષિત કરવા જોઈએ. જે સંદર્ભે વન વિભાગે દીપડાના અવર-જવરવાળા વિસ્તારની રેકી કરીને પાંજરૂ મૂકવાની તજવીજ હાથ ધરી છે.

# રશિયામાં સુરતના મેડિકલના ૨૦ વિદ્યાર્થીઓ અટવાયા

(સંવાદદાતા દ્વારા) સુરત,તા.૨૮

કોવિડ-૧૯ની ઈફેક્ટ સમગ્ર દુનિયામાં ઘાતક બની રહી છે ત્યારે દરેક વ્યક્તિ પોતાના ઘરમાં જ સુરક્ષિત અનુભવી રહ્યો છે. પરંતુ કેટલાંક એવા લોકો પણ છે. જે કામકાજ અર્થે કે અભ્યાસ માટે હજી વિદેશમાં ફસાયા હોય. ઈન્ટરનેશનલ ફ્લાઈટ બંધ થવાના લીધે આ સ્થિતિ સર્જાઈ છે. રશિયા એમ.બી.બી.એસ. માટે અભ્યાસ કરવા ગયેલાં સુરતના અંદાજે ૨૦ જેટલાં વિદ્યાર્થીઓ રશિયામાં ફસાયા છે. તમામને હાલ મેડિકલ કોલેજની હોસ્ટેલમાં રોકાવાની ફરજ પડી છે. સ્થાનિક પ્રશાસન મદદ તો કરી રહ્યુ છે પરંતુ વિદ્યાર્થીઓએ ઘર પરત ફરવા ઈચ્છી રહ્યા છે.

સુરતના સીંગણપોર ખાતે રહેતા પંકજ સોલંકીનો પુત્ર દેવાંગ હાલ રશિયા પમ્પકેટ યુનિટવર્સિટીમાં છે. આ અંગે પંકજ પરમારે કહ્યુ કે મારો પુત્ર ગત વર્ષથી એમબીબીએસ કરવા માટે રશિયા ગયો છે. ત્યાં સુરતના ૨૦થી વધુ વિદ્યાર્થીઓ છે. તેઓને સુરત આવવું છે. પરંતુ હાલ કોઈ ફ્લાઈટ ન હોવાથી તેઓ અટવાયા છે. ચિંતા એટલાં માટે થઈ રહી છે કેમકે રશિયામાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. હાલ આંકડો ૮૦ હજારની પાર થઈ ગયો છે. દેશના પીએમ નરેન્દ્ર મોદી, રાજયના સીએમ વિજય રૂપાણી આ મામલે કંઇ કરે એવી અમે અપેક્ષા રાખી રહ્યા છીએ.

# ખંભાતમાં વધુ એક કોરોના પોઝિટિવ કેસ કોરોના મુક્ત થયેલા નવને વિદાય અપાઈ

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૨૮

ખંભાત શહેરમાં કડીયાપોળ વિસ્તારમાં રહેતા નીરૂબેન રાણા (ઉ.વ.૬૫)નો કોરોનાં પોઝિટિવ રિપોર્ટ આવતા તેઓને કોરોનાં સારવાર માટે કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, તે સાથે જિલ્લામાં કોરોનાં પાઝિટિવ દર્દીઓની સંખ્યા ૬૫ પર પહોંચી છે. જયારે ખંભાત શહેરમાં કોરોનાં પાઝિટિવ દર્દીઓની સંખ્યા ૪૮ પર પહોંચી છે. જયારે કોરોનાં સામેનાં યુદ્ધમાં કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થયેલા ૨૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

આણંદની જનરલ હોસ્પિટલમાં કોરોનાની સારવાર લઈ રહેલા ખંભાતનાં રવિ મોતીલાલ પટવાર(ઉ.વ.૩૩ વર્ષ), ત્રીસાબેન બી.રાણા (ઉ.વ.૫), ધર્મિષ્ઠાબેન રાણા(ઉ.વ.૩૭ ), રાકેશ સી રાણા(ઉ.વ.૪૪), ગીતાબેન કે રાણા, પાયલ બી.રાણા(ઉ.વ.૩૧), કેતનભાઈ રાણા (ઉ.વ.૩૫), જશુબેન રાણા (ઉ.વ.૮૩) અને


(તસ્વીરઃ બુરહાન પઠાણ, આણંદ)

હાડગુડ ગામનાં પ્રથમ કોરોનાં પાઝિટિવ દર્દી સાહીદખાન પઠાણ(ઉ.વ.૪૫) કોરોના સામેનાં યુદ્ધમાં કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થતા તેમજ તેઓનાં છેલ્લા ત્રણ રીપોર્ટ નેગટિવ આવતા તેઓને આજે હોસ્પિટલમાંથી તબીબો અને નર્સ સ્ટાફ અને કલેકટર આર જી ગોહીલ, જિલ્લા વિકાસ અધિકારી આશિષકુમાર અને પોલીસ અધિક્ષક અજીત રાજયાણએ તાળીઓનાં ગડગડાટ સાથે અભિવાદન કરી તેઓને હોસ્પિટલમાંથી વિદાય આપી હતી.

કલેકટર આર જી ગોહિલએ જણાવ્યું હતું કે, આજે કોરોનાંથી મુકત થઈ સ્વસ્થ થઈ તમે વિદાય લઈ રહ્યા છો ત્યારે ડૉકટરોએ આપેલી સુચનાઓનું પાલન કરજો, લોકો સાથે હળવા મળવાથી દુર રહેજો અને લોકોને પણ લોકડાઉનનું કડક પાલન કરવા સમજાવજો તેમજ પૌષ્ટીક આહાર લેવા અનુરોધ કર્યો હતો.

હાડગુડનાં પ્રથમ કોરોનાં પોઝિટિવ સાહીદખાન પઠાણ આજે સ્વસ્થ થઈ હોસ્પિટલમાંથી વિદાય લઈ હાડગુડ ગામે તેઓનાં ઘરે પહોંચતા ગ્રામજનો દ્વારા પણ તાળીઓનાં ગડગડાટ સાથે તેઓનું સ્વાગત કર્યું હતું.

# દાહોદ જિલ્લાના દવાખાનાઓમાં દોઢ માસમાં ૪૫૮૧ બાળકોનો જન્મ

દાહોદ, તા.૨૮

લોકડાઉનથી માનવીય સંચાર થંભી ગયો છે, જનજીવન કંઇ થંભી નથી ગયું. પ્રકૃત્તિનું ચક્ર તો નિરંતર ફર્યા કરે છે. કોરોનાના સંક્રમણને રોકવા માટે લાગુ કરવામાં આવેલા લોકડાઉનના પરિણામ સ્વરૂપ પ્રકૃત્તિમાં કેટલાક સકારાત્મક પરિવર્તન આવ્યા છે. દાહોદ જિલ્લામાં આ પરિવર્તનના સહભાગી બનવા છેલ્લા દોઢ જ માસમાં ૪૫૮૧ નવજાત બાળકો અવતર્યા છે. લોકડાઉનની અથાક કામગીરી વચ્ચે દાહોદ જિલ્લાના આરોગ્ય તંત્રએ ૪૫૮૧ બાળકોની સંસ્થાકીય પ્રસુતિ કરાવી છે. આ બાળકો ભાગ્યશાળી છે કે, તેઓ જન્મતાની સાથે જ લોકડાઉન વચ્ચે એકદમ શુદ્ધ હવા શ્વાસમાં લઈ રહ્યા છે.

જયારથી કોરોનાની આપત્તિ આપણી માથે આવી પડી છે, ત્યારથી આરોગ્ય સેનાનીઓ અથાક મહેનત કરી લોકોના આરોગ્યની હિફાજત કરી રહ્યા છે. દાહોદ જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણને પગલે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લાના તમામ નાગરિકોનું ઘનિષ્ઠ આરોગ્યલક્ષી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે. આરોગ્ય તપાસણીનો એક રાઉન્ડ પૂર્ણ થઈ ગયો છે. જેમાં ૨૫,૦૧,૬૪૩ લોકોને આવરી લેવાયા હતા. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.ડી. પહાડિયાએ જણાવ્યું કે છેલ્લા દોઢ માસની સ્થિતિ જોઈએ તો ગરબાડા તાલુકામાં ૪૮૩, ઝાલોદ તાલુકામાં ૮૯૩, દાહોદ તાલુકામાં ૯૮૪, દેવગઢ બારિયા તાલુકામાં ૫૫૭, ધાનપુર તાલુકામાં ૩૫૩, ફતેપુરા તાલુકામાં ૪૮૭, લીમખેડા તાલુકામાં ૩૬૬, સિંગવડ તાલુકામાં ૨૪૩ અને સંજેલી તાલુકામાં ૨૧૫ બાળકોનો જન્મ થયો છે.

કચ્છના પ્રથમ પોઝિટિવ દર્દીને રજા અપાઈ

# આશાલડીના રહીમાબાઈએ કોરોનાને હરાવ્યો મુખ્યમંત્રીએ ફોન પર શુભેચ્છા પાઠવી

(સંવાદદાતા દ્વારા) ભૂજ,તા.૨૮

કચ્છમાં કોરોના પોઝિટિવ તરીકે સૌ પ્રથમ દર્દી તરીકે દાખલ કરાયેલા લખપત તાલુકાના આશાલડી ગામના રહીમાબાઈ જત નામના મહિલા દર્દીનો ત્રીજો રિપોર્ટ પણ નેગેટિવ આવતા તા.૨૮/૪ના રોજ તેમને ભૂજની હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ તબક્કે રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તબીબના મોબાઈલ વડે દર્દી રહીમાબાઈ સાથે વાત કરી તેમને શુભેચ્છા આપી હતી અને તેઓ જ્યારે કચ્છ આવશે ત્યારે રહીમાબાઈને રૂબરૂ મળશે તેવો સધિયારો આપ્યો હતો.


(તસવીર :- રમેશ આહીર, ભૂજ)

## ભૂજઃ હોટલ-લોજ સંચાલકોની પાર્સલ સુવિધા શરૂ કરવાની મંજૂરી આપવા માંગ

ભૂજ, તા.૨૮

કોરોના વાયરસની મહામારીમાં લોકડાઉનની સ્થિતિમાં સરકારી વિભાગોમાં ફરજ બજાવતાં કર્મચારીઓ ઉપરાંત ભૂજ-માધાપર વિસ્તારમાં કુટુંબથી દૂર રહીને નોકરી માટે એકલા રહેતા લોકોને જમવાની વ્યવસ્થા રહે તે માટે હોટલ-લોજ સંચાલકોને ભોજનની પાર્સલ સુવિધા શરૂ કરવા મંજૂરી આપવાની માંગ થઈ છે.

ભૂજ-માધાપર હાઈવે ઉપર મોરલીધર ભોજ સંચાલક શામજીભાઈ આહીર, કિસાન લોજ સંચાલક વેલજીભાઈ આહીર વગેરેએ તંત્ર સમક્ષ આ માંગ કરી છે. તેમણે કરેલી માંગ અનુસાર વાહન વ્યવહારને પણ મંજૂરી છે ત્યારે વાહન ચાલક અને કંડકટરને પણ વ્યવસ્થા મળે તે માટે શરતી મંજૂરી મળે તે જરૂરી છે.

# જામનગરમાં ફસાયેલા વિદેશી નાગરિકોને અમદાવાદ રવાના કરાયા

(સંવાદદાતા દ્વારા) જામનગર, તા.૨૮

જામનગર સહિત આજુબાજુના વિસ્તારોમાં લંડન તેમજ ત્યાંથી અન્ય દેશોમાંથી આવેલા ૧૮ જેટલા લોકોને આજે જામનગરથી અમદાવાદ રવાના કરી દેવાયા છે અને ત્યાંથી બ્રિટીશ સરકારે મોકલેલા ખાસ વિમાનમાં આ તમામને લંડન જવા દેવામાં આવશે, જામનગરથી આજે બપોરે એક બસમાં આ તમામ લોકોને અમદાવાદ લઇ જવાયા હતા. લંડન અને આજુબાજુના દેશના કેટલાક મુસાફરો લોકડાઉન પહેલાં જામનગર આવ્યા હતા અને હાલારમાં ફસાઇ ગયા હતા, ત્યારબાદ ભારત સરકાર અને બ્રિટીશ સરકારને વિનંતી કરીને ત્યાં પાછા જવા માટે મંજૂરી આપવા જણાવ્યું હતું, બન્ને સરકારોના વિદેશ ખાતા દ્વારા વાતચીત થયા બાદ આ લોકોને વિદેશ જવા મંજૂરી આપવામાં આવી છે. આજે જામનગરથી જીજે-૧૮-એઝેડ-૮૪૦૭ નંબરની બસમાં ૧૮ લોકોને અમદાવાદ લઇ જવામાં આવ્યા છે. જાણવા મળતી વિગત મુજબ બ્રિટીશ સરકારે એક ખાસ પ્લેન અમદાવાદ મોકલ્યું છે અને આ પ્લેનમાં જામનગર ફસાયેલા લોકોને લંડન લઇ જવામાં આવનાર હોવાનું બહાર આવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી ભારત સરકારે વિદેશ જતી તમામ ફલાઇટો બંધ કરવા હુકમ કર્યો છે અને જે ફલાઇટને ભારત આવવું હોય, જે તે દેશની સરકાર મંજૂરી આપે બાદ જ ફલાઇટને ભારત આવવા દેવામાં આવે છે, ત્યારે બ્રિટનથી જામનગર આવેલા જે ૧૮ લોકો ફસાયા હતા, તેમને આજે પોતાના વતન જવા મંજૂરી મળી ગઇ છે. ફલાઇટમાં પણ આ તમામને ટિકિટ ફાળવીને નંબર આપી દેવામાં આવ્યા છે અને ૨૯ એપ્રિલના રોજ આ ફલાઇટ ઉપડશે તેમ જાણવા મળે છે.

# નડિયાદમાં કોરોના પોઝિટિવ છ દર્દીના સંપર્કમાં આવેલા ૪૪ જણાના રિપોર્ટ નેગેટિવ

નડિયાદ,તા.૨૮

નડિયાદમાં જોતજોતામાં કોરોના પોઝિટિવ છ કેસ નોંધાઈ ગયા છે. જો કે એમાથી એકને રજા આપી દીધી છે એટલે હવે પાંચ દર્દી દાખલ છે અને તેઓ પણ સ્ટેબલ છે બીજી બાજુ આ છ અને છ દર્દીના હાઈરીસ્ક કોન્ટેક્ટવાળા કુલ ૪૪ના સેમ્પલ લીધા હતા. તે તમામ નેગેટિવ આવેલ છે. એકપણ રીજલ્ટ પોઝિટિવ નથી.

નડિયાદમાં નેહરૂનગર, આશિય સોસાયટી, રામદાનગર અને નવદુર્ગા સોસાયટીમાં મળી કુલ છ દર્દીઓને કોરોના પોઝિટિવ જણાઈ આવ્યું હતું. જેથી તંત્ર દોડતું થયું હતું અને આ તમામ દર્દીઓના હાઈરીસ્ક કોન્ટેક્ટમાં આવેલા લોકલના લેબોરેટરી ખાતે નમુના લેવા શરૂ કર્યા હતા આવા જ નમુના લેબોરેટરીમાં મોકલ્યા હતા. જે તમામ નેગેટિવ જોવા મળે છે. હવે કોઈ રિપોર્ટ પેન્ડિંગ નથી એટલે આ લોકોમાં સંક્રમણ આવનારના લીધેલા નમુનામા હવે કોઈ કેસ બનશે નહીં તેવું કહી શકાય.

નડિયાદના છ જણાના પોઝિટિવ આવતા તેમને દાખલ કર્યા છે. પ્રથમ કેસ જે મહિલાને પોઝિટિવ થયું તેમ ત્રણ દિવસ અગાઉ રજા મળી ગઈ છે. બાકીના પછી સ્ટેબલ છે.

તંત્ર દ્વારા રેપિડ એન્ટીબોડી ટેસ્ટ પણ કરવામાં આવે છે. અત્યારસુધીમાં ૧૮૧માંથી તમામ નેગેટિવ આવ્યા છે. તેમાં કોઈ દર્દી ન દેખાતા તેવું કોઈ ઈચ્છી રહ્યા છે.

# જૂનાગઢમાં બે સાધુઓનો ભોગ લેનાર દીપડાને આજીવન કેદમાં રખાશે

જૂનાગઢ,તા.૨૮

જૂનાગઢ શહેર નજીક આવેલ ભવનાથ વિસ્તારમાં દિપડાની રંજાડ વધી હતી અને આદમખોર બની ગયેલા દિપડાએ વધુ એક સાધુ ઉપર હુમલો કરવાના બનાવને પગલે ભય વ્યાપી ગયો હતો. આ દરમ્યાન વન વિભાગ દ્વારા આ દિપડાને પાંજરે પુરવા જહેમત ઉઠાવ્યા બાદ આખરે દિપડાને પાંજરે પુરવામાં આવેલ છે. તા.૨૫/૪/૨૦ના રોજ સવારે ભવનાથ તળેટીમાં ડોમની પાછળના ભાગે સાધુ ઓમકારગીરી મહારાજ (ઉ.વ.૫૨)નો મૃતદેહ મળી આવતાં નાયબ વન સંરક્ષક, જૂનાગઢ ડો.એસ.કે. બેરવાલ અને મદદનીશ વન સંરક્ષક જે.આર. પટેલના માર્ગદર્શન હેઠળ ડુંગર દક્ષિણ રેન્જના પરીક્ષેત્ર વન અધિકારી, ભગીરથસિંહ ઝાલા, ડો.અપારનાથી, ભવનાથ રાઉન્ડના વનપાલ યુ.જે. ડાકીએ વિસ્તારની સઘન તપાસ અને વૈજ્ઞાનિક પૃથ્થકરણ કરતાં દિપડાને પકડવાની કામગીરી હાથ ધરી ૩ ટીમોએ અથાગ પ્રાયાસોથી તા.૨૫/૪/૨૦ના રોજ સાંજે શંકાસ્પદ દિપડાને પકડવામાં સફળતા મળી હતી અને દિપડા સ્કેટ-સેમ્પલ મેળવી લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

આ દિપડાની બંને માનવ હુમલામાં ખરાઈ કરી લેવામાં આવેલ છે. પકડાયેલ દિપડા (ઉ.વ.અંદાજે ૭ વર્ષ)ને આજીવન છોડવામાં આવશે નહીં અને તેને સક્કરબાગ ઝુ ખાતે મોકલવામાં આવશે. જેથી ભવિષ્યમા આ દિપડા દ્વારા કોઈ દુર્ઘટના નહીં થાય તેમ નાયબ વન સંરક્ષક જૂનાગઢની યાદીમાં જણાવેલ છે.

# વેરાવળ પોલીસની ઉમદા કામગીરી વૃદ્ધ વિધવાની મદદ કરી

(સંવાદદાતા દ્વારા) વેરાવળ, તા.૨૮

ગીર-સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે મફતિયાપરા વિસ્તારમાં રહેતા સવિતાબેન નામના વૃદ્ધ મહિલા બે-ત્રણ દિવસથી પોલીસ ચેકપોસ્ટ પાસે આવેલ પોસ્ટ ઓફિસ પાસે આવીને જતા રહેતા હોય જે અચાનક બાજુમાં રહેલ પોલીસ ચેકપોસ્ટના જવાનોને ધ્યાને આવતા આ વૃદ્ધ મહિલાને આ બાબતે પૂછપરછ કરતા તેઓએ જણાવ્યું કે, હું વિધવા છું અને એકલી રહું છું અને મારે પેન્શનના પૈસા લેવાના હોય અને મારી પાસબુક પોસ્ટ ઓફિસમાં મે જમા રાખેલ હોય અને મારે પૈસાની જરૂર હોય અને આ પોસ્ટ ઓફિસ બંધ હોય જે ખુલ્લી છે કે નહી, તે જોવા માટે બે-ત્રણ દિવસથી આવું છું તેમ કહેતા ફરજ પરના પોલીસ દ્વારા પોસ્ટ ઓફિસની મુખ્ય શાખા ખાતે જઇ આ વૃદ્ધની પાસબુકની તપાસ કરાવી વૃદ્ધ મહિલાને તેઓના ઘરેથી સરકારી વાહન મારફતે પોસ્ટ ઓફિસ સુધી પોલીસ દ્વારા લઇ જઇ તેઓને મળતી સહાયના પૈસા પોસ્ટ દ્વારા અપાવી અને તેમની ઘરની પરિસ્થિતિ જોતા પોલીસ દ્વારા તેઓની જરૂરિયાત મુજબની રાશન કીટની પણ વ્યવસ્થા કરી માનવિય અભિગમ દાખવવામાં આવેલ છે.



# છોટાઉદેપુર જિલ્લામાં વધુ બે કોરોના દર્દીને હોસ્પિટલમાંથી રજા અપાઈ

છોટાઉદેપુર, તા.૨૮

છોટાઉદેપુર જિલ્લા માંટે મોટી રાહતના સમાચાર છે કે, છેલ્લા ત્રણ દિવસમાં ૭૬ વ્યક્તિઓના સેમ્પલ ટેસ્ટીંગ માટે લેવામાં આવ્યા હતા. જે પૈકી તમામ ૭૬ સેમ્પલનું રિઝલ્ટ નેગેટીવ આવ્યું છે.

છોટાઉદેપુર જિલ્લામાં જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કોરોના વાયરસને નિયંત્રિત કરવા માટે કરવામાં આવી રહેલી કામગીરીમાં સફળતા મળતી દેખાઇ રહી છે. છેલ્લા ત્રણ દિવસમાં એક પણ કેસ પોઝિટિવ આવ્યો નથી. છેલ્લા ત્રણ દિવસમાં છોટાઉદેપુર જિલ્લામાંથી ૭૬ સેમ્પલ ટેસ્ટ માટે લેવામાં આવ્યા હતા. આ તમામ ૭૬ સેમ્પલનું રિઝલ્ટ નેગેટીવ આવ્યા હતા.



છોટાઉદેપુર જિલ્લાના બોડેલીના બે કોરોના વાયરસના દર્દી હન્નાબેન ખત્રી અને અહેમદભાઇ ખત્રીને સાજા થતાં તેમને ડિસ્ટ્રીકટ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. હવે છોટાઉદેપુર જિલ્લામાં ૯ દર્દીઓ સારવાર હેઠળ હોવાનું તથા ૫ દર્દીઓ કરોના મુકત થતાં હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હોવાનું જિલ્લા કલેકટર સુજલ મયાત્રા તરફથી જણાવાયું છે.

# વડગામમાં બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૫૦ યુનિટ બ્લડ એક્ટિવ કરાયું

(સંવાદદાતા દ્વારા) છાપી,તા.૨૮

વિશ્વમાં કોરોના વાયરસનો કહેર વર્તાવ્યો છે. ત્યારે ગરીબ લોકોના વહારે ઘણી સામાજિક સેવા કરતી સંસ્થાઓ આગળ આવી છે ત્યારે વડગામ ગ્રામ પંચાયતના યુવા સરપંચ ભગવાન સિંહ સોલંકી અને તેમની ટિમ દ્વારા થેલેસિમિયા અને કેન્સર ગ્રસ્ત દર્દીઓના વહારે આવી વડગામ તેમજ મેમદપુરના યુવાનોને ભેગા કરી રક્તદાન કેમ્પનું આયોજન હાથ ધર્યું હતું. યોજાયેલ રક્તદાન શિબિરમાં યુવાનો દ્વારા ૧૫૦ યુનિટ રક્ત એકત્રિત કર્યું હતું. યુવાનો એ રક્તદાન કરી રક્તદાનએ મહાદાનનું સૂત્ર સાર્થક કરતા પંથકમાં માનવતા મહેકી ઊઠી હતી. સખત ગરમીના કારણે હાલમાં થેલેસિમિયા અને કેન્સર ગ્રસ્ત દર્દીઓનો બ્લડ મેળવવા મોટી મુશ્કેલીનો સામનો કરવો પડી રહેલ છે. જેથી આવા દર્દીઓને તાત્કાલિક બ્લડ મળી રહે તે હેતું આ બ્લડ ડોનેશન કેમ્પનું સફળ આયોજન વડગામ યુવા સરપંચ ભગવાન સિંહ સોલંકી, ડી.વી. સોલંકી જિલ્લા યુવા ભાજપ મંત્રી અને મેમદપુરના અશ્વિન સિંહ રાજપૂત અને ઉત્સાહી ટિમ દ્વારા કરવામાં આવ્યું હતું.



## છોટાઉદેપુરના ફેરકુવા પાસેની આંતરરાજ્ય સરહદ સીલ કરાઈ



છોટાઉદેપુર કોરોના મહામારીને અનુલક્ષીને ચાલી રહેલા લોકડાઉન દરમિયાન છોટાઉદેપુર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તકેદારીના ભાગરૂપે જિલ્લાની મધ્યપ્રદેશને અડીને આવેલી સરહદ સીલ કરવામાં આવી છે. ફેરકુવા પાસે ચેકપોસ્ટ પર રાતદિવસ ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

કોર્પોરેટરો તથા રહીશો દ્વારા

# પ્રાંતિજ ખાતે સફાઈ કામદારોનું વોર્ડ નં.૪માં સન્માન કરાયું

(સંવાદદાતા દ્વારા) પ્રાંતિજ, તા.૨૮

પ્રાંતિજ ખાતે નગરપાલિકાના સફાઇ કામદારોનું વોર્ડ નંબર ચારના રહીશો તથા તે જ વોર્ડના કોર્પોરેટરો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.



હાલ કોરોના જેવી મહામારીમાં પણ પ્રાંતિજને સ્વચ્છ રાખવામાં આવી રહ્યું છે. પ્રાંતિજ વોર્ડ નંબર-ચારના રહીશો તથા વોર્ડના નગરપાલિકાના સદસ્યો દ્વારા સફાઇ કામદારોનું સ્વાગત કરી ફુલછડી આપી તેઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમની સફાઈ કામગીરીને બિરદાવી હતી. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઇ બ્રહ્મભટ્ટ, પાલિકાના મહિલા કોર્પોરેટર ગીતાબેન બીપીનભાઇ સોની, કોર્પોરેટર રાજેશભાઇ રતિભાઇ ટેકવાણી, નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા દિપ્તીબેન હાર્દિકભાઇ બ્રહ્મભટ્ટ સહિત વોર્ડ નંબર ચારના આગેવાન જમનાદાસભાઇ નરસિધાણી, વેપારી ધર્માભાઇ સોની, પીયુષ ભાઇ શાહ, બીપીનભાઇ સોની ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપરાંત નગરપાલિકાની આરોગ્ય સમિતિના ચેરમેન અને કોર્પોરેટર મહેબુબભાઇ બલોચ દ્વારા પણ સફાઈ કામદારોનુ સન્માન કરવામાં આવ્યું હતું. હાલ નગરપાલિકામાં સેનેટરી વિભાગના પ્રિયાંકભાઇ પટેલની આગેવાની હેઠળ આરોગ્ય વિભાગ સુંદર કામગીરી કરી રહી છે.

ગ્રામજનોમાં ખુશીની લહેર

# બોડેલીમાં કોરોનાને હરાવી પરત ફરેલું દંપતી બાળકોને જોઈ રડી પડ્યું

(સંવાદદાતા દ્વારા) બોડેલી,તા.૨૮

બોડેલીમાં કોરોના પોઝિટિવ દંપતી ૧૪ દિવસની સારવાર બાદ સાજા થઈ ઘરે બન્ને પતિ પત્ની સાથે ઘરે આવતા બોડેલીમાં કુલ ૬ કોરોના પોઝિટિવ દર્દીમાંથી ૫ વ્યક્તિ સાજા થઈ ઘરે પરત આવતા ગ્રામજનોમાં ખુશી વ્યાપી છે.



દંપતી પોતાના બે બાળકો એક દોઢ વર્ષ અને બીજો ૪ વર્ષ બાળકને તેના દાદા અને કાકી પાસે ઘરે મૂકી છોટાઉદેપુર સારવાર અર્થે ૧૫ દિવસ દાખલ કરવામાં આવ્યા હતા અને એહમદ ભાઈ ફેસિલિટી ક્વોરન્ટાઈનમાં હતા ત્યારે તેઓની માતાનું માંદગીને લઈ નિધન થતા તેઓ અંતિમ વિધિમાં આવી શક્યા ન હતા. આજે દંપતી સાજું થઈ ઘરે પરત આવ્યું હતું અને દંપતી પોતાના નાના બાળકો જોઈ અને માતાને યાદ કરી રડી પડ્યા હતા.

વડોદરા ગોત્રી હોસ્પિટલમાં બે વર્ષની પોતાની બાળકીની સારસંભાળ માટે રોકાયેલ માતાને પણ દવાખાનામાં સંક્રમણમાં આવતા માતાને પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. જ્યારે બે વર્ષની બાળકી સાજી થઈ ઘરે આવી ગઈ છે ત્યારે હાલમાં માતાની સારવાર વડોદરા ખાતે ચાલી રહી છે.

## ડીસા તાલુકા ભાજપ દ્વારા પ્રધાનમંત્રી રાહતફંડમાં રૂા.૨.૩૧ લાખનો ફાળો



ડીસા તાલુકા ભાજપ દ્વારા એકત્ર કરવામાં આવેલ ૨,૩૧,૬૩૦ રૂપિયાનો ડિમાન્ડ ડ્રાફ્ટ ડીસા તાલુકા ભાજપ પ્રમુખ લેબજી ઠાકોર, મહામંત્રી રમેશભાઇ દેસાઇ, મહામંત્રી બાબરસિંહ વાઘેલા, જિલ્લા પંચાયત સદસ્ય ડૉ. રાજાભાઇ પટેલ અને જિલ્લા યુવા ભાજપ મહામંત્રી પ્રકાશજી ઠાકોરની ઉપસ્થિતિમાં પાલનપુર ખાતે જિલ્લા કલેક્ટર દિલીપ સાંગલેને પ્રધાનમંત્રી રાહત ફંડમાં સુપ્રત કરવામાં આવ્યો હતો.

(તસવીર :- જમીલ મેમણ, ડીસા)

# ઈઝરાયેલ નવા મંત્રીમંડળમાં લઘુમતીઓ માટે અરબ પ્રધાનની નિમણૂક કરશે : અહેવાલ

(એજન્સી)
તેલ અવિવ, તા.૨૮
ઈઝરાયેલમાં આખરે એકતા સરકાર બન્યા બાદ હવે નવા મંત્રીમંડળમાં કોનો-કોનો સમાવેશ કરવો તે અંગે વિચારણા ચાલી રહી છે. એવામાં સ્થાનિક મીડિયાના અહેવાલોમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે, વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુની આગામી ઈઝરાયેલી સરકારમાં બ્લુ એન્ડ વ્હાઈટ પાર્ટીના પ્રધાનમંડળના ભાગ રૂપે લઘુમતીઓને લગતી બાબતો માટે અરબ પ્રધાનની નિમણૂક કરવામાં આવશે.



પ્રસ્તુત તસવીર ગત ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ જેરૂસલેમમાં આવેલા રાષ્ટ્રપતિના નિવાસ સ્થાન ખાતે લેવામાં આવી હતી, કે જ્યાં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને તેમના હરીફ બેન્ની ગેન્ટ્ઝે રાષ્ટ્રપતિ રેઉવેન રિવલિન સાથે મુલાકાત કરી હતી.

ઈઝરાયેલી ચેનલ ૧૨ દ્વારા આપવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, બ્લુ એન્ડ વ્હાઈટ (કહોલલાવન) પાર્ટી અને લેબર પાર્ટી વચ્ચે લઘુમતીઓને લગતી બાબતો માટે અરબ પ્રધાનની નિમણૂક કરવા અંગે સમજૂતી થઈ છે. જેનો નેતન્યાહૂ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે.

તેલ અવિવ યુનિવર્સિટીમાં આવેલ મોશે દયાન સેન્ટર ફોર મિડલ ઈસ્ટર્ન એન્ડ આફ્રિકન સ્ટડીઝમાં કાર્યરત પેલેસ્ટીની સ્ટડીઝ ફોરમના વડા, માઈકલ મિલ્સ્ટેઈને કહ્યું કે, "ઈઝરાયેલમાં ચૂંટણીને કારણે તાજેતરમાં ઊભી થયેલી અનિચ્છનીય રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી સરકારમાં અરબ પ્રધાનની નિમણૂક કરવાની જરૂર છે."

મિલ્સ્ટેઈને એવી ચેતવણી પણ આપી હતી કે, જો નવા મંત્રીમંડળમાં લઘુમતીઓ માટે કોઈ અરબ પ્રધાનની નિમણૂંક કરવામાં નહીં આવે તો અરબીઓ અને યહૂદીઓ વચ્ચેના સંબંધોમાં ટૂંક સમયમાં જ તણાવ પેદા થઈ શકે છે અને આ જ કારણોસર તેમની વચ્ચે ઘર્ષણ પણ ઊભું થઈ શકે છે.

# કુવૈતી પ્રધાનમંડળે ભારતમાં મુસ્લિમો પર હુમલાને વખોડતું નિવેદન જારી કર્યું

## કુવૈત કેબિનેટે ભારતમાં મુસ્લિમો સામે થઈ રહેલા વંશીય હુમલા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી, ભારતમાં લઘુમતીઓ પર કોમવાદી હુમલા અને હેટ સ્પીચને વખોડવાની કુવૈતી પ્રધાનમંડળે વિશ્વ સમુદાયને હાકલ કરી



(એજન્સી) કુવૈત, તા.૨૮
કુવૈતના પ્રધાનમંડળે ભારતમાં મુસ્લિમ લઘુમતી પરના હુમલાનો વખોડતું એક અખબારી નિવેદન રવિવારે જારી કર્યું હતું. કુવૈતના વિદેશ પ્રધાન શેખ નાસર અલ-મોહમ્મદ અલ-સબાહને સંબોધીને કુવૈતના પ્રધાન મંડળ દ્વારા પાઠવવામાં આવેલા પત્રમાં દેશમાં ઈસ્લામોફોબિયાના તાજેતરના ફેલાવા અને તેને પહોંચી વળવા માટે પગલાં ભરવા વિશે જાણ કરવાની તેમને અરજ કરવામાં આવી છે. કુવૈત કેબિનેટે ભારતમાં મુસ્લિમો સામે થઈ રહેલા વંશીય હુમલા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ભારતમાં મુસ્લિમોના લોહી વહેતા અટકાવવા અને મુસ્લિમોના અધિકારો જાળવી રાખવા માટે આ પ્રકારના હુમલા અટકાવવા માટે તાકીદે અને જરૂરી પગલાં ભરવા ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો-ઓપરેશન સહિત ભારતમાં લઘુમતીઓ પર કોમવાદી હુમલા અને આવી હેટ સ્પીચને વખોડવાની કુવૈતી પ્રધાનમંડળે વિશ્વ સમુદાયને હાકલ કરી છે. દુબઈ સ્થિત ભારતીય સૌરભ ઉપાધ્યાયે અરબ સોશિયલ મીડિયા પર મુસ્લિમ વિરોધી ટિપ્પણીઓ કરતા વિવાદ સર્જાયો છે. સૌરભ ઉપાધ્યાયે તો તબ્લિગી જમાતને બચાવવાના ઉપાયો શોધવાનું બંધ કરવાનું મુસ્લિમોને કહ્યું હતું. પોતાના સોશિયલ મીડિયા પોસ્ટમાં સૌરભ ઉપાધ્યાયે તબ્લિગી જમાતના સભ્યોને ત્રાસવાદી પણ ગણાવ્યા અને તેમને મોતની સજા કરવાની પણ હાકલ કરી છે.

# ઈઝરાયેલી વિસ્તરણ એ ટ્રમ્પની શરમજનક ડીલ ઓફ ધ સેન્ચુરીનું પરિણામ છે : ઈરાન

(એજન્સી)
તેલ અવિવ, તા.૨૮
આંતરરાષ્ટ્રીય કાયદાનું સ્પષ્ટપણે ઉલ્લંઘન કરતી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની "અપમાનજનક" ડીલ ઓફ ધ સેન્ચુરી દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલા પગલાંઓના ભાગરૂપે કબજે કરાયેલા વેસ્ટ બેંકના ભાગોને ઈઝરાયેલ સાથે જોડવાના તેમજ ગેરકાયદેસર વસાહતોનું વિસ્તરણ કરવાના ઈઝરાયેલના તાજેતરના પ્રયાસોની ઈરાન દ્વારા નિંદા કરવામાં આવી છે.



**ગેરકાયદેસર વસાહતોનું વિસ્તરણ કરવા અને તેમાં રહેતા વસાહતીઓ માટે રસ્તો બનાવવા ઈઝરાયેલે પેલેસ્ટીનીઓના ઘરોને તોડી પાડ્યા હોવાનું ઉપરોક્ત તસવીરમાં જોઈ શકાય છે.**

ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા સૈયદ અબ્બાસ મૌસાવીએ જણાવ્યું હતું કે, "ઝાયોનિસ્ટ શાસન દ્વારા વસાહતોનું વિસ્તરણ કરવા માટે અને વર્ષ ૧૯૪૮માં કબજે કરાયેલા પ્રદેશમાં આવેલા વેસ્ટ બેંકના ભાગોને હડપી લેવા માટે તાજેતરમાં જે પગલાઓ લેવામાં આવી રહ્યાં છે, તે આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરનારા છે." તેમણે ઉમેર્યુ હતું કે, "ઈઝરાયેલ દ્વારા કરવામાં આવી રહેલ વિસ્તરણ એ ટ્રમ્પની શરમજનક ડીલ ઓફ ધ સેન્ચુરીનું પરિણામ છે."

મૌસાવીએ ચેતવણી આપી હતી કે, ઈઝરાઈલની કબજો કરવાની નીતિ અને વસાહતોનું વિસ્તરણ કરનારી યોજનાઓ આ પ્રદેશની શાંતિ અને સલામતીને જોખમમાં મૂકશે. આ સાથે જ તેમણે સંયુક્ત રાષ્ટ્ર અને વિશ્વની અન્ય સંસ્થાઓને કબજે કરાયેલા પ્રદેશોમાં ઝાયોનિસ્ટ શાસન દ્વારા લેવામાં આવી રહેલા આ પગલાંઓ સામે કાર્યવાહી કરવાની હાકલ કરી છે. ઉલ્લેખનીય છે કે, ઈઝરાયેલી કબજાની આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલી નિંદાની અવગણના કરતાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાન્યુઆરી મહિનાના અંતમાં ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની સાથે મળીને વ્હાઈટ હાઉસ ખાતે "ડીલ ઓફ ધ સેન્ચુરી" નામની યોજનાની જાહેરાત કરી હતી. આ યોજનાની જાહેરાતના સમયે એક પણ પેલેસ્ટીની અધિકારી હાજર નહોતા, તેમ છતાં પણ ટ્રમ્પ દ્વારા આ યોજના અંગે જાહેરાત કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, ટ્રમ્પની આ "ડીલ ઓફ ધ સેન્ચુરી"નો પેલેસ્ટીનીઓ દ્વારા સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે. પેલેસ્ટીનીઓ દ્વારા જણાવવામાં આવી રહ્યું છે કે, આ યોજના માત્ર ઈઝરાયેલ અને વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુને જ લાભ આપનારી છે, પેલેસ્ટીન અને તેના દેશવસીઓને આ યોજનાથી મોટું નુકસાન થશે.

# UAE સાથે કરારબદ્ધ શસ્ત્રોના વેપારી પર લીબિયામાંથી ભાડૂતીઓની તસ્કરી કરવાનો આરોપ

(એજન્સી) અબુધાબી, તા.૨૮
માલ્ટાના ન્યાયતંત્રએ અમિરાતી કંપનીમાં કરાર આધારિત કામગીરી કરી રહેલા શસ્ત્રોના એક સ્થાનિક વેપારી પર લિબિયા પર લદાયેલા પ્રતિબંધોનું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકયો હતો.

શનિવારે ટાઈમ્સ ઓફ માલ્ટા નામના અખબારમાં પ્રકાશિત કરવામાં આવેલા અહેવાલ અનુસાર, શસ્ત્રોના વેપારી જેમ્સ ફેનિશ (ઉ.વ.૪૧)એ અધિકારીઓને જાણ કર્યા વિના જ લશ્કરી રબર બોટનો ઉપયોગ કરીને ભાડૂતીઓને લિબિયામાંથી બહાર કાઢ્યા હતા. અખબાર દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે, રાજધાની વેલ્લેટ્ટામાં આવેલી માલ્ટિઝ કોર્ટે શુક્રવારે ફેનિશ અને અન્ય ચાર શખ્સો પર આરોપ મૂક્યો હતો. જો કે, ફેનિશ સિવાયના અન્ય પ્રતિવાદીઓની ઓળખ કરવામાં આવી નથી. ફરિયાદી પક્ષે જણાવ્યું હતું કે, લિબિયાના સંબંધિત અધિકારીઓની પરવાનગી લીધા વિના જ લિબિયામાંથી કેટલાક લોકોનું સ્થળાંતર કરાવવાની અને તેમનો દેશનિકાલ કરાવવાની ગુપ્ત કામગીરીને અંજામ આપવા માટે યુએઈમાં આવેલી એક કંપની દ્વારા હથિયારના આ વેપારી સાથે કરાર કરવામાં આવ્યો હતો.અખબારે તે બાબત અંગે પણ ધ્યાન દોર્યું હતું કે, ઓગસ્ટ, ૨૦૧૯માં માલ્ટામાં રજિસ્ટર કરાયેલ એક હોડી બેનઘાઝીના દક્ષિણ ભાગમાંથી લગભગ ૧૫૦ કિલોમીટર દૂર આવેલા એઝ-ઝુવાતીનાહના લિબિયન બંદરેથી મળી આવી હતી. આ હોડીએ દેશમાં અને દેશની બહાર લોકોની તસ્કરી કરવા માટે તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાની શંકા ઊભી કરી હતી અને ત્યારબાદ તપાસ શરૂ કરવામાં આવતા લિબિયામાંથી ભાડૂતીઓની તસ્કરી કરવામાં આવતી હોવાની ઘટનાનો ભાંડો ફૂટ્યો હતો.



દક્ષિણ લિબિયાના સૌથી મોટાં શહેર સેબામાં જનરલ ખલીફા હફતારના વફાદાર દળો પેટ્રોલિંગ કરી રહ્યા હોવાની ઝાંખી ઉપરોક્ત તસવીરમાં જોઈ શકાય છે.

# ઈઝરાયેલે કોરોના વાયરસના ક્વોરન્ટાઈન દર્દીઓનું ટ્રેકિંગ કરવા માટે વપરાતી એપ્લિકેશનના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો

(એજન્સી)
તેલ અવિવ, તા.૨૮
ગતવર્ષે ચીનના વુહાન શહેરમાં ફાટી નીકળેલા કોરોના વાયરસનો કહેર આજે આખા વિશ્વમાં વર્તાઈ રહ્યો છે. જીવલેણ કોરોના વાયરસ ખૂબ જ ચેપી હોવાથી દિવસેને દિવસે તેના કેસો અને તેની લપેટમાં આવનારા દર્દીઓના મૃત્યુઆંકમાં પણ વધારો થઈ રહ્યો છે. એવામાં દરેક દેશોમાં કોરોના વાયરસના પોઝિટિવ દર્દીઓ અને ક્વોરન્ટાઈન કરવામાં આવેલા દર્દીઓનું ટ્રેકિંગ કરવા માટે એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ હવે ઈઝરાયેલે આ પ્રકારની એપ્લિકેશનના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દીધો છે. બીબીસીના જણાવ્યા અનુસાર, ગોપનીયતાની ચિંતાને પગલે ઈઝરાયેલ દ્વારા કોરોના વાયરસના સંક્રમિત દર્દીઓની જાણકારી આપતી મોબાઈલ ટ્રેકિંગ એપ્લિકેશનનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ મોબાઈલ એપ્લિકેશનમાં વપરાતી ટેકનોલોજી કે જે મોબાઈલ લોકેશન ડેટા, ક્રેડિટ કાર્ડ ખરીદવાના ડેટા અને અન્ય ડિજિટલ માહિતીનો ઉપયોગ કરે છે અને તેનું લક્ષ્ય ક્વોરન્ટાઈન થયેલા લોકોને ચેતવણી આપવાનો અને ઓર્ડર આપવાનો છે કે, જેઓ છેલ્લા બે અઠવાડિયામાં વાયરસથી સંક્રમિત થયેલા વ્યક્તિઓના સંપર્કમાં આવ્યા હતા. કેસેટની વિદેશી બાબતો અને સંરક્ષણ સમિતિના અધ્યક્ષ તેમજ બ્લુ એન્ડ વ્હાઈટ (કાહોલલાવન) નામના ગઠબંધનના પ્રમુખ ગબી અશ્કનાઝીએ એક સંસ્થાની મુલાકાત લીધા બાદ, તેમણે આપેલા નિવેદનમાં કહ્યું હતું કે, પેનલના સભ્યોએ બિલના શબ્દપ્રયોગ અંગેની વાતને ધ્યાનમાં રાખીને મહત્ત્વપૂર્ણ પાસાઓ રજૂ કરીને આ એપ્લિકેશનના ઉપયોગને ચાલુ રાખવા માટે મંજૂરી આપી હોત.



ઉપરોક્ત તસવીર કબજે કરાયેલા જેરૂસલેમની છે કે, જ્યાં મુસાફરી કરી રહેલા તમામ લોકોના વાહનોની ઈઝરાયેલી પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

# UAEની ઈતિહાદ એરલાઈન્સે ૧૬ મે સુધી તમામ ફ્લાઈટ્સને રદ કરી

(એજન્સી) અબુધાબી, તા.૨૮ સંયુક્ત અરબ અમીરાત (યુએઈ)એ પોતાની તમામ ફલાઈટ્સને આગામી ૧૬ મે સુધી રદ કરવાનો નિર્ણય કર્યો છે. ઈતિહાદ એરવેઝે કહ્યું છે કે, કોરોના વાયરસને કારણે આ ફલાઈટ્સને રદ કરવામાં આવી છે.

અગાઉ એરલાઈન્સે ૧ મેથી ફલાઈટ્સને શરૂ કરવાનું એલાન કર્યું હતું, પરંતુ શનિવારે એરલાઈન્સે પોતાના આ આદેશમાં સુધારો કરતાં જણાવ્યું હતું કે, કોરોના વાયરસને કારણે આ ફલાઈટ્સને શરૂ કરવાની તારીખને લંબાવવામાં આવી છે. આ સાથે જ યુએઈ કહ્યું કે, અહીં આવનારા તમામ વિદેશી નાગરિકોની મુસાફરી પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે.

યુએઈએ કહ્યું છે કે, વિદેશમાંથી આવેલા લોકો જો પોતાના વતનમાં પરત ફરવા ઈચ્છે છે, તો તેમના માટે ફલાઈટ્સની સુવિધા પૂરી પાડવામાં આવશે. પરંતુ તે પહેલા યુએઈની સરકારે તેમની સમક્ષ તપાસ કરાવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. સરકારે કહ્યું છે કે, અમે દરેકને વિશ્વાસ અપાવી રહ્યાં છીએ કે, અમારી પાસે સર્વશ્રેષ્ઠ સુવિધાઓ છે. સર્વશ્રેષ્ઠ તપાસ કેન્દ્રો છે અને અમે ૫ લાખથી વધુ લોકોની તપાસ કરી છે.

ભારતમાં સંયુક્ત અરબ અમીરાતના રાજદૂત રહમાન અલ બન્નાએ કહ્યું કે, જે લોકોનો કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝિટિવ આવશે, તેમને યુએઈમાં રહેવું પડશે. તેમને અહીં સારવાર આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગત ડિસેમ્બર મહિનામાં ચીનના વુહાન શહેરમાં ફાટી નીકળેલા નવા કોરોના વાયરસ (કોવિડ-૧૯)નો કહેર આજે આખા વિશ્વમાં વર્તાઈ રહ્યો છે. એવામાં યુએઈમાં કોરોના વાયરસના કુલ ચેપગ્રસ્તોની સંખ્યા વધીને ૧૦,૮૩૯ જેટલી થઈ ગઈ છે અને તેને કારણે મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધીને ૮૨ થઈ ગઈ છે. જ્યારે અત્યાર સુધીમાં ૨૦૯૦ લોકો કોરોના વાયરસને માત આપી ચૂક્યા છે.




**પ્રસ્તુત તસવીરમાં ઈતિહાદ એરવેઝના વિમાનને જોઈ શકાય છે.**

# સઉદી અરબ, ચીને કોવિડ-૧૯ની ટેસ્ટિંગ ક્ષમતા વધારવા ૨૬૫.૩ મિલિયન ડોલરના કરાર પર હસ્તાક્ષર કર્યા

(એજન્સી)
રિયાધ,તા.૨૮ રાજયને નવ મિલિયન જેટલી COVID-૧૯ની ટેસ્ટ કીટ્સ પૂરી પાડીને તેની કોવિડ-૧૯ની ટેસ્ટિંગ ક્ષમતા વધારવા માટે તેમજ આ મહામારી સામેની લડત લડવા માટે તેને અન્ય જરૂરી ઉપકરણો પૂરા પાડવા માટે ચીન દ્વારા રવિવારે સઉદી અરબ સાથે ૯૯૫ મિલિયન રિયાલ એટલે કે, ૨૬૫.૩ મિલિયન ડોલરના સોદા પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. તેમ સઉદી પ્રેસ એજન્સી (એસપીએ)એ તેના અહેવાલમાં જણાવ્યું છે. એસપીએના જણાવ્યા અનુસાર, આ સોદામાં સઉદીની મેડિકલ ટીમોને કોવિડ-૧૯ના ટેસ્ટ્સ કેવી રીતે કરવા તેની તાલીમ આપવા આઠ મહિના માટે ૫૦૦ ચાઈનીઝ નિષ્ણાંતો અને તકનીકીઓની સઉદી અરબમાં ભરતી કરવાની બાબતનો પણ સમાવેશ થાય છે. આ સમયગાળા દરમિયાન, પ્રતિ દિન ૧૦,૦૦૦ ટેસ્ટ્સ કરવાની ક્ષમતા વિકસાવવા માટે મોબાઈલ સાઈટ સહિત છ પ્રાદેશિક પ્રયોગશાળાઓની પણ સ્થાપના પણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, સઉદી અરબે યુનાઈટેડ સ્ટેટ્સ, સ્વિત્ઝર્લેન્ડ અને દક્ષિણ કોરિયા પાસેથી પણ ૧૪.૫ મિલિયન જેટલી ટેસ્ટ કીટ્સ ખરીદી છે. ટેસ્ટ કીટ્સની ખરીદીનો આ આંકડો રાજ્યની ૪૦ ટકા વસ્તી જેટલો છે. સઉદી અરબના સ્વાસ્થ્ય મંત્રાલયે રવિવારે જણાવ્યું હતુ કે, રાજ્યમાં હાલમાં કોરોના વાયરસના પોઝિટિવ કેસોનો આંકડો ૧૭,૫૦૦થી પણ વધુ છે. અહીં કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે પવિત્ર શહેરો મક્કાહ અને મદીનામાં પણ કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો.



દુનિયાભરમાં કોરોના વાયરસનો કહેર વધતો જઈ રહ્યો છે, એવામાં જેમ બને તેમ ઝડપથી કોરોના વાયરસનો ટેસ્ટ કરવામાં આવે તે જરૂરી છે કે, જેથી પોઝિટિવ કેસોના સાચા આંકડા સામે આવી શકે છે અને તે તમામ દર્દીઓને ઝડપથી સારવાર પણ પૂરી પાડી શકાય છે. કોરોના વાયરસની રેપિડ ટેસ્ટ કીટની પ્રતિકાત્મક તસવીર અહીં દર્શાવવામાં આવી છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

બુધવાર ૨૯ એપ્રિલ ૨૦૨૦
૫ રમઝાન હિજરી ૧૪૪૧
વૈશાખ સુદ છઠ્ઠ સંવત ૨૦૭૬

# ભ્રષ્ટાચાર અને અવ્યવસ્થાથી કોરોના જ નહીં કોઈપણ જંગ ન જીતાય

**કો**રોના મહામારીએ જ્યારથી સમગ્ર વિશ્વમાં, ભારતમાં ધામા નાંખ્યા છે ત્યારથી વિશ્વના ઘણાં ખરા દેશોનું તંત્ર, પ્રજા પરેશાન છે. દરેક પોતપોતાની રીતે મહામારીને મ્હાત કરવા સતત પ્રયત્નશીલ છે, પણ ભારત જેવા વિશાળ દેશમાં કેટલાક અળવીતરાઓ કોરોના સામેની લડતમાં એક યા બીજી રીતે રોડાં નાંખે છે.

સૌ પ્રથમ વાત કરીએ કોવિડ ૧૯ની મહામારીથી બચવા-ચકાસણી માટે જે કિટ ચીનથી આવી છે તેની ગુણવત્તાથી લઈને અને જે કિંમતે ભારતીય તબીબી સંશોધન પરિષદને (ICMR) કંપની ધારા વેચવામાં આવી તે કિટની મૂળ કિંમત રૂા.૨૪૫/- છે. પણ ICMR પાસેથી એક કિટના રૂા.૬૦૦ વસૂલાયા. એટલે કે એક કિટ પર ૧૪૫ ટકા નફો. આ આખો મામલો દિલ્હી હાઈકોર્ટમાં પહોંચતાં કોર્ટે રૂા.૪૦૦/- એક કિટની કિંમત ઠરાવી. આ મામલો ઉત્તર પ્રદેશમાં પ્રકાશમાં આવ્યો. સ્વાભાવિક છે કે, કોંગ્રેસ આના પર પ્રતિક્રિયા આપે જ. તેણે વડાપ્રધાન શ્રી તથા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી પાસે આ બાબતની ઊંડી તપાસ કરી જે કોઈ દોષિત હોય તેમને સજા કરવા માંગ કરી છે. અને છેલ્લા કેટલાક સમયમાં ખરીદવામાં આવેલા (કોરોના માટે) સાધનોની વિગતો જેમાં પીપીઈ, ટેસ્ટ કિટ, અને વેન્ટિલેટરની વિગતો જાહેર કરવા માંગણી કરી છે.

આપણને ખબર છે કે, જ્યાશે કોરોનાએ હજી દેશમાં કદમ મૂક્યો કે, બજારના મેડિકલોમાંથી માસ્ક ગાયબ થઈ ગયા કે, ડબલ ભાવે વેચાયા. દેશ, પ્રજા સામે આસમાની-સુલતાની આફત આવી પડે ત્યારે પણ ભગવાન, અલ્લાહને ભૂલીને ખોટો નફો લેનારા પોતાના આર્થિક સ્વાર્થ ખાતર દેશ-પ્રજાને મોટી મુશ્કેલી તરફ ધકેલે છે.

વેપારી વર્ગ સિવાયની વાત કરીએ તો કોરોના જેવી મહામારી વેળા પણ કોમવાદી વાતાવરણ ઊભું કરનારાઓનો દેશમાં તોટો નથી. એટલે જ એક ધર્મના શાકભાજીવાળાઓથી શાકભાજી ન ખરીદવા, અને હવે તો બિહારમાં જે દુકાનો પર ભગવો ઝંડો લહેરાતો હોય ત્યાંથી જ ખરીદી કરવા આહ્વાન કરાઈ છે. આવા લોકો દેશને તોડવાનું કામ કરતાં ખચકાતા એટલા માટે નથી કે, તેમના કેટલાક આકાઓ તેમના પર કેસ થાય તો પણ તેમને બચાવી લે છે.

સરકારી તંત્રના ઘણા લોકો પણ તેમની બેદરકારી કે જોહુકમીને લઈ મહામારી સામેની લડતને નબળી પાડે છે. જેઓને કોરોનાની ગંભીર અસર નથી તેમને ક્વોરન્ટાઈન કરાયા છે, પણ ગુજરાત સહિત જે રાજ્યોમાં તેમને ક્વોરન્ટાઈન કરાયા છે તેમાંથી ઘણાં સેન્ટરોની હાલત બદ નહીં પણ બદતર છે. જેને તેઓ જેલથી બૂરી જગા કહી સોશિયલ મીડિયા પર વીડિયો મૂકી રહ્યા છે.

તાજેતરમાં જ યુપીના આગરાના એક ક્વોરન્ટાઈન સેન્ટરનો શરમજનક મામલો બહાર આવ્યો તેમાં સેન્ટરમાં રાખેલા લોકોને ઝૂના પ્રાણીઓની જેમ બિસ્કિટ, પાણીની બોટલો વગેરે દૂરથી છૂટ્ટા ઘા કરી નાખવામાં આવે છે. જે રાજ્યોમાં આમ થાય છે તે સરકારોના સત્તાધીશો શું કરે છે ? તેઓ આઈસોલેશનમાં બેસી વહીવટી અધિકારીઓના ભરોસા પર પ્રજાને છોડી દીધી છે ? થોડાક સમય પહેલાં આ જ રીતે શ્રમિકો પર સેનિટાઈઝરનો ખતરનાક સ્પ્રે કરાયેલો.

પોલીસ પણ કર્ફ્યુ કે લોકડાઉનના કડક પાલન માટે શાકભાજી, ફ્રૂટ, વેચનાર કે એ તથા દવા લેવા જનાર, પ્રેસ કે જેને વડાપ્રધાને પણ ઈમરજન્સી સેવાઓ ગણી છે તેમનેય પોલીસ નોકરી પર આવ-જા કરે ત્યારે રોકે છે, ઘેર પાછા મોકલે છે. આ બધું શું છે ? પ્રજા આમેય કોરોનાથી પરેશાન છે. ને ઉપરથી પોલીસ દંડાવાળી કરે એ ન ચાલે. તેમની વાત સાચી હોય, ટોળું ન હોય તો જવા દેવા જોઈએ.

આમ ભ્રષ્ટાચાર, તબીબી તેમજ વહીવટી અવ્યવસ્થા, અરાજકતા કોરોના નહીં કોઈ પણ જંગ જીતવામાં આપણને પાછા પાડશે. કેન્દ્ર-રાજ્ય સરકારો બાજ નજર રાખી, મીડિયાએ જાહેર કરેલ આવી અવ્યવસ્થાનું ઝટ નિરાકરણ કરે. જેથી આપણા જીવનની રફતાર ફરી પાછી હેમખેમ પાટા પર આવી જાય.

# ઉપેક્ષા અને ભેદભાવ વચ્ચે મુસ્લિમો આરોગ્યતંત્રમાં તેમનો વિશ્વાસ ગુમાવી રહ્યા છે



જમ્મુમાં એક રોહિંગ્યા મુસ્લિમ વ્યક્તિ કોવિડ-૧૯ વોર્ડમાં સરકારી મેડિકલ કોલેજની હોસ્પિટલમાં સ્થાપિત સંપૂર્ણ શરીર માટે હાઈજિન ટનલમાંથી પસાર થવાની તૈયારી કરી રહ્યો છે.

કરન્ટ ટોપિક

- આબિદ ફઈમ

**સ્વા**સ્થ્ય ક્ષેત્રે પણ - મુસ્લિમો વિરુદ્ધ ભેદભાવ એ નવી વાત નથી, પરંતુ હાલમાં તબ્લીગી જમાતનાં વૈશ્વિક મુખ્યાલય નિઝામુદ્દીન ખાતે મરકઝ પર અચાનક કોવિડ-૧૯ના ફાટી નીકળ્યા પછી દેશના સામાજિક ફેબ્રીકમાં મોટું પરિવર્તન આવ્યું છે. દેશભરમાં વાયરસના ફેલાવા માટે મુસ્લિમોને દોષિત ઠેરવીને મીડિયાએ આ સાંપ્રદાયિક દ્વેષમાં અનેકગણો વધારો કર્યો છે. ટીવી ચેનલો પર મુસ્લિમોને 'કોરોના બોમ્બ' અને 'રાષ્ટ્રના દુશ્મન' કહેવામાં આવે છે. એક ચેનલે તો ઈસ્લામોફોબીક સાથેનું બેનર પણ ચલાવ્યું હતું જેમાં લખ્યું હતું કે "કોરોના આયા, મૌલાના લાયા."

ઈસ્લામોફોબીક ન્યૂઝ ચેનલોએ એક નવો શબ્દ પણ આપ્યો હતો, 'કોરોના જેહાદ', જાણે કે આ ચેપી રોગ એક 'તાલિબાની ગુનો' છે, અને હિન્દુઓ વિરુદ્ધ મુસ્લિમ લોકો દ્વારા કરવામાં આવેલું એક ષડયંત્ર છે.

મુસ્લિમો વિરુદ્ધના આ મીડિયા ટ્રાયલ અને જમણેરી રાજકારણીઓના નફરત સાથેના ભાષણોએ દેશભરમાં મુસ્લિમોનું જીવન દયનીય બનાવ્યું છે. મુસ્લિમો પ્રત્યે સતત અપમાન, પજવણી, સામાજિક બહિષ્કાર અને લિંચિંગ કરવામાં આવી રહ્યું છે. તેઓને "વાયરસના વાહક" તરીકે કલંકિત કરવામાં આવી રહ્યા છે.

મારી સાથે બનેલી એક તાજેતરની ઘટના તેનું ઉદાહરણ છે.

૧૬ એપ્રિલ, ૨૦૨૦ના રોજ મને જેએનયુ આરોગ્ય કેન્દ્રનો ફોન આવ્યો કે એક વિદ્યાર્થી 'કેસી' (જેએનયુમાં એક પ્રકારનો સુપરમાર્કેટ) જતો હતો ત્યારે તેની સાઈકલ પરથી પડી ગયો છે અને તે ગંભીર રીતે ઘાયલ થયો છે. આ સમાચાર સાંભળીને હું તાત્કાલિક ત્યાંથી નીકળી ગયો અને આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી. જ્યારે હું ત્યાં પહોંચ્યો ત્યારે મને વિદ્યાર્થીની હાલત ગંભીર જણાઈ હતી. આરોગ્ય કેન્દ્રમાં હાજર ડોક્ટરે મને આ વિદ્યાર્થીને વધુ સારવાર માટે સફદરજંગ લઈ જવા માટે કહ્યું હતું.

કોઈ પણ વિલંબ કર્યા વિના, હું એક એમ્બ્યુલન્સમાં આ વિદ્યાર્થી સાથે ગયો હતો. જ્યારે અમે ત્યાં પહોંચ્યા ત્યારે ઈમર્જન્સી વોર્ડમાં આવેલા બંને હોલ (નંબર ૩ અને નંબર ૪) કોવિડ-૧૯ના દર્દીઓના કારણે બંધ થઈ ગયા હતા, અને કોઈ ડોક્ટર ઈમરજન્સી દર્દીઓની તપાસ કરવા માટે તૈયાર ન હતા.

જો કે, થોડા સમય પછી, હું ડોક્ટર સાથે વાત કરવામાં સફળ રહ્યો હતો. હું તેમનો આભારી છું કે તેઓએ મને સાંભળ્યો હતો. તેણે વિદ્યાર્થીને ઈએનટી વિભાગ (એચ બ્લોકમાં વોર્ડ નંબર ૧૭)નો સંદર્ભ આપ્યો. અમે ત્યાં પહોંચ્યા ત્યારે અમને વોર્ડ નં.૨૨માં એ જ બ્લોક પર જવા માટે કહેવામાં આવ્યું હતું.

આ ભેદભાવની વાર્તા અહીંથી શરૂ થાય છે. અમારી તરફ અને હેલ્થ કાર્ડ પરના નામ તરફ ડોક્ટરે નજર કરી અને તેણે દર્દી સાથે અસભ્ય રીતે અને અપમાનજનક રીતે વાત કરવાનું શરૂ કર્યું. તેણે દર્દીને કહ્યું, "તમે લોકડાઉન દરમિયાન સાયકલ કેમ ચલાવતા હતા ? શું તમે નથી જાણતા કે આ લોકડાઉન છે ? હવે તમે કરેલી ભૂલની કિંમત ચૂકવો."

ડોક્ટરની વર્તણૂકનું નિરીક્ષણ કરીને, મેં બોલવાનું શરૂ કર્યું જ હતું, પરંતુ ડોક્ટર મારી સામે બૂમો પાડવા લાગ્યા અને મને આ રૂમમાંથી બહાર નીકળવા કહ્યું હતું. અને તેથી હું બહાર નીકળી ગયો હતો. દર્દીને તાત્કાલિક સારવારની જરૂર હોવા છતાં, અમને એક કલાક કરતાં વધુ સમય સુધી રાહ જોવી પડી હતી. એક કલાક પછી, બીજો ડોક્ટર આવ્યો અને અમને MLC માટે નોંધણી કરાવવા કહ્યું હતું, જોકે એ સમયે અને આ કેસમાં આ જરૂરી ન હતું.

એમ છતાં પણ, અમે ત્યાં ગયા હતા અને એમએલસી માટે નોંધણી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કોરોના વાયરસ ચેપગ્રસ્ત દર્દીઓની સારવારને કારણે અમને એવું કહેવામાં આવ્યું કે હોલ નંબર ૩ બંધ છે. અને MLCનું કામ ત્યાં થાય છે. તેથી, અમારે ઓછામાં ઓછા ત્રણ કલાક વધુ રાહ જોવી પડી હતી.

અમારી પાસે કોઈ વિકલ્પ ન હતો અને અંતે અમે ઈએનટી વિભાગની મુલાકાત લીધી, વોર્ડ નં.૧૭માં ફરીથી ત્યાંના એક ડોક્ટરને ચકાસવા માટે એક વિનંતી કરી. અંતે ડોક્ટર સંમત થયા, પરંતુ તેઓએ ચહેરો સાફ કર્યા વગર ઘા પર ટાંકા દીધા હતા અને પછી તેમણે કહ્યું કે "હવે જલ્દીથી અહીંથી નીકળી જાવ."

ડોક્ટરોના આ વર્તનથી મને એવા મુસ્લિમો વિશે વિચારવાની ફરજ પડી હતી જેઓ તબીબી સ્ટાફ સાથે વાત કરવા માટે પૂરતા શિક્ષિત નથી.

આ ઘટના વિશે લખવાના અનેક હેતુ છે.

પ્રથમ, હું આપણી એવી માન્યતાને રદિયો આપવા માંગું છું કે ડોકટરો ક્યારેય ભેદભાવ કરતા નથી, ન તો તેઓ ગેરવર્તન કરે છે, અને માત્ર દર્દીઓ જ ગેરવર્તન કરે છે.

બીજું, હું સ્પષ્ટપણે કહેવા માંગું છું કે આવી ઘટનાઓ આપણાં આરોગ્ય સિસ્ટમ વિશે અવિશ્વાસ પેદા કરે છે.

એ અત્યંત સ્પષ્ટ થઈ જાય છે કે વાયરસ ફેલાવવામાં તબ્લીગી જમાતની ભૂમિકાના બહાને મુસ્લિમો સામે સતત થતા ભેદભાવ, અને કોવિડ-૧૯ના પ્રારંભિક અહેવાલ સાથે જો મુસ્લિમ સમુદાયમાંથી કોઈને, અને ખાસ કરીને નીચલા વર્ગમાંથી કોઈને ચેપ લાગ્યો હશે તો તેઓ પોતાની સારવાર કરવા માટે હોસ્પિટલમાં જશે નહીં. તેઓ જાહેર સ્થળોએ તેમની સાથે કરવામાં આવતા ભેદભાવ અને હિંસાના ડરને કારણે ચિંતિત થશે અને તેથી તેઓ હોસ્પિટલમાં દુશ્મનાવટનો સામનો કરવાને બદલે ઘરે જ મરી જવાનું પસંદ કરશે.

એક મુસ્લિમ યુવાન રિઝવાન, જ્યારે જરૂરી ચીજવસ્તુઓ ખરીદવા માટે નીકળ્યો ત્યારે પોલીસે તેને નિર્દય રીતે માર માર્યો હતો. તેના પરિવારના સભ્યો એટલા ભયભીત હતા કે તેઓ તેને હોસ્પિટલમાં લઈ ગયા ન હતા પરંતુ ઘરે સારવાર લેવાનું પસંદ કર્યું હતું. બાદમાં તેની તબિયત સુધરતી ન હોવાથી તેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તે મૃત્યુ પામ્યો હતો.

મુસ્લિમ સમુદાયોમાં આ ડર અને વિશ્વાસની ખામી વહીવટી તંત્ર સાથે નફરત પેદા કરશે અને વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવેલ કોઈપણ પગલાં અંગે તેણે શંકા સાથે જોવામાં આવશે. હાલમાં આ બન્યું છે અને મોરાદાબાદમાં તબીબી કર્મચારીઓ અને લોકો વચ્ચે થયેલી અથડામણની તાજેતરની ઘટના આ પરિસ્થિતિને સારી રીતે દર્શાવે છે. તેથી, જો આપણે કોરોનાવાયરસ સામેની લડતને મજબૂત બનાવવા માંગીએ તો મુસ્લિમ સમુદાયમાં વિશ્વાસનું નિર્માણ કરવું અનિવાર્ય છે. મુસ્લિમોમાં આ વિશ્વાસ ત્યારે જ પેદા થઈ શકે છે જો તેમની સાથે દરેક જાહેર સ્થળે સમાન રીતે વર્તન કરવામાં આવે.

પરંતુ, આ વિશ્વાસ કેવી રીતે ઊભો કરી શકાય ? જ્યારે આજે એક ગર્ભવતી સ્ત્રીને રાજસ્થાનમાં મુસ્લિમ હોવાના કારણે હોસ્પિટલમાં જગ્યા આપવાની ના પાડવામાં આવે છે અને બાદમાં તે બાળકને એમ્બ્યુલન્સમાં જન્મ આપે છે અને તેનું મોત નીપજ્યું હતું. તાજેતરના અન્ય એક કેસમાં, જમશેદપુરની એક હોસ્પિટલમાં પ્રસૂતિ માટે આવેલી એક મુસ્લિમ સગર્ભા પર કોરોના વાયરસ ફેલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો અને તેણે વહી રહેલું લોહી સાફ કરવાનું કહેવામાં આવ્યું હતું. પાછળથી, આ બાળકનું પણ મૃત્યુ થયું હતું.

તેણીએ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં કહ્યું હતું કે "મારી સાથે ધર્મ જુદો હોવાના લીધે ભેદભાવ કરવામાં આવ્યો હતો, અને મને મારૂં વહી રહેલું લોહી લૂછવાનું કહેવામાં આવ્યું હતું. હું પીડાના લીધે ધ્રુજી રહી હતી અને હું એ કરી શકી ન હતી. મને ચપ્પલ વડે માર મારવામાં આવ્યો હતો. જેના કારણે મને આઘાત લાગ્યો હતો અને અંતે હું એક નર્સિંગ હોમમાં ગઈ હતી ત્યાં મને ખબર પડી કે મારા બાળકનું અવસાન થયું છે."

આ ઘટનાઓ એ માન્યતાનું પુનરાવર્તન કરે છે કે આરોગ્ય સંભાળની બાબતમાં પણ હિન્દુઓ અને મુસ્લિમોને સમાન ગણવામાં આવતા નથી. હોસ્પિટલમાં દાખલ કરવા અને સારવાર આપવાના ઈન્કારને લીધે, બંને સગર્ભા સ્ત્રીઓએ તેમના બાળકને જ ગુમાવ્યા નથી, પરંતુ આરોગ્ય સિસ્ટમ પરનો તેમનો વિશ્વાસ પણ ગુમાવ્યો છે.



જે લોકોએ તબ્લીગી જમાતના કાર્યક્રમમાં ભાગ લીધો હતો તેઓ કોવિડ-૧૯નું પરીક્ષણ કરવા માટે જઈ રહ્યા છે.

હવે એક એવી ક્ષણનો વિચાર કરો કે જો આ મહિલાઓ ભવિષ્યમાં ક્યારેય આવી સમાન હોસ્પિટલોની મુલાકાત લેશે તો તેમના મનમાં કેવો ભય હશે. આ જ કારણોસર હિમાચલ પ્રદેશના ઉનામાં ૩૭ વર્ષીય દિલશાદ નામના મુસ્લિમને આત્મહત્યા કરવાની ફરજ પડી હતી. કેટલાક ગામલોકો દ્વારા તેનો "સામાજિક બહિષ્કાર" કરવાના આક્ષેપ બાદ તેણે પોતાને ફાંસી લગાવી દીધી હતી, જેના માટે એવી શંકા હતી કે તે કોરોનાથી પીડિત છે. પરંતુ તેનું નકારાત્મક પરીક્ષણ આવ્યું હોવા છતાં પણ તેઓ તેણે કોવિડ-૧૯ પીડિત કહી રહ્યા હતા.

આવી જ રીતે, બાવાના, દિલ્હીમાં કોરોના વાયરસ ફેલાવવાના કાવતરાની શંકાના આધારે એક ૨૨ વર્ષીય મુસ્લિમ યુવકને ટોળાએ માર માર્યો હતો, અને એનડીટીવીના અહેવાલમાં સૂચવવામાં આવ્યું છે કે ઉત્તર પ્રદેશના મહોબા જિલ્લામાં પાંચ શાકભાજી વેચનારાઓએ લેખિત ફરિયાદ આપી છે કે અધિકારીઓ સમક્ષ પણ તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો અને એક જૂથ દ્વારા તેમનો માલ વેચવાનું બંધ કરવાનું કહેવામાં આવ્યું છે કારણ કે તેઓ મુસ્લિમ છે. એક વિક્રેતાએ જણાવ્યું કે આ જૂથે તેમના પર કોરોના વાયરસ ફેલાવવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે તેઓ તબ્લીગી જમાતનાં સભ્યો છે.

એવા સમયે કે જ્યારે આપણે સમાજના દરેક વર્ગને એક થવાની જરૂર છે, ત્યારે મુસ્લિમો અને રાજ્ય વચ્ચેનો વિશ્વાસ વધારવાની જરૂર છે. આજે કોરોના વાયરસ સામેની લડત નબળી પડી રહી છે ત્યારે મુસ્લિમોના જીવનને દાવ પર લગાવી દેવામાં આવી રહ્યું છે.

હકીકતમાં જોવા જઈએ તો આ રોગચાળો, આપણાં માટે બિન-સાંપ્રદાયિક રાષ્ટ્રવાદની કસોટી હતો. પરંતુ એવું કશું બન્યું નહી અને અમે આજે એક રાષ્ટ્ર તરીકે ઊભા રહેવામાં નિષ્ફળ ગયા છીએ.

(આબીદ ફહીમ, JNUના સોશિયલ મેડિસિન એન્ડ કમ્યુનિટી હેલ્થના સેન્ટરમાં સંશોધન સ્કોલર છે.)

(સૌ. : ધ વાયર)

# ભારતીય મુસ્લિમો અને પોલીસ વચ્ચેનો ઈતિહાસઃ બ્રિટિશ યુગથી લઈને એએમયુ હિંસા સુધીની, અન્યાયની વાર્તા

ભાગ-૧

અહેવાલ

- શર્જીલ ઉસ્માની

**મૃ**ત્યુ ડરામણો હોઈ શકે છે.

કાયદો અને ન્યાય માટે જવાબદાર એજન્સી દ્વારા આકસ્મિક અથવા ઈરાદાપૂર્વક રીતે થયેલ મૃત્યુ ભયજનક છે.

જે એજન્સી પર સવાલ ઊભો થાય છે તેના દ્વારા થયેલ મૃત્યુ, જો તે માત્ર હેતુસર જ નહીં પરંતુ કોમવાદી માનસિકતા દ્વારા થયેલ હોય, તો તે દમન સિવાય કંઈ નથી.

ઉત્તરપ્રદેશના આંબેડકરનગર જિલ્લામાં ૨૨ વર્ષીય રિઝવાન અહમદની તાજેતરમાં મોત, કથિત રીતે પોલીસના માર મારવાના કારણે, પોલીસ અને ભારતના મુસ્લિમો વચ્ચેના સંબંધની ઊંડી શોધખોળ માટે યોગ્ય છે.

લોકશાહીમાં એવું કહેવામાં આવે છે કે સત્તા લોકો પાસે રહે છે. સુપ્રીમ કોર્ટે મુખ્ય ન્યાયાધીશ વી.એન.ખરેની અધ્યક્ષતાવાળી ત્રણ જજોની ખંડપીઠમાં રંગનાથ મિશ્રા વિરૂદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયા (૨૦૦૩)માં ભારપૂર્વક જણાવ્યું હતું કે "આપણી લોકશાહીમાં નાગરિકોનું કાર્યાલય સર્વોચ્ચ કાર્યાલય છે; આ ફક્ત નૈતિકતા જ નથી, આ વાસ્તવિકતામાં પરિણમવી જોઈએ." લોકશાહીમાં, રાજ્યની ફરજ છે કે આ અલંકારિક ઉચ્ચતમ કચેરી - લોકોને શાંતિ, સમૃદ્ધિ અને ન્યાય પૂરો પાડે. આ ફરજની ખાતરી કરવા માટે, રાજ્ય કાયદાના શાસન પર કાર્ય કરે છે જે કાયદાઓ અમલીકરણ એજન્સીઓ દ્વારા અમલમાં મૂકવામાં આવે છે.

સમાજમાં કાયદો લાગુ કરવા અને વ્યવસ્થા જાળવવાનો ભાર અમલીકરણ કરનાર એજન્સીઓની મુખ્ય જવાબદારીઓ છે. આ મોટાભાગની જવાબદારી પોલીસ દળના ખભા પર આધારિત છે, જેઓ "સંપર્કનું સ્થળ" છે, તેમને નાગરિકો સાથે વધુ સીધી સંડોવણી છે, સિવાય કે પરિસ્થિતિ તેમના નિયંત્રણમાંથી બહાર ન આવે ત્યાં સુધી. 'ગુપ્ત' બોમ્બે પોલીસ મેન્યુઅલ (૧૯૫૯)ના બારમા અધ્યાયમાં, 'ફરજ પર હોય ત્યારે પોલીસ અધિકારીઓની વર્તણૂક' શીર્ષક હેઠળ, પોલીસ દળના સભ્યોને પોતાને સામાન્ય લોકોના સેવક અને વાલી તરીકે માનવા અને કાયદાનું પાલન કરતા નાગરિકો, તેમની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના ધૈર્ય, સૌજન્ય અને કુનેહ સાથે સરખી રીતે વર્તવાનું હોય છે.

પોલીસની જવાબદારી ખાસ કરીને કોમી તણાવના સમયમાં ખૂબ જ નિર્ણાયક બને છે. કોમી તણાવના સ્થળે પોલીસની ભૂમિકા માત્ર સંવેદનશીલ જ નહીં પરંતુ તણાવમાં વધારા અથવા ઘટાડા માટે નિર્ણાયક પરિબળ પણ છે. ૧ ઓક્ટોબર, ૧૯૫૦ના રોજ મુખ્યપ્રધાનોને લખેલા પત્રમાં, તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નહેરૂએ કહ્યું હતું કે, "જો તેઓ (પોલીસ અધિકારીઓ) સક્ષમ અને સાચા વિચારધારાવાળા હોય, તો કંઈપણ ખોટું થવાની સંભાવના નથી. પરંતુ જો તેઓ સક્ષમ ન હોય, અથવા જો તેઓ સાંપ્રદાયિક અથવા અસામાજિક તત્વો સાથે ભળી જાય, તો મુશ્કેલી ક્યાંક ને ક્યાંક આવશે.

શરૂઆતમાં, ભારતમાં પોલીસ દળની ધાર્મિક-વંશીય રચનાની તપાસ કરવી તે સૂચનાત્મક છે. ભારતમાં ખાકી અને વંશીય હિંસા પુસ્તકમાં લેખક ઓમર ખાલીદીએ લખ્યું છે કે ભારતીય રાજ્ય એ સશસ્ત્ર દળો, પોલીસ અને અર્ધલશ્કરી દળોમાં ભરતી માટે લઘુમતીઓ (ખાસ કરીને મુસ્લિમો) સાથે ભેદભાવ રાખ્યો છે. તેમના પુસ્તકના પ્રથમ ભાગમાં તેમની મુખ્ય દલીલ છે કે ભારતીય સશસ્ત્ર દળોમાં ભરતીય વંશીયતાના આધારે કરવામાં આવી છે, વસ્તી વિષયક સિદ્ધાંતોના આધારે નહીં.

વંશીય સિદ્ધાંત મુજબ, કેટલાક વંશીય સમુદાયો (જેને માર્શલ રેસ પણ કહેવામાં આવે છે) 'સૈન્ય વિનાના સમુદાયો' કરતા સશસ્ત્ર દળો માટે કામ કરવા માટે વધુ યોગ્ય છે, અને આ રીતે આ ભરતી ફક્ત 'માર્શલ રેસ' સુધી જ મર્યાદિત હોવી જોઈએ. પરિણામે, શીખ અને ગોરખા જેવા કેટલાક સમુદાયો વધુ પ્રતિનિધિત્વ કરે છે જ્યારે મુસ્લિમો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ જેવા કેટલાક સમુદાયોનું પ્રતિનિધિત્વ ઘણું ઓછું છે. ખાલીદીએ ઉલ્લેખ કર્યો છે કે ૨૦૦૪માં ભારતીય સૈન્યમાં માત્ર ૨૯૦૯૩ મુસ્લિમો હતા જેની સંખ્યા એક મિલિયનથી વધુ સૈનિકો અને અધિકારીઓની હતી.

લશ્કરી રેસની કલ્પના બ્રિટિશ ભારતના સૈન્ય અધિકારીઓ દ્વારા ૧૮૫૭ના બળવા પછી લાવવામાં આવી હતી. દરેક સમુદાયને માર્શલ અને નોન-માર્શલ નામના વર્ગમાં વર્ગીકૃત કરવાનો અને માર્શલ વંશીય લોકોની પછી લશ્કરી દળોમાં ભરતી કરવી, જેમકે "તેઓ બહાદુર હતા, અને લડવામાં વધુ યોગ્ય" હતા, એ લોકોની સરખામણીમાં કે જેઓ "શારીરિક રીતે નબળા અને તેમની જીવનશૈલીને કારણે લડવા માટે અયોગ્ય હતા." રસપ્રદ રૂપે, આ ખ્યાલ, વૈદિક હિન્દુ ધર્મમાં સૂચિત જાતિ અથવા વર્ણ પદ્ધતિ સાથે ગોઠવાયેલ છે, જે લોકોને જરૂરી રીતે ચાર ક્રમમાં વહેંચે છે, જેમાંથી એક ક્ષત્રિય અથવા યોદ્ધા હોય છે.

આઝાદી પછી, ૧ ફેબ્રુઆરી, ૧૯૪૯ના રોજ પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો દ્વારા બહાર પાડવામાં આવેલી એક પ્રેસનોટ મુજબ, ભારત સરકારે "નિશ્ચિત ટકાવારીના આધારે વર્ગ રચના" નાબૂદ કરી અને ભારતીય સેનાને "તમામ વર્ગો માટે ખુલ્લી" કરી દીધી. જો કે, "બધા માટે ખુલ્લા" શબ્દસમૂહનો અર્થ "સમાન રજૂઆત" માટે ખરેખર થતો નથી. વાસ્તવિકતામાં, વસાહતી પ્રથામાં ક્યારેય સુધારો થયો ન હતો. સ્ટીવન વિલ્કિન્સન, તેમની પુસ્તક આર્મી અને નેશનમાં દલીલ કરે છે કે સ્વતંત્ર ભારતે ભરતીની વસાહતી શૈલી ચાલુ રાખી હતી, અને તેમના સંશોધન દ્વારા દર્શાવ્યું હતું કે ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં ભારતે "માર્શલ ક્લાસ યુનિટ્સના મેમ્બર"ની સંખ્યા બમણી કરી હતી.



પોલીસ દળની રચના અંગે ચર્ચા કરતી વખતે, અમલીકરણ એજન્સીઓની ભરતી પ્રક્રિયામાં ભેદભાવ પાછળનો વિચાર અગાઉથી રાખવો જરૂરી હતો. પોલીસ દળ રાજ્ય સરકાર હેઠળ આવે છે, તેથી તે બે કારણોસર ઉત્તરપ્રદેશની તપાસ કરવા યોગ્ય છેઃ પ્રથમ, કે તે વસ્તીની દૃષ્ટિએ સૌથી મોટું રાજ્ય છે અને બીજું, કે તે ભારતનું સૌથી વધુ તોફાનગ્રસ્ત રાજ્યોમાંનું એક રહ્યું છે.

ભાગલા પહેલાના ભારતમાં મુસ્લિમોને પોલીસ દળમાં પૂરતું પ્રતિનિધિત્વ હતું. ભાગલા વખતે, મુસ્લિમોએ ઉત્તરદપ્રદેશમાં કુલ પોલીસ દળના આશરે ૪૦ ટકા જેટલા સભ્યો બનાવ્યા હતા. થોડા દાયકાઓ દરમિયાન, મુસ્લિમોની સંખ્યામાં ઘટાડો થયો અને ૧૯૯૦ સુધીમાં આ આંકડો પાંચ ટકાથી પણ નીચે આવી ગયો. ધ ઈલેક્ટોરલ ઓરીજીંસ ઓફ એથનિક વાયોલન્સ નામના તેમના અધ્યયનમાં, યેલના પ્રોફેસર સ્ટીવન વિલ્કિન્સનએ ખુલાસો કર્યો કે ઉત્તરપ્રદેશ પોલીસમાં મુસ્લિમો ત્રણ ટકા વરિષ્ઠ (રાજપત્રિત) અધિકારીઓ, બે ટકા નિરીક્ષકો અને સબ-ઈન્સ્પેક્ટર કુલ પોલીસ દળના ચાર ટકા જેટલા છે. અન્ય રાજ્યોની સ્થિતિ પણ સમાન છે, વળી, સચ્ચર સમિતિના ૨૦૦૬ના અહેવાલમાં પોલીસ દળમાં મુસ્લિમોની નબળી સંખ્યા પર પણ પ્રકાશ પાડ્યો હતો.

ભારત જેવા બહુ-વંશીય સમાજમાં, આવી જટિલ સામાજિક રચના સાથે, જ્યાં જાતિના વિભાગો, ધર્મ-સંબંધિત વર્ગીકરણ, પ્રાદેશિક ભેદ, પરંપરાઓમાં વિવિધતા અને ૧.૩ અબજ લોકો દ્વારા બોલાતી ૫૦૦થી વધુ બોલીઓ અને ભાષાઓ પર ઓળખ ઊભી થાય છે. અમલદારશાહી માળખાના સભ્યો પાસેથી આ તાત્કાલિક ઓળખને દૂર કરવી અશક્ય છે, કારણ કે આમાંની દરેક ઓળખાણના "સ્તર" હોય છે અને તે એક અલગ સામાજિક દરજ્જો ધરાવે છે. આંતરરાષ્ટ્રીય સંમેલનના તમામ જાતિવાદી ભેદભાવ (આઈસીઈઆરડ)ના નાબૂદી પરના તેના ૧૪મા સામયિક અહેવાલમાં, ભારત સરકારે સ્વીકાર્યું કે "બહુમતી લોકો માટે જાતિ પદ્ધતિ વ્યક્તિગત ઓળખ અને સામાજિક સંબંધોનું એક અત્યંત મુખ્ય લક્ષણ છે."

બીજા શબ્દોમાં કહીએ તો, "નીચલી જાતિ"નો વ્યક્તિ અમલદારશાહી માળખામાં ઉચ્ચ અધિકાર હોઈ શકે છે, પરંતુ તેનો/તેણીનો "ઉચ્ચ જાતિ"ના જુનિયર ઓથોરિટી કરતા ઉચ્ચ સામાજિક હોદ્દો હોવો જરૂરી નથી. તેથી, "તર્કસંગત-કાયદેસર" અમલદારશાહી માળખું ખાસ કરીને આ સામાજિક વંશવેલાને સંબોધવામાં નિષ્ફળ જાય છે, અને સામાન્ય રીતે તે તેની સાથે ભેદભાવ લાવે છે.

'મુસ્લિમો અને પોલીસ' નામના તેમના નિબંધમાં વકીલ અને બંધારણીય નિષ્ણાત એ.જી. નૂરાનીએ પોલ બ્રાસ દ્વારા સંપાદિત પુસ્તક રાયટ્સ એન્ડ પોગ્રોમ્સમાં નોંધ્યું છે કે, "પોલીસ અધિકારીઓ દ્વારા લેખકોને કહેવામાં આવ્યું છે કે, તેના ગણવેશની બહાર પ્રાદેશિક આર્મ્ડ કોન્સ્ટેબ્યુલરી (પીએસી) એક હિન્દુ પ્રથમ અને છેલ્લો છે, તે ગ્રામીણ ભારતની પરંપરાગત, લોક સંસ્કૃતિનો છે. આ કોન્સ્ટેબલની તાલીમ તેમનામાં અમુક પ્રમાણમાં વ્યાવસાયીકરણ લાવવાની કોશિશ કરે છે, પરંતુ તે તેની હાર્ડકોર હિન્દુ ઓળખને સ્પર્શતા નથી. કટોકટીના સમયે ધર્મનિરપેક્ષ રાજ્યના નૈતિક સાધન તરીકે તેમની વ્યાવસાયિક ઓળખ હિંદુ ઓળખ કરતાં વધુ પ્રબળ હોવી જોઈએ."

પોલીસ અધિકારીઓને અપાયેલો છુટ્ટો દોર અને બેલગામ શક્તિ, લઘુમતીઓ, ખાસ કરીને મુસ્લિમો અને નીચલા "સામાજિક દરજ્જા" ધરાવતા લોકોને ખૂબ જ ભયાનક સ્થિતિમાં મૂકે છે. પરિસ્થિતિ એટલી વિકટ છે કે રાષ્ટ્રીય માનવાધિકાર પંચ (એનએચઆરસી) દ્વારા પ્રાપ્ત કુલ ફરિયાદોમાંથી ૬૦ ટકા, સત્તાનો દુરૂપયોગ અને માનવાધિકારના ઉલ્લંઘન સાથે સંબંધિત હોય છે.

૧૯૬૦થી, ઉત્તર પ્રદેશમાં ભાગ્યે જ કોઈ તોફાન એવો હશે, જ્યાં પ્રેસ, સામાજિક કાર્યકરો અને માનવાધિકાર જૂથો દ્વારા પીએસીની ભૂમિકા પક્ષપાત અને મુસ્લિમ વિરોધી હોવાનું જોવા મળ્યું ન હોય. ઈકબાલ અંસારી દ્વારા સંપાદિત કોમ્યુનલ રાયટ્સ એન્ડ ધ પોલીસ મુજબ, ૧૯૭૨ અને ૧૯૭૩માં, ઉત્તર પ્રદેશના મુસ્લિમો પર પીએસી દ્વારા શ્રેણીબદ્ધ રીતે અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો – ૫ જૂન, ૧૯૭૨ના રોજ અલીગઢમાં; ૧૬ જૂને ફિરોઝાબાદ અને વારાણસી; ૨૧ સપ્ટેમ્બરના રોજ દાદરી; ૧૫ નવેમ્બરના રોજ નોનારી; ૧૨ ડિસેમ્બરે સજની; ૨૯ ડિસેમ્બરના રોજ રાણીમાઉ; ૨૩ જાન્યુઆરી, ૧૯૭૩ના રોજ દુર્ગાજોટ અને ૧૪ ફેબ્રુઆરી, ૧૯૭૩ના રોજ ગોંડામાં.

કોમી હિંસા અને પોલીસ અંગે ગિરીશ માથુરના એક અહેવાલમાં કહેવામાં આવ્યું છેઃ "ફિરોઝાબાદ, વારાણસી, આઝમગઢ અને બસ્તીમાં થયેલ તોફાનો ખરેખર કોમી રમખાણો નહોતા; તેઓ મુસ્લિમો પર સશસ્ત્ર કોન્સ્ટેબ્યુલરીની કાર્યવાહી હતી." પીએસીનો પક્ષપાત સ્પષ્ટપણે મુરાદાબાદ રમખાણો (૧૯૮૦), મેરઠ રમખાણો (૧૯૮૨) અને હાશિમપુરા હત્યાકાંડ (૧૯૮૭) દરમિયાન જાહેરમાં હતો.

બ્રાઉન યુનિવર્સિટીના પ્રોફેસર અને એવોર્ડ વિજેતા લેખક આશુતોષ વર્શ્નેએ, ફોરેન પોલિસીને આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, "પોગ્રોમ્સ એ તોફાનોનો એક ખાસ વર્ગ છે જ્યાં તે ફક્ત બે ટોળાઓ અથવા જૂથો વચ્ચે ટકરાવ હોતો નથી. તેના બદલે, પોલીસ કાં તો એક જૂથની તરફેણમાં હોય છે, કાં તો મૂકપ્રેક્ષક બની જાય છે અથવા કેટલીક વાર તો હિંસામાં સીધો જ ભાગ લે છે. "તેમણે વધુમાં ઉમેર્યું, "રમખાણો અને પોગ્રોમ્સ વચ્ચેનો મુખ્ય તફાવત રાજ્યની વર્તણૂકમાં રહેલો છે – જો કે તે પોલીસ છે."

દિલ્હીની તાજેતરની હિંસામાં, એવું જોવા મળ્યું હતું કે પરિભાષાની રાજનીતિ પણ દ્વિસંગી બનાવે છે, જેઓ હિંસાને 'તોફાન' ગણાવે છે, તેઓ સારા છે અને તેને 'પોગ્રોમ' ગણાવે છે તેઓને કટ્ટરવાદી ગણવામાં આવે છે. જ્યારે શિક્ષણવિદો અને વિદ્વાનોએ ઐતિહાસિક રીતે મુસ્લિમો વિરૂદ્ધ થતી હિંસાની ઘટનાઓમાં ભ્રામક પરિભાષાનો ઉપયોગ અને પોલીસની જટિલતા અને હિંસા વિશે વાત કરી, તે હજી પણ મુખ્ય પ્રવાહના માધ્યમોમાં અને લોકોની કલ્પનામાં પરાયો વિચાર છે. તેમ છતાં પણ, મુસ્લિમો સામે પોલીસનો સંસ્થાકીય પૂર્વગ્રહ ક્યારેક-ક્યારેક લોકોની નજરમાં પ્રગટ થાય જ છે.

(ક્રમશઃ)

## સંસ્કાર સૌરભ

મૂર્ખાઓ સામે ચૂપ રહેવું.
(હદીસ બોધ)

### બોધ વચન

જે માણસ નાની બાબતમાં રસ લઈ શકતો નથી. તે મહાન બાબતમાં રસ લેતો હોય ત્યારે તે ઢોંગ કરતો હોય છે.
-રસ્કિન

### આજની આરસી

૨૯ એપ્રિલ બુધવાર ૨૦૨૦
૫ રમઝાન હિજરી ૧૪૪૧
વૈશાખ સુદ છઠ્ઠ સંવત ૨૦૭૬

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૪-૪૮ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૭ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૦૮ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૭-૦૬ |

### ગુલદસ્તું

શિક્ષક : કિશોર ! એવી વસ્તુનું નામ આપ જે તું રોજ ખાય છે, છતાં તને ગમતું નથી.
કિશોર : સાહેબ ! આપનો તમાચો.

### અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
-વ્યવસ્થાપક

# અમેરિકા : ગેરકાયદેસર બોર્ડર ક્રોસિંગ કરતા ભારતીયએ કોવિડ-૧૯ માટે સકારાત્મક પરીક્ષણ કર્યું છે

## ભારતીયમાં ફલૂ રોગના લક્ષણો દેખાયા હતા, જેના પગલે તેને અલગ રાખવામાં આવ્યો હતો

(એજન્સી) ન્યુ યોર્ક, તા.૨૮

યુએસ-મેક્સિકો સરહદ દ્વારા ગેરકાયદેસર રીતે અમેરિકા જતા શંકાના આધારે પકડાયેલા ૩૧ વર્ષીય ભારતીય શખ્સે સીવીડ -૧૯ માટે સકારાત્મક પરીક્ષણ કર્યું છે, જે સીમા સુરક્ષા એજન્સીની કસ્ટડીમાં પ્રથમ વ્યક્તિ બન્યો છે.

યુ.એસ. કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન (યુએસસીબીપી) એ જણાવ્યું હતું કે ૨૩ મી એપ્રિલે, બોર્ડર પેટ્રોલિંગ એજન્ટે ત્રણ મેક્સિકનો અને ભારતીય નાગરિકને કેલિફોર્નિયા નજીક યુએસ-મેક્સિકો સરહદને ગેરકાયદેસર રીતે પાર કર્યા હોવાથી ધરપકડ કરી હતી.

સીબીપીના કાર્યકારી કમિશનર માર્ક મોર્ગને કહ્યું કે, જ્યારે ત્રણેય મેક્સીકન નાગરિકો તેમના દેશમાં પરત ફર્યા હતા, ત્યારે ભારતીયને પ્રક્રિયા માટે બોર્ડર પેટ્રોલિંગ સુવિધામાં પરિવહન કરવામાં આવ્યું હતું.

ભારતીય નાગરિક, જેની ઓળખ થઈ ન હતી, તેનામાં ફલૂના લક્ષણો દર્શાવતા હતા , જેના પગલે તબીબી કર્મચારીઓ દ્વારા તેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને તેને સંસર્ગનિષેધમાં મૂકવામાં આવ્યો હતો. તેમને કોવિડ -૧૯ માટે પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને તેનું મૂલ્યાંકન હકારાત્મક આવ્યું હતું.

આ સીબીપી કસ્ટડીમાં પ્રથમ વ્યક્તિ છે જેણે સીઓવીડ -૧૯ માટે સકારાત્મક પરીક્ષણ કર્યું છે, એજન્સીએ જણાવ્યું હતું. સીબીપીએ જણાવ્યું હતું કે હાલમાં તે જેની સાથે સંપર્કમાં રહ્યો છે તેમનો સંપર્ક ટ્રેસિંગ હાથ ધરી રહ્યા છે.

આ વ્યક્તિને યુ.એસ. ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટની કસ્ટડીમાં તબદીલ કરવામાં આવ્યો છે જ્યાં તબીબી કર્મચારીઓની ભલામણોને આધારે તેની સારવાર ચાલુ રાખવામાં આવશે.

સીબીપી સ્ટેશનો અને પ્રોસેસિંગ સેન્ટર્સમાં કોવિડ-૧૯ની રજૂઆત અને ફેલાવા માટેની સંભાવના સ્થળાંતર, અમારા ફ્રન્ટલાઈન એજન્ટો અને અધિકારીઓ અને અમેરિકન લોકો માટે જોખમ રજૂ કરે છે. મોર્ગને કહ્યું કે અમારા એજન્ટો અને અધિકારીઓ આપણા દેશના સ્વાસ્થ્ય માટે પોતાનો જીવ જોખમમાં નાખતા આ અદ્રશ્ય દુશ્મનથી આપણા દેશનું રક્ષણ કરવાનું ચાલુ રાખે છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ ચોક્કસ કારણ છે કે, રોગ નિયંત્રણ અને નિવારણ કેન્દ્રો (સીડીસી)એ સીબીપીને એવી વ્યક્તિઓને પરત કરવાની સત્તા આપી છે કે જેઓ સંભવિત રીતે કોવિડ -૧૯ ચેપગ્રસ્ત થઈ શકે.

મોર્ગને ઉમેર્યું, "તમે કલ્પના કરી શકો કે જો આપણે ગયા વર્ષે આ સમય દરમિયાન આ રોગચાળા નેવિગેટ કરી રહ્યા હોત, જ્યારે આપણી કસ્ટડીમાં ૨૦,૦૦૦થી વધુ સ્થળાંતર કરનારાઓ હોત તો ?

મેક્સિકોથી યુ.એસ.ની સરહદ પાર કરનારા હજારો આફ્રિકન અને એશિયન સ્થળાંતર કરનારાઓમાં ભારતીય છે, જેની આગેવાનીમાં કાર્ટેલની તસ્કરી છે.

જોહન્સ હોપકિન્સ યુનિવર્સિટીના ડેટા અનુસાર, કોરોનાવાયરસથી ૯૮૦,૦૦૦ લોકોને ચેપ લાગ્યો છે અને યુ.એસ.માં ૫૬,૦૦૦ લોકોના મોત થયા છે.

## કોરોના વાયરસનો સામનો કરવા માટે એડીબીએ ૧.૫ બિલિયન ડોલરની લોન મંજૂર કરી

(એજન્સી) નવી દિલ્હી,તા.૨૮

કોરોના વાયરસ વિરૂદ્ધ જંગમાં ભારતની મદદ માટે એશિયાઈ વિકાસ બેંક (એડીબી)એ ૧૫૦ કરોડ ડોલર (આશરે ૧૧,૪૦૦ કરોડ રૂપિયા)ની લોન મંજૂર કરી છે. બીમારીની રોકથામ અને ગરીબો માટે સામાજિક સુરક્ષા જેવી તાત્કાલિક પ્રાથમિકતાઓ માટે આ લોન મંજૂર કરવામાં આવી હતી.

એડીબીના અધ્યક્ષ મસાત્સુગા અસાકાવાએ કહ્યું કે, અનપેક્ષિત પડકારોનો સામનો કરવામાં એડીબી ભારતનો સંપૂર્ણ સહયોગ કરવા પ્રતિબદ્ધ છે. અમે સુનિશ્ચિત કરવા ઈચ્છીએ છીએ કે ભારત સરકાર પોતાના લોકો અને ખાસ કરીને ગરીબોને પ્રભાવશાળી રીતે મદદ પૂરી પાડે.

તેમણે કહ્યું કે, કોરોના વાયરસનો ચેપ રોકવા અને લોકોના જીવ બચાવવા માટે ભારતે સોશિયલ ડિસ્ટન્સિંગ, કમ્યુનિટી ક્વૉરન્ટાઈન, ટેસ્ટિંગ અને ટ્રેકિંગ જેવા અનેક પગલાં ભર્યા છે. આ દરમિયાન નાણા મંત્રાલયે જણાવ્યું કે લોનની સમજૂતી પર હસ્તાક્ષર થઈ ચૂક્યા છે.

એડીબી ઈન્ડિયાના ડિરેક્ટર કેનિચી યોકોયામાએ કહ્યું હતું કે, કોરોના વાયરસની આ મહામારી વિરૂદ્ધ લડવામાં મદદ કરવામાં અમને ભારે ખુશી થઇ રહી છે. ભારતે ખરેખર કોરોના વાયરસની મહામારી વિરૂદ્ધ લડવા માટે આટલા મોટાપાયે લૉકડાઉન જેવા ઉપાયો અપનાવ્યાં છે જે પ્રશંસનીય છે. અમે ભારતની સ્વાસ્થ્ય સેવાઓ તથા સામાજિક સુરક્ષાના કાર્યક્રમોને વધુ મજબૂત કરવા માટે તથા સરકારની નીતિઓને અમલમાં લાવવામાં મદદરૂપ થશું. અમે આ તમામ સુવિધાઓનો લાભ ગરીબો, મહિલાઓ તથા લાભવિહોણાં લોકો સુધી પહોંચાડવા પર ચાંપતી નજર રાખીશું.

## ટેસ્ટમાં તફાવત બહાર આવ્યા બાદ ICMRએ ચીનની કોવિડ-૧૯ કિટ્સનો ઉપયોગ બંધ કરવાનો રાજ્યોને આદેશ આપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૮

દેશમાં બાયોમેડિકલ રિસર્ચના નિર્માણ, સંકલન અને પ્રોત્સાહન માટેની સર્વોચ્ચ સંસ્થા, ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) એ ભારતના તમામ રાજ્ય સરકારોને ભારપૂર્વક કહ્યું છે કે તેઓ સીઓવીડ-૧૯ માટે બે ચીની કંપનીઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ એન્ટિબોડી રક્ત પરીક્ષણ કીટનો ઉપયોગ બંધ કરે. આઈસીએમઆરએ "તેમના પરિણામોએ સંવેદનશીલતામાં વિવિધ તફાવત દર્શાવ્યા છે" એમ કહીને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આ કીટ પાછા આપવાની વિનંતી કરી છે. રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ મુખ્ય સચિવોને લખેલા એક પત્રમાં, આઈસીએમઆરએ લખ્યું છે કે તેણે એવી સલાહ આપી છે કે આરટી-પીસીઆર ગળા / અનુનાસિક સ્વેબ પરીક્ષણને "કોવિડ -૧૯ના નિદાન માટે શ્રેષ્ઠ ઉપયોગ" માનવામાં આવે છે કારણ કે તે "વાયરસની તપાસ કરે છે અને પ્રારંભિક અને વ્યક્તિગત ઓળખવા અને અલગ કરવા માટેની શ્રેષ્ઠ વ્યૂહરચના છે. "કાઉન્સિલના એડિશનલ ડિરેક્ટર જનરલે જણાવ્યું હતું કે, "ઘણા રાજ્યોએ ઝડપી એન્ટિબોડી ટેસ્ટ કીટ મેળવી છે અને તેમની માંગ પર, આઈસીએમઆરએ આ કીટ પણ સ્પષ્ટ દેખરેખ સાથે આપી છે કે તેનો ઉપયોગ ફક્ત સર્વેલન્સ હેતુ માટે કરવામાં આવશે."

રાજ્યોએ કિટ્સના પ્રદર્શન અંગે મુદ્દાઓ ઉઠાવ્યા હતા

ઝડપી એન્ટિબોડી રક્ત પરીક્ષણો સંદર્ભે રાજ્યો અને કેન્દ્રશાસિત કેન્દ્રોને સલાહકારીએ આગળ નોંધ્યું છે કે "કેટલાક રાજ્યોએ તેઓએ હાથ ધરેલી પરીક્ષણ કવાયત દરમિયાન તેમની કામગીરી અંગેના મુદ્દાઓ ઉઠાવ્યા છે." કાઉન્સિલે કહ્યું કે તે પછી, "સર્વેક્ષણ માટે સારા પ્રદર્શનના પ્રારંભિક વચન હોવા છતાં, પરિણામોએ તેમની સંવેદનશીલતામાં વિવિધ તફાવત દર્શાવ્યા છે, ક્ષેત્રની પરિસ્થિતિઓમાં ગુઆંગઝો વંડફોબાયોટેકટ અને ઝુહાઈ લિવઝન ડાયગ્નોસ્ટિક્સની કીટ્સનું મૂલ્યાંકન કર્યું છે." આને ધ્યાનમાં રાખીને, તે કહે છે કે "રાજ્યોને સલાહ આપવામાં આવે છે કે તેઓ આ કીટનો ઉપયોગ બંધ કરે" બે ચીની કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ છે તેને તેઓ સપ્લાયરોને પરત આપે. પશ્ચિમ બંગાળ, રાજસ્થાન જેવા ઘણા રાજ્યોએ ફરિયાદ કરી હતી. આ અગાઉ કાઉન્સિલે ૨૧ એપ્રિલે રાજ્યોને સલાહ આપી હતી કે તેઓ બે દિવસ માટે પરીક્ષણ કિટનો ઉપયોગ બંધ કરે, કેમ કે તે પશ્ચિમ બંગાળ અને રાજસ્થાન સહિતના અનેક રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ફરિયાદો મળી હોવાના પગલે તેમની ગુણવત્તા તપાસવા માંગે છે - કિટ્સ ખૂબ અસરકારક ન હતી. પ્રશ્નમાં સામેલ બંને કંપનીઓએ દાવો કર્યો હતો કે સમસ્યા તેમની કીટ સાથે નહીં પરંતુ હેલ્થકેર કર્મચારીઓ દ્વારા તેઓ જે રીતે ઉપયોગમાં લઇ રહ્યા છે તેની સાથે છે. કંપનીઓએ મળીને ૫૦૦,૦૦૦ રેપિડ એન્ટિબોડી ટેસ્ટ કીટ આપી હતી અને આ ઘણા રાજ્યોમાં વહેંચવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં COVID-૧૯ કેસ નોંધાયા હતા. કિટ્સ સાથે ઉચ્ચ ભિન્નતાની જાણ કરવામાં આવી છે 'થોડા દિવસો પહેલા મીડિયા સાથેની વાતચીત દરમિયાન, આઈસીએમઆરના રોગચાળા અને કોમ્યુનિકેબલ રોગોના વડા, ડો .રમન આર. ગંગાખેડકરે પણ જણાવ્યું હતું કે જો આ કિટ્સ ખામીયુક્ત જણાઈ આવે તો તે કંપનીઓને પરત આપવામાં આવશે. ફરિયાદોની માત્રા પર તેમણે કહ્યું હતું: "અમને એક રાજ્ય તરફથી ફરિયાદ મળી છે અને આ મુદ્દે ત્રણ રાજ્યો સાથે ચર્ચા કરી છે. ઝડપી પરીક્ષણો અને આરટી-પીસીઆર પરીક્ષણોના પરિણામો વચ્ચે ૬ થી ૭૧ ટકા સુધીની ઉચ્ચ તફાવત નોંધવામાં આવ્યો છે. અમે રાજ્યોને સલાહ આપીશું કે આગામી બે દિવસ આ પરીક્ષણ કીટનો ઉપયોગ ન કરો."

ઓસ્ટ્રેલિયા, યુરોપિયન દેશોમાં પણ ચીની કિટ્સ સાથે સમસ્યા હતી

અગાઉ, સ્પેન સહિતના ઘણા યુરોપિયન દેશો, જેમાં આ ક્ષેત્રમાં સૌથી વધુ કોવિડ સંબંધિત કેસો અને મૃત્યુ જોવા મળ્યા છે, ત્યાં પણ તેઓએ ચીની કંપનીઓ પાસેથી ખરીદેલી આવી પરીક્ષણ કીટ પરત કરી હતી. નેધરલેન્ડ્સ, સ્લોવાકિયા અને ઓસ્ટ્રેલિયા જેવા અન્ય દેશોમાં પણ ચાઈનીઝ કિટ્સ સાથે સમસ્યા આવી છે અને કેટલાક અન્ય દક્ષિણ કોરાનની બનાવટ કીટ માટે ગયા હતા.

**કંપની 'નિરાશ'**

બે કંપનીમાંથી એક - વંડફો બાયોટેક - એ એક નિવેદન બહાર પાડ્યું છે જેમાં આઈસીએમઆરના નિર્ણય પર 'નિરાશા' વ્યક્ત કરવામાં આવી છે. કંપનીએ કહ્યું કે તે તેના ઉત્પાદનોની ગુણવત્તા અંગે વિશ્વાસ છે અને "આઈસીએમઆરની ચિંતાઓની તપાસ કરી રહી છે".

## ગડકરીએ રાજ્યોને કહ્યું કે, રોડ માટે જમીન સંપાદન ઝડપી કરો, ગ્રામીણ વિસ્તારોમાં એપ આધારિત ટુ-વ્હિલર ટેક્સીની ભલામણ કરી

(એજન્સી) તા.૨૮

નીતિન ગડકરીએ રાજ્યોના પરિવહન મંત્રીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠક વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કરવામાં આવી હતી. તેને સંબોધતા તેમણે કહ્યું કે દેશમાં જરૂરી વસ્તુઓની અવર-જવર માટે કોરોના સંકટથી બહાર આવવા માટે આવું કરવું જરૂરી છે.તેમણે રાજ્યોને પણ કહ્યું કે, રાષ્ટ્રીય હાઈવેના નિર્માણ માટે જમીન સંપાદનની પ્રક્રિયાને પણ ઝડપથી આગળ વધારવામાં આવે કેમ કે અત્યાર સુધી ૨૫ હજાર કરોડ રૂપિયાની રકમ ખર્ચ થઈ શકી નથી.તેમણે કહ્યું કે, જો ભારતને પાંચ ટ્રિલિયનવાળી અર્થવ્યવસ્થા બનાવવી હોય તો રોડ નિર્માણ પર ભાર મૂકવો પડશે કેમ કે રોડ નિર્માણ જ વિકાસની ધૂરી છે. ગડકરીએ રાજ્યોને અપીલ કરી કે કાલે કારખાના સુધી શ્રમિકોને લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવે પણ તેમાં મેડિકલ પ્રોટોકોલનું પાલન કરવામાં આવે.તેમણે કહ્યું કે, આ મામલે મંત્રાલય દ્વારા એક હેલ્પલાઇન નંબર ઈશ્યૂ કરાશે જેનાથી આ પ્રકારની સમસ્યાઓને ઉકેલી શકાશે. તેમણે કહ્યું કે મોદી સરકાર નેશનલ હાઈવે અને રોડ નિર્માણ પર ભાર મૂકી રહી છે. અમારૂં લક્ષ્ય વર્તમાન રોડ નિર્માણ ગતિને આગામી બે વર્ષમાં બમણી કે ત્રણ ગણી કરવાનું છે.

તેમણે કહ્યું કે રાજ્યોએ શ્રેષ્ઠ પર્યાવરણ માટે જાહેર પરિવહનને એલએનજી, સીએનજી અને ઈ-વ્હિકલ આધારિત કરવું જોઈએ. તેમણે કહ્યું કે ગ્રામીણ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કનેક્ટિવિટી માટે એપ આધારિત ટુવ્હિલર વાહન સેવા શરૂ કરવામાં આવે જેનાથી ગ્રામીણ ક્ષેત્રો શહેરો સાથે ઝડપથી જોડાઈ શકે.

## કેરળ સરકારના કર્મચારીઓના પગારમાં કાપ અંગેના આદેશ ઉપર હાઈકોર્ટે બે મહિના માટે સ્ટે મૂક્યો

(એજન્સી) કોચી, તા.૨૮

કેરાલા હાઈકોર્ટે મંગળવારે કર્મચારીઓના પગારમાં ઘટાડો કરવાના રાજ્ય સરકારના આદેશ સામે બે મહિના માટે સ્ટે મુક્યું. સરકારે કોવિડ-૧૯ રોગચાળોને ધ્યાનમાં રાખીને કર્મચારીઓના પગારોમાં ઘટાડો કર્યો હતો.

સરકાર ગંભીર આર્થિક સંકટનો સામનો કરતી હોવાથી ૨૨ એપ્રિલના રોજ રાજ્ય સરકારના તમામ કર્મચારીઓના પગારમાં આવતા પાંચ મહિના સુધી દર મહિને છ દિવસનો પગાર કાપવા નિર્ણય લીધો હતો.

સરકારના આદેશમાં કહેવામાં આવ્યું હતું કે, જેઓ દર મહિને ૨૦,૦૦૦ રૂપિયાથી ઓછો પગાર મેળવે છે તેમના પગારમાં કોઈ ઘટાડો થશે નહીં.સરકારે કહ્યું હતું કે કપાત આ મહિનાથી શરૂ થશે.

હાઈકોર્ટે કહ્યું રાજ્ય સરકારને પગારની ચુકવણી ટાળવા માટે નાણાકીય મુશ્કેલી એ કોઈ કારણ નથી. પ્રથમ દર્શનીય રીતે અમને લાગે છે કે વેતનની મુલતવી રાખવું ભલે એ ગમે તે હેતુ માટે હોય એ મિલકતને નકારી કાઢવા સમાન છે. આ વાત ધ્યાન માં રાખીને અમે સરકાર ના આદેશ ઉપર બે મહિના માટે સ્ટે મુકીએ છીએ.

કેરળના એડવોકેટ જનરલે કહ્યું હતું કે સરકાર ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ યોગ્ય ભંડોળ મેળવી શકે છે, જેની જોગવાઈઓ અન્ય કાયદાઓના ઉપરવટ છે. ન્યાયમૂર્તિ બેચુ કુરિયને કહ્યું કે સરકારી આદેશ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ જારી કરવામાં આવ્યો નથી.

એડવોકેટ જનરલે દલીલ કરી હતી કે ઓર્ડરમાં વિભાગોનો ઉલ્લેખ ન કરવામાં આવે તો પણ, કાયદા હેઠળની સત્તાનો હુકમ શોધી શકાય છે.

કોવિડ-૧૯ એ રાજ્યના સંસાધનો પર મોટો બોજો મૂક્યો છે. આના સંબંધે ગયા મહિને ૫૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યા હતા. સરકારી કર્મચારીઓ હાલમાં સમાજમાં સૌથી ભાગ્યશાળી છે, જ્યારે લોકડાઉનને કારણે બીજા ઘણા વર્ગ પીડાય છે, સરકારે એમ પણ કહ્યું હતું કે તે ફક્ત "આ અસાધારણ સંજોગોમાં પગારના અમુક ભાગ ની જ ચુકવણી મુલતવી રાખે છે".હાઈકોર્ટે કહ્યું કે કરવામાં આવેલ કામ માટે પગાર મેળવવો એ દરેક વ્યક્તિનો હક છે. કોર્ટે તેના આદેશમાં જણાવ્યું હતું કે, આર્ટિકલ ૩૦૦ છ હેઠળ મિલકત માં 'પગાર' નો પણ સમાવેશ થાય છે.

કેરળ મેડિકલ ઓફિસર્સ એસોસિએશનના પ્રમુખ ડૉ.જોસેફ ચાકો એ રવિવારે મુખ્ય મંત્રી પિનરાય વિજયનને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, તેમના પગારના અમુક હિસાબની ચુકવણી સ્થગિત કરવાનો સરકારનો નિર્ણય "ક્રૂર અને અમાનવીય" હતો અને તે કર્મચારીઓના મનોબળને અસર કરશે.

## સુપ્રીમ કોર્ટે કેન્દ્રને લોકડાઉન દરમિયાન 'એક રાષ્ટ્ર, એક રેશનકાર્ડ' યોજના અપનાવવા અંગે વિચારણા કરવા કહ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૮

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને કહ્યું છે કે, તેઓ એક રાષ્ટ્ર એક રાશન કાર્ડ યોજના નું અમલ કરવા વિચારણા કરે જેથી કોરોના વાયરસ રોગચાળા ના લીધે દેશ માં લાગુ થયેલ લોક ડાઉન દરમિયાન થઇ રહેલ સ્થળાંતર કરનાર કામદારો અને આર્થીક રીતે નબળાં વર્ગના લોકોને વ્યાજબી ભાવથી ખાદ્યાન્ન મળી શકે. કેન્દ્રની આ યોજના આ વર્ષે જૂન મહિનામાં શરૂ થવાની છે.

જજો એન.વી. રામન્ના, જજ સંજય કિશન કૌલ અને જજ બી.આર. ગવાઈની બેન્ચે આદેશ પસાર કરતા કહ્યું કે, "અમે કેન્દ્ર સરકાર ને આ સમયે આ યોજના લાગુ કરવાની ઉપયોગીતા બાબત વિચાર કરવા અને પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી વ્યાજબી નિર્ણય લેવા નિર્દેશો આપીએ છીએ." કોર્ટે આ સાથે વકીલ રીપક કન્સલની અરજીનું નિકાલ કર્યું. કન્સલે રાષ્ટ્ર વ્યાપી લોક ડાઉન ના લીધે જુદા જુદા સ્થળોએ ફસાયેલ કામદારો અને અન્ય નાગરિકોના લાભ માટે યોજના શરૂ કરવા નિર્દેશો આપવા વિંનતી કરી હતી.

અરજીમાં અરજદારે કોરોના વાયરસ રોગચાળા દરમિયાન સ્થળાંતર કામદારો, લાભાર્થીઓ, રાજ્યોના નિવાસીઓ અને પ્રવાસીઓ ના હિતો નો રક્ષણ કરવા માટે અને એમને વ્યાજબી ભાવે ખાદ્યાન્ન અને સરકારી યોજના હેઠળ લાભ ઉપલબ્ધ કરાવવા માટે હંગામી રીતે એક રાષ્ટ્ર એક રાશન કાર્ડ યોજના અપનાવવા માટે કોર્ટને હસ્તક્ષેપ કરવા વિંનતી કરી હતી.

કંસલે દાવો કર્યો કે રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશ પોતાના નાગરિકો અને મતદારોને પ્રાથમિકતા આપી રહ્યા છે અને તેઓ સ્થળાંતર કામદારો અને અન્ય રાજ્યોના નિવાસીઓ ને વ્યાજબી ભાવે ખાદ્યાન્ન, ભોજન, રહેઠાણ અને સ્વાસ્થ્ય સગવડો ના લાભો નથી આપી રહ્યા.

## સ્પોર્ટ્સ ટુડે

કોવિડ-૧૯ની જેમ કડક કાર્યવાહીની જરૂર

# ઉમર અકમલ પર પ્રતિબંધ : મેચ ફિક્સરોને જેલમાં નાખો : રમીઝ રાજા




કરાચી, તા.૨૮

પાકિસ્તાનના પૂર્વ કપ્તાન અને બેટસમેન રમીઝ રાજાએ મંગળવારે કહ્યું કે મેચ ફિક્સરોને અપરાધની શ્રેણીમાં લાવીને આ સમસ્યાનો ઘણી હદ સુધી સામનો કરી શકાય છે. સાથે જ તેમણે કહ્યું કે મેચ ફિક્સિંગને રોકવા માટે મજબૂત પગલા લેવાની જરૂર છે. જેવા કે હાલમાં કોવિડ-૧૯ મહામારીને રોકવા માટે લેવાઈ રહ્યા છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ સોમવારે બેટસમેન ઉમર અકમલને ત્રણ વર્ષ માટે પ્રતિબંધ કર્યા કારણ કે તેણે ભ્રષ્ટાચાર સંપર્કની જાણકારી આપી ન હતી. ત્યારબાદ રાજા અને ઝિમ્બાબ્વેના પૂર્વ ક્રિકેટર મબાગ્યાએ સોશિયલ મીડિયા પર મેચ ફિક્સિંગને લઈ ચર્ચા કરી મબાંગ્વાએ કહ્યું કે એવું લાગી રહ્યું છે કે આ લડાઈને ખરાબ લોકો જીતી રહ્યા છે. અકમલ નામ છે. શું એવું નથી ? શું તમને લાગે છે કે જેલની સજાથી જંગ જીતી શકાય છે. રાજાએ કહ્યું કે ક્રિકેટ જગતને બચાવવા માટે બધાએ આગળ આવવું પડશે.

## સરવન કોરોના વાયરસથી પણ ખરાબ છે : ગેલ ભડક્યો

જમૈકા, તા.૨૮

વેસ્ટઈન્ડીઝ ટીમના સાથી રહેલા રામનરેશ સરવન અને ક્રીસ ગેલ વચ્ચેના સંબંધોમા મતભેદ ખુલીને સામે આવી ગયા છે. ગેલ એ પૂર્વ મિડલ ઓર્ડર બેટ્સમેન ઉપર ખુલીને હુમલો કર્યો છે. ગેલે સરવનને સાપ સુધી કહી દીધો છે. ગેલને આ વર્ષે કેરોબિયન પ્રિમિયર લીગમાં જમૈકા તાલાવાહસે પોતાની ટીમમાં રાખ્યો ન હતો અને ગેલ એ આરોપ લગાવ્યો છે કે સરવને જ તેના અને ફ્રેન્ચાઈઝી વચ્ચેના સંબંધો બગાડ્યા છે. ગેલે દાવો કર્યો છે કે સરવન ફ્રેન્ચાઈઝી પર કન્ટ્રોલ કરવા માગતો હતો અને આ જ કારણે તેણે ગેલને ટીમની બહાર કરાવ્યો. ગેલે પોતાની યુટયુબ ચેનલ પર એક વીડિયો પોસ્ટ કરી કહ્યું છે કે સરવન તું હાલમાં કોરોના વાયરસથી પણ ખરાબ છે. તેણે આગળ કહ્યું છે કે જમૈકા સાથે મારો ઘટનાક્રમ થયો છે. તેમાં તારી મોટી ભૂમિકા છે. સરવન તુ એક સાપ છે તું મોટી સજાને લાયક છે.

## સચિન તેંડુલકર શેનવોર્નને પોતાના ઈશારે નચાવતા હતા : બ્રેટલી

નવી દિલ્હી, તા.૨૮

ઓસ્ટ્રેલીયાના પૂર્વ ઝડપી બોલર બ્રેટલીએ વિશ્વના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરની બેટીંગ ટેકનિકની પ્રશંસા કરી છે. લીએ એક ટીવી કાર્યક્રમમાં જણાવ્યું છે કે સચિન દિગ્ગજ સ્પિનર શેનવોર્નની સામે પણ એટલા મજબૂત હતા કે તે તેમને મનપસંદ જગ્યાએ ફટકા મારતા હતા. સચિન અને વોર્ન જ્યારે રમતા હતા ત્યાર. તેમના વચ્ચેની જંગ-બહુચર્ચિત રહેતી હતી. હવે ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઝડપી બોલર બ્રેટલીએ પણ માની લીધું છે કેઆ જંગમાં જીત લીટલ માસ્ટરની થતી હતી. લીએ કહ્યું કે તેંડુલકરે તેના સાથી બોલરને અનેકવાર પોતાના ઈશારે નચાવ્યા છે. સચિને વોર્નની વિરૂદ્ધ અનેક યાદગાર ઈનિંગો રમી છે. તેમણે વોર્નની હાજરીમાં ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ જે ૧૨ ટેસ્ટ રમી તેમાં ૬૦થી વધારેની સરેરાશથી રન બનાવ્યા છે. તેમાં પાંચ સદી અને પાંચ અર્ધસદી પણ સામેલ છે. વોર્નની હાજરીવાળી ૧૭ વન-ડેમાં તેણે ૫૮.૭૦ની સરેરાશ અને પાંચ સદીની મદદથી ૯૯૮ રન બનાવ્યા છે.

## તે લોકડાઉન દરમિયાન ખાનગી પુલમાં તરવા માટે ૭,૦૦૦ ડોલર ચૂકવે છે

### સિંગાપોરના કડક લોકડાઉન પગલાને કારણે બંધ થયેલા તેના કોન્ડોમિનિયમ પુલમાં તરવામાં સફળ ન થવાની સંભાવનાનો સામનો કરી રહેલા બ્રિટિશ લોકો તેમના પડોશીઓની મિલકતોની આસપાસ નજર કરે છે

(એજન્સી) તા.૨૮

આંશિક લોકડાઉન હેઠળ સિંગાપોર , લોકોને બહાર જવા પર પ્રતિબંધ છે. ઉન્મત્ત સમૃદ્ધ એશિયન લોકોના સમૂહ તરીકે સિંગાપોરની છબીમાં કોઈની મદદ ન કરવી એ એક માણસની લગભગ ખૂબ જ હાસ્યાસ્પદ-સાચી-વાર્તા છે જેણે મહિના માટે સિંગાપોર ૧૦,૦૦૦ (યુએસડી ૭,૦૪૦) સ્વીમીંગ પૂલ ભાડે આપ્યો છે.શરૂઆતમાં તે સિંગાપોરના દક્ષિણ કાંઠે આવેલા એક ટાપુ પર આવેલા એક ઉચ્ચ સ્તરના રહેણાંક વિસ્તાર સેન્ટોસા કોવમાં આખો બંગલો ભાડે આપવા માંગતો હતો. સિંગાપોર રીઅલટર્સ ઈંકના રીઅલ એસ્ટેટ એજન્ટ લેસ્ટર ચેનના જણાવ્યા અનુસાર સિંગાપોર $ ૩૦,૦૦૦નું માસિક ભાડું ખૂબ ઊંચું હતું, "મેં તે માણસને પૂછ્યું કે તે બંગલો ભાડે શા માટે આપવા માંગે છે ? શું તે તેના હાલના મકાનમાં જગ્યાના નિયંત્રણના કારણે છે?" ચેન, જેણે લીઝ સંભાળી હતી તેણે તેના ગ્રાહકની વ્યક્તિગત વિગતો જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો. "આ માણસે જવાબ આપ્યો કે તે પૂલનો જ ઉપયોગ કરવા માંગે છે કારણ કે તે લોકડાઉનને કારણે બંધ હતો."

સિંગાપોર આંશિક લોકડાઉનના ચોથા અઠવાડિયામાં પ્રવેશ સાથે, હવે કોરોનાવાયરસના કેસોમાં વધારો ઘટાડવા માટે ૧ જૂન સુધી વધારવામાં આવ્યો છે, લોકોને બહાર જતા રોકવામાં આવે છે. સ્પોર્ટ હોલ અને જીમ જેવી જાહેર સુવિધાઓ બંધ છે. વ્યક્તિઓને શક્ય દંડ, જેલની શરતો અથવા પાલન ન કરવા માટે તેમની વર્ક પરમિટની સસ્પેન્શનનો સામનો કરવો પડે છે.તેના ક્લાયન્ટ ફક્ત બાલી-થીમવાળા મકાનમાં પૂલનો ઉપયોગ કરવા માંગતા હતા, તેથી ચેન એક પ્રસ્તાવ લાવ્યો.

"મેં માલિક સાથે વાત કરી અને અમે પૂલ અને બગીચાને બે શરતો પર લીઝ પર આપવાની સંમતિ આપી. પ્રથમ, તે ફક્ત ત્રણ મહિનાના ટૂંકા ગાળાના લીઝ પર હશે. અને જો કોઈ અન્ય બંગલાને સંપૂર્ણ ભાડે ભાડે આપવાની ઈચ્છા રાખે તો અમે "કરાર સમાપ્ત કરિશું ," તેમણે કહ્યું.

રવિવારે બંને પક્ષોએ સોદા પર હસ્તાક્ષર કર્યા હતા. પ્રવેશને રોકવા માટે મકાનમાંતાળું મરાયેલ છે, ત્યારે વ્યક્તિ અને તેના પરિવારની બાજુના દરવાજામાંથી પ્રવેશ થાય છે. બંગલો એ તેના ઘરે થી ૧૦ મિનિટ દૂર છે.ચેને કહ્યું હતું કે, આવી જ વિનંતીઓ આવી છે, વ્યક્તિઓ સેન્ટોસા કોવમાં ફક્ત તેમના ખાનગી પૂલ અને બગીચાઓને ભાડે આપવા માંગે છે. પરંતુ તે વિકલ્પ મુખ્ય ભૂમિ પર રહેતા લોકો માટે ઉપલબ્ધ નથી, એમ તેમણે જણાવ્યું હતું."મેં ઓફિસો, ફેક્ટરીઓ, એપાર્ટમેન્ટ્સ અને બંગલા ભાડે લીધાં છે. પરંતુ આ પહેલું હતું."


Dhanvarsha

**ધનવર્ષા ફિનવેસ્ટ લિમિટેડ**
**CIN : L24231MH1994PLC0334457**
**રજિ. ઓફિસ** : બીજો માળ, બિલ્ડિંગ નં.૪, ડીજે હાઉસ, જૂના નાગરદાસ રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૯, (મહારાષ્ટ્ર) / **ફોન** : + 91-22-68457200
**Email :** contact@dfltd.in / **website :** www.dfltd.in

**સામાન્ય નોટિસ**

**સભ્યોના ઈ-મેઈલ એડ્રેસને અપડેટ કરવા અંગે**

ધનવર્ષા ફિનવેસ્ટ લિમિટેડ ("ધી કંપની")ના સભ્યોને જાણ કરવાની કે કંપનીઝ એક્ટ ૨૦૧૩ના અધિનિયમની લાગુ જોગવાઈઓનું પાલન અને ત્યાં સમયે સમયે સુધારેલ મુજબ બનાવેલા નિયમો, કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વાર જારી કરેલા સામાન્ય પરિપત્ર નં.૧૪/૨૦૨૦ અને ૧૭/૨૦૨૦ તા.૮ એપ્રિલ, ૨૦૨૦ અને ૧૩ એપ્રિલ, ૨૦૨૦ સાથે વાંચીને અનુક્રમે અને કોવિડ-૧૯ રોગચાળાને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રવ્યાપી લોકડાઉન, અન્ય કંપનીએ સામાન્ય સભાની નોટિસ/અન્ય સૂચનાઓ અથવા કોઈપણ દસ્તાવેજો મોકલવાનો પ્રસ્તાવ સભ્યોને ઈલેક્ટ્રીક સ્વરૂપમાં મૂકવો, જેમનું ઈ-મેઈલ સરનામું ડિપોઝિટરી પાર્ટીસિપન્ટ (ડીપી) અથવા કંપની સાથે નોંધાયેલ છે.

સભ્ય(યો) જેમણે પોતાના ઈ-મેઈલ એડ્રેસ તેમના ડીપી અથવા કંપની સાથે ન જોડાયેલ હોય જેની સાથે તેમના ડિમેટ ખાતાની સંભાળ રાખવામાં આવે અથવા કંપની સાથે ઈ-મેઈલ **contact@dfltd.in** પર નીચેની વિગતો પ્રદાન કરીને તેમના માન્ય ઈ-મેઈલ સરનામાને કૃપા કરીને નોંધણી કરાવવા વિનંતી.

| | |
|---|---|
| સભ્યોની સંખ્યા | |
| ડિમેટ આઈડી | |
| ગ્રાહક આઈડી | |
| યોજાયેલા શેરોની સંખ્યા | |
| રજિસ્ટર કરવા ઈ-મેઈલ સરનામું | |
| રજિસ્ટર કરવા માટે કોન્ટેક્ટ નં. | |

તે પણ નોંધ્યું છે કે સભ્યો **contact@dfltd.in** પર ઈ-મેઈલ મોકલીને આ સંદર્ભે ચોક્કસ વિનંતીઓ કરવા પર શારીરિક સ્વરૂપે આવા તમામ સંદેશા વ્યવહાર પ્રાપ્ત કરવાના હકદાર છે.

વતિ ધનવર્ષા ફિનવેસ્ટ લિમિટેડ
સહી/-
એમ. વિજય મોહન રેડ્ડી
કંપની સેક્રેટરી

સ્થળ : હૈદરાબાદ
તારીખ : ૨૮ એપ્રિલ, ૨૦૨૦

# ‘આ સંસ્થા સરકારની બંધક નથી’: સ્થળાંતર સંકટ અંગેની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે પ્રશાંત ભૂષણને કહ્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૮

કોરોના વાયરસના લીધે દેશ ભરમાં લાગુ થયેલ લોકડાઉન વચ્ચે સ્થળાંતર કામદારોના આવાગમનનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. કોર્ટે આ બાબત એક જાહેર હિત અરજીની સુનાવણી કરી હતી. પણ આ દરમિયાન અરજદાર તરફે હાજર રહેલ વકીલ પ્રશાંત ભૂષણની એક દલીલ સાંભળી સુપ્રીમ કોર્ટે નારાજગી દર્શાવી હતી. કોર્ટે ટીપ્પણી કરી હતી કે આ સંસ્થા સરકારની બંધક નથી. સુપ્રીમ કોર્ટે કોરોના વાયરસની તપાસ પછી પોતાના ઘરે જવા ઈચ્છતા કામદારોને જવા માટે પરવાનગી માટે દાખલ કરાયેલ અરજી બાબત કેન્દ્ર સરકાર પાસેથી જવાબ માંગતા આ ટીપ્પણી કરી હતી. કોર્ટે કેન્દ્રને મામલાની તપાસ કરવા અને બે રાજયો વચ્ચે કામદારોના આવાગમન બાબત કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો. કોર્ટે આ ટીપ્પણી ત્યારે કરી હતી જયારે વકીલ પ્રશાંત ભુષણે કહ્યું કે, કોર્ટ સરકારની વાત ખરાઈ કર્યા વિના



જ માની લે છે જયારે લોકો ખાસ કરીને સ્થળાંતર કરનાર કામદારોના મૂળભૂત અધિકારોનો અમલ કરવામાં આવતો નથી.

કોર્ટે સુનાવણી દરમિયાન ભૂષણના આ કથન બાબત નારાજગી દર્શાવી અને કહ્યું કે, જો ભૂષણને અમારા પર વિશ્વાસ નથી તો અમે એમને કેમ સાંભળીએ. ભૂષણ જાહેર હિત અરજી દાખલ કરનાર અમદાવાદના આઈ.આઈ.એમના પૂર્વ ડાયરેક્ટર જગદીપ છોકર અને વકીલ ગૌરવ જૈન તરફે કોર્ટમાં હાજર હતા. પોતાની દલીલમાં ભૂષણે કહ્યું કે, આ સંસ્થાનું ગઠન બંધારણ દ્વારા થયેલ છે પણ સ્થળાંતર કરતા કામદારોના મૂળભૂત અધિકારોનો ભંગ થઈ રહ્યો છે અને મને પોતાની નારાજગી જાહેર કરવાનો અધિકાર છે. બેન્ચે ભૂષણને કહ્યું કે, તમને ન્યાયતંત્ર પર વિશ્વાસ જ નથી. આ સંસ્થા કોઈની બંધક નથી. આ બાબત ભુષણે ખુલાસો કરતા કહ્યું કે, મેં આવું નથી કહ્યું. હું ખોટો પણ હોઈ શકું પણ અમુક પૂર્વ જજોએ પણ આ મંતવ્ય આપ્યું હતું. બેન્ચે કહ્યું તમે છેલ્લાં ૩૦ વર્ષથી અહિયાં વકીલાત કરો છો અને તમને ખબર હશે કે અમુક ચુકાદાઓ તમારી તરફેણમાં હોઈ શકે અને અમુક નહીં પણ હોઈ શકે. એ માટે તમને આવી વાતો નહીં કહેવી જોઈએ. બીજી બાજુ કેન્દ્ર સરકાર તરફે હાજર રહેલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ પણ ભૂષણ પર નિશાન તાકતા કહ્યું કે, એમણે ગેરસમજ નહિં હોવી જોઈએ કે ફક્ત એ જ છે જેમને કામદારોના મૂળભૂત અધિકારોના અમલની ચિંતા છે. મહેતાએ કહ્યું આ મામલે સરકાર પણ વધુ ચિંતિત છે અને આ કામદારોને મદદ મળવી જ જોઈએ જે માટે અમે પ્રયાસો કરી જ રહ્યા છે. ભુષણે કહ્યું કે, એવું લાગે છે કે સરકારે પોતાની આંખો બંધ કરી દીધી છે અને એમને લોકડાઉન દરમિયાન કામદારોની મજબુરી તરફ ધ્યાન આપવું જોઈએ. એમણે કહ્યું ૯૦ ટકા કામદારોને રાશન અથવા મજુરી મળી નથી. તેઓ ખુબ જ મુશ્કેલ પરિસ્થિતિઓમાં છે અને એમને પોતાના ઘરે જવા પરવાનગી મળવી જ જોઈએ. જો કે, મહેતાએ ભૂષણની આ વાતનો વિરોધ કરતા કહ્યું કે, આ રિપોર્ટ ખોટી છે, તમે કયા આધારે આ આંકડાઓ જણાવી રહ્યા છો? એમણે કહ્યું કેન્દ્ર સરકાર આ મામલે રાજ્યો સાથે સલાહ કરી રહી છે કે, આ કામદારોને કઈ રીતે ઘરે મોકલવામાં આવે. એ સાથે કામદારોને કઈ રીતે અને કેવા પ્રકારની મદદ કરીએ. કોર્ટે કહ્યું કે, આનો અર્થ એ થયું કે કેન્દ્ર સરકાર આ મુદ્દે ધ્યાન આપી રહી છે. મહેતાએ કહ્યું સરકાર પ્રત્યેક મુદ્દે ધ્યાન આપી રહી છે અને એમાં અમને અરજદારોની સલાહની જરૂર નથી. એમણે કોર્ટને વિંનતી કરી કે, અરજીને પડતર રાખવામાં નહીં આવે કારણ કે, આ પ્રકારની માંગણીઓ સાથેની ઘણી અરજીઓ પડતર છે.

# સુપ્રીમ કોર્ટે પગારો ઘટાડવા, નોકરીનો અંત અને સંસ્થા બંધ કરવા સામે કેન્દ્ર સરકરને નોટિસ મોકલી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૮

સુપ્રીમ કોર્ટે સોમવારે પત્રકારોના જૂથ દ્વારા નોકરીના અંત પગારમાં ઘટાડો અને ફરજીયાત રજા ઉપર મોકલવાના અને પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક માધ્યમોની કંપનીઓ બંધ કરવાના નિર્ણય બદલ કેન્દ્ર સરકાર, ભારતીય ન્યૂઝપેપર્સ સોસાયટી અને ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એસોસિએશનને નોટીસ મોકલી છે. સુપ્રીમ કોર્ટે વિડીઓ કોન્ફરેન્સ દ્વારા સુનાવણી કરી હતી અને આગામી સુનાવણી બે અઠવાડિયા પછી રાખી હતી.

કેન્દ્ર સરકાર તરફે હાજર રહેલ સોલીસીટર જનરલ તુષાર મહેતાએ બેન્ચને કહ્યું કે, કોર્ટ કોઈ નોટીસ જારી નહીં કરે. આની સામે બેન્ચે કહ્યું આ મામલો એવો છે જેમાં સુનાવણીની આવશ્યકતા છે અને આમાં અમુક ગંભીર મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા છે.

અરજદારો નેશનલ એલાયંસ ઓફ જર્નાલીસ્ટ, દિલ્હી યુનિયન ઓફ જર્નાલીસ્ટ તરફે હાજર રહેલ



વકીલ કોલીન ગોન્સલ્વીસે રજુઆતો કરી હતી. એમણે આક્ષેપો મુક્યા હતા કે, કોરોના વાયરસ નો હવાલો આપી પત્રકારો સમેત કર્મચારીઓને નોકરીઓ માં થી હટાવવામાં આવી રહ્યું છે અને એકતરફી નિર્ણય લઈ એમના પગારો માં ઘટાડો કરવામાં આવી રહ્યો છે અને એમને અચોક્કસ સમય સુધી પગાર વિના રજા ઉપર મોકલી દેવામાં આવે છે.

આ જાહેર હિત અરજીમાં કોર્ટને વિંનતી કરાઈ હતી કે, અખબારોનું પ્રકાશન કરવા અથવા ડીજીટલ મીડિયા સમેત મીડિયાના ક્ષેત્રમાં કામ કરનાર લોકો અને પત્રકારો અને અન્યોને અપાયેલ મૌખિક અથવા લેખિત નોટીસો રદ્દ કરવા આદેશ કરવામાં આવે.આ અરજી અખબારો અને મીડિયામાં કામ કરનાર કર્મચારીઓ અને કામદારો પ્રત્યે માલિકોના અમાનવીય અને ગેરકાયદેસર વર્તનને લઈ દાખલ કરાઈ છે. અરજીમાં લોકડાઉન દરમિયાન અમુક મીડિયા ગૃહો દ્વારા પોતાના કર્મચારીઓની સામે કરાયેલ કાર્યવાહીની પણ માહિતી આપવામાં આવી હતી.

અરજી મુજબ, મીડિયા ક્ષેત્રમાં ઘણાં બધા અખબારો, પત્રિકાઓ, ઓનલાઈન મીડિયા અને મીડિયા ક્ષેત્રમાં કાર્ય કરનાર અન્ય માલિકોએ માર્ચ ૨૦૨૦માં દેશવ્યાપી લોકડાઉનની જાહેરાત પછી શ્રમ અને રોજગાર વિભાગ ના સ્પષ્ટ નિર્દેશ છતાંય કર્મચારીઓ અને કામદારોને છુટા કરવા, પગારમાં ઘટાડો કરવાની દિશામાં પગલા લેવાયા હતા. અરજીમાં કહેવામાં આવ્યું છે કે, વડાપ્રધાને પણ કર્મચારીઓની નોકરીઓનો અંત નહિ લાવવા અથવા પગાર માં ઘટાડો નહિ કરવાની અપીલ કરી હતી.

# આતંક વિરોધી કાયદા હેઠળ એક સગર્ભા મહિલાને જેલમાં ધકેલી દેવાઈ

## CAA વિરોધી દેખાવોમાં અગ્રેસર સફુરા જરગર પર દિલ્હીમાં ફેબ્રુ.ના રમખાણોમાં મુખ્ય કાવતરાખોર હોવાનો આરોપ મૂકવામાં આવ્યો

(એજન્સી) તા.૨૮

જામિયા મિલ્લિયા ઈસ્લામિયા (જેએમઆઈ) યુનિવર્સિટીની રીસર્ચ સ્કોલર સફુરા જરગરે રમઝાનનો પ્રથમ દિવસ ભારતીય પાટનગર નવી દિલ્હીની અત્યંત સુરક્ષીત તિહાર જેલમાં પસાર કર્યો હતો. જેને પોતાની સગર્ભાવસ્થાનો બીજો ત્રિમાસિક ગાળો ચાલી રહ્યો છે એવી ૨૭ વર્ષની સફુરા જરગરની ૧૦, એપ્રિલના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને દિલ્હી પોલીસે તેના પર કડક આતંક વિરોધી કાયદા યુએપીએ હેઠળ આરોપ મૂક્યાં છે.

પોલીસે એવો આરોપ મૂક્યો છે કે હિંદુ રાષ્ટ્રવાદી સરકારના સમર્થકોએ સીએએ સામે ધરણા પર બેઠેલા દેખાવકારો પર હુમલો કર્યા બાદ નોર્થ ઈસ્ટ દિલ્હીમાં ફેબ્રુ.માં



ફાટી નીકળેલ હિંસામાં સફુરા જરગર મુખ્ય કાવતરાખોર છે. આ હિંસામાં ૫૩ લોકોનાં મોત થયાં હતાં જેમાં મોટા ભાગના મુસ્લિમોનો સમાવેશ થાય છે. અલ-જઝીરા સાથેની વાતચીતમાં જરગરના અધ્યાપકોએ તેને વાચાળ અને મહેનતુ ગણાવી હતી. તે જામિયા કોઓર્ડિનેશન કમિટીમાં સૌથી શક્તિશાળી મહિલા હતી એવું એક વિદ્યાર્થિની કૌસર જાને જણાવ્યું હતું.જામિયા કોઓર્ડિનેશન કમિટીના એક સભ્યએ પોતાનું નામ જાહેર નહીં કરવાની શરતે જણાવ્યું હતું કે કોરોના વાયરસ મહામારી દરમિયાન ધરપકડ એટલા માટે કરવામાં આવી રહી છે કે જેથી લોકડાઉન ઉઠાવ્યાં બાદ પણ સીએએ વિરોધી ચળવળનું ક્રમશઃ મૃત્યુ થાય. ૧૦, ફેબ્રુ. વચ્ચેના રોજ પોલીસ ઝપાઝપીમાં સફુરા જરગર બેહોશ થઈ ગઈ હતી. તે સગર્ભા હોવાથી તેણે પોતની શારીરિક હિલચાલ ઓછી કરી નાખી હતી. કોવિડ-૧૯ની મહામારીના ફેલાવા બાદ કોઈ જરુરી કામ સિવાય તે બહાર નીકળતી ન હતી અને ઘરેથી જ કામ કરતી હતી એવું તેના પતિએ જણાવ્યું હતું.

સફુરા જરગરના વકીલે જણાવ્યું છે કે આ સ્પષ્ટ આરોપના આધારે તે સગર્ભા હોવા છતાં તેને જેલમાં ધકેલવી એ ન્યાયની કસુવાવડ સમાન છે. જો કે ૨૦, એપ્રિલે દિલ્હી પોલીસે ટ્વીટ કર્યુ હતું કે દિલ્હી રમખાણોના સંદર્ભમાં તમામ ધરપકડો કાયદાની પૂર્તતા અને વૈજ્ઞાનિક પુરાવા પર આધારીત છે અને કોઈ પણ અપપ્રચાર કે અફવાથી તેને અવરોધી શકશે નહીં.

# સોશિયલ મીડિયાના યુગમાં અત્યાચારો સામે લડવાની ક્ષમતા અને અવરોધો

## પ્લેટફોર્મ સ્વયં અને સરકારો દ્વારા સોશિયલ મીડિયાની સેન્સરશીપના માહોલમાં અત્યાચારો દર્શાવતું ઓનલાઈન કન્ટેન્ટનું જતન કરવું એ એક પડાકર છે

(એજન્સી) તા.૨૮

આ વર્ષના આરંભે દિલ્હીમાં કોમી હિંસા દરમિયાન ઘવાયેલા લોહીલુહાણ પાંચ શખ્સોને પોલીસકર્મીઓ રાષ્ટ્રીય ગીત ગાવાની ફરજ પાડતાં હોય એવો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આમાંનો એક શખ્સ ફૈઝાન હતો જેનું પાછળથી ઈજાના કારણે મૃત્યુ થયું હતું.

આ વીડિયો સહિત અનેક વીડિયોએ પોલીસની પાશવતા પ્રકાશમાં લાવવામાં મદદરુપ થયાં હતાં જેના કારણે પોલીસને આ મામલામાં તપાસનો આદેશ કરવાની ફરજ પડી હતી. એ જ રીતે જાન્યુ.૨૦૨૦માં જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી પર થયેલ હુમલાનો વીડિયો સોશિયલ મીડિયા પર અપલોડ થયાં હતા જેના કારણે હુમલાખોરોની ઓળખ પ્રસ્થાપિત કરવામાં મદદ મળી હતી.



આમ સામાન્ય પ્રજા અને માનવ અધિકાર તેમજ માનવતાવાદી સંગઠનો દ્વારા સોશિયલ મીડિયાનો માહિતી પ્રાપ્ત કરવા, સંગ્રહ કરવા, વિશ્લેષણ કરવા અને વિતરણ કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રકારની માહિતીની અત્યાચાર અપરાધોના સંદર્ભમાં પુરાવાજન્ય ક્ષમતા હોય છે. તે પછી ફોટોગ્રાફ્સ હોય કે વીડિયો. પરંતુ પ્લેટફોર્મ દ્વારા તેમજ સરકાર દ્વારા સોશિયલ મીડિયાની સેન્સરશીપના માહોલમાં આ પ્રકારનું ઓનલાઈન કન્ટેન્ટનું જતન કરવામાં અનેક અવરોધો રહેલ છે.

ન્યાયતંત્ર પુરાવાના અભાવે અત્યાચારના અપરાધીઓને સજા કરવામાં કે તકસીરવાર ઠરાવવામાં નિષ્ફળ ગયેલ છે. ભારતમાં ક્રિમિનલ કોર્ટે ૨૦૦૨ના ગુજરાત રમખાણોમાં ડઝનબંધ પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂક્યા હતાં પરંતુ આજના ડિજીટલ યુગમાં સોશિયલ મીડિયા એ એક એવું પ્લેટફોર્મ છે કે જે તુલનાત્મક રીતે બિનખર્ચાળ અને નાગરિકોને સરળતાથી સંઘર્ષગ્રસ્ત કે સામુહિક હિંસા જેવા ક્ષેત્રોમાં ઉપલબ્ધ બને છે. ફેસબુક, ટ્વીટર અને યૂટ્યૂબ જેવા પ્લેટફોર્મ પીડિતોને કે આસપાસ ઊભેલા લોકોને ફોટોગ્રાફ્સ કે વીડિયો લેવામાં સમર્થ બનાવે છે અને તેને જે અત્યાચારો ચાલતા હોય છે તે અંગે વિશ્વને માહિતગાર કરવામાં તેઓ તેમને અપલોડ કરવામાં પણ મદદરુપ થાય છે. આમ સોશિયલ મીડિયાના યુગમાં અત્યાચારો સામે લડવાની ક્ષમતા તો છે પરંતુ સાથે સાથે સોશિયલ મીડિયાના કન્ટેન્ટને જતન કરવા આડે અનેક અવરોધો પણ છે જે એક પડકારરુપ કાર્ય છે.

# કાશ્મીર બેવડા પ્લેગથી પ્રભાવિત : એક કોરોના વાયરસ અને બીજું લોકશાહીનું દમન

(એજન્સી) તા.૨૮

આજકાલ કોરોના મહામારી દરમિયાન કાશ્મીરમાં શું ચાલી રહ્યું છે એ બહુ સાંભળવા મળતું નથી. પરંતુ તેમ છતાં હિંદુ શાસકો જમ્મુ-કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશનું નિર્માણ કરવામાં વ્યસ્ત છે. કાશ્મીર ખીણમાં લોકો માટે હજુ તેમના અધિકારોના દમનમાં કોઈ ઘટાડો થયો નથી.

ભારતમાં લોકડાઉન પહેલા જમ્મુ અને કાશ્મીમાં ૮ મહિના સુધી સંપૂર્ણ લોકડાઉન જોવા મળ્યું હતું. જો કે આ રાજકીય લોકડાઉન હતું જેમાં જમ્મુ અને કાશ્મીરના લોકોના બંધારણીય અને લોકતાંત્રિક અધિકારો પર હુમલા થયાં હતા. નાગરિકોના મૂળભૂત અધિકારો અને નાગરિક સ્વાતંત્રને સંપૂર્ણપણે બ્રેક લાગી ગઈ હતી. હજારો રાજકીય નેતાઓ અને કર્મશીલોની ધરપકડ કરવામાં આવી હતી.



ઈન્ટરનેટ શટડાઉન કરી દેવાયું હતું, અખબારોના અવાજને દબાવી દેવાયો હતો અને શાળાઓ તેમજ લોકોની ચળવળ બંધ કરી દેવાઈ હતી.

૨૫, માર્ચે ભારત સાથે શરૂ થયેલ બીજા લોકડાઉનમાં આ હુમલા વધુ સઘન બનાવાયાં છે. કેન્દ્રશાસિત પ્રશાસન હાલ કાશ્મીરી ઓળખ અને રાજનીતિનું વિસર્જન કરવામાં વ્યસ્ત છે. વસ્તીલક્ષી બદલાવના આધારે આ વિસર્જન કરવામાં આવી રહ્યું છે. ભવિષ્યની ઓછા સભ્યો સાથેની વિધાનસભા માટે બેઠકોના સીમાંકન અને કઠપૂતળી રાજકીય પક્ષની રચના દ્વારા રાજકીય માળખામાં પુનર્ગઠન કરવાનો રાજકીય પ્રોજેક્ટ ચાલી રહ્યો છે. પ્રશાસન કોરોના અસરગ્રસ્ત લોકો પ્રત્યે સંપૂર્ણ પણે બેપરવાહ છે. અત્યાર સુધી ૪૦૭ લોકોના રિપોર્ટ પોઝિટીવ આવ્યાં છે. મહામારી સામે કામ લેવા માટે આરોગ્ય તંત્ર અપર્યાપ્ત છે. ૭૦ લાખની વસ્તીમાં માત્ર ૯૭ જ વેન્ટિલેટર્સ છે.બીજી બાજુ આતંકી પ્રવૃત્તિ અને હુમલામાં પણ ઉછાળો આવ્યો છે. કોઈ રાજકીય પ્રક્રિયા અને લોકતાંત્રિક પ્રવૃત્તિના અભાવે હિંસા અને પ્રતિ હિંસાના વિષચક્રમાં ફસાયું છે જેમાં સામાન્ય લોકો સૌથી વધુ પીડિત છે. આમ કાશ્મીરની પ્રજા બેવડા પ્લેગથી પીડિત છે. એક છે કોરોના વાયરસ અને બીજું લોકતંત્રનું દમન. કાશ્મીરી પ્રજા આ બેવડા પ્લેગમાંથી ક્યો પ્લેગ તેમને સતાવી રહ્યો છે તે પારખી શકવા અસમર્થ છે.

# લોકડાઉન દરમિયાન એક માત્ર જીવાદોરી સમાન 4-જી ઈન્ટરનેટથી જમ્મુ અને કાશ્મીરને કેમ વંચિત રાખવામાં આવી રહ્યું છે ? એવા સવાલો આ પિટિશનમાં ઉઠાવવામાં આવ્યા છે

## કાશ્મીરમાં 4-જીના અભાવે કોવિડ-૧૯ સામેની લડાઈ વધુ મુશ્કેલ બની ગઈ છે ● કેટલાક લોકો સોશિયલ મીડિયાનો દુરુપયોગ કરતા હોય તો તેની સજા સમગ્ર જમ્મુ-કાશ્મીરને કેમ આપવામાં આવે છે ?

(એજન્સી) તા.૨૮

કોરોના લોકડાઉનમાં ઈન્ટરનેટ એક મોટો સહારો હોય છે. તેના દ્વારા સ્વજનોનો સંપર્ક કરી શકાય છે, વર્ક ફ્રોમ હોમ તેના આધારે ચાલી શકે છે. કોરોના અંગેની અદ્યતન માહિતી પણ ઈન્ટરનેટ પર ઉપલબ્ધ હોય છે. આમ અત્યારે ઈન્ટરનેટ આપણી લાઈફલાઈન એટલે કે જીવાદોરી છે.

પરંતુ આપણા દેશનો એક એવો પ્રદેશ છે કે જેની પાસે આ લાઈફલાઈન તો છે, પરંતુ બેન્ડવિડ્થ નથી. કનેક્ટિવિટી છે, પરંતુ અનિયમિત છે. ૨-જી છે, પરંતુ ૩-જી અને ૪-જી નથી. ત્યાં રહેતી વિદ્યાર્થિની અનિકા કહે છે કે બધાને ખબર છે કે કોવિડ-૧૯ શું છે. તેનાથી બચવા માટે કેવી સતર્કતા રાખવી જોઈએ. ક્વોરન્ટાઈન દરમિયાન લોકો પોતાના યુ-ટ્યૂબ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક દ્વારા જાગૃત રાખે છે પરંતુ



અમે તેનાથી ખૂબ દૂર છીએ. મોનીસ કહે છે કે તે યૂટ્યૂબ નથી ખોલી શકતી અને કોરોના અંગે જાગૃતિ આપતા વીડિયો જોઈ શકતી નથી. આ પરેશાની માત્ર અનિકા અને મોનીશની નથી, પરંતુ કાશ્મીરમાં રહેતાં તમામ લોકોની પરેશાની છે.

કાશ્મીરમાં ઓગસ્ટ ૨૦૧૯માં અનુચ્છેદ ૩૭૦ નાબૂદ થયાંના થોડા મહિના બાદ ૨-જી ઈન્ટરનેટ અને બ્રોડબેન્ડ સેવાઓ શરુ કરવામાં આવી હતી, પરંતુ ૪-જી શરૂ નહીં થતાં કોવિડ-૧૯ સામેની લડાઈ વધુ મુશ્કેલ બની ગઈ છે. સુપ્રીમકોર્ટે કોરોના વાયરસને લઈને જમ્મુ-કાશ્મીરમાં ૪-જી ઈન્ટરનેટ સેવા શરુ કરવા માટે દાખલ અરજી પર કેન્દ્ર અને જમ્મુ-કાશ્મીર પ્રશાસનનો ૨૭ એપ્રિલ સુધી જવાબ માંગ્યો છે. છેલ્લે ૨૧, એપ્રિલે સુનાવણી થઈ હતી.

વકીલ સાદાન ફરાશતે પોતાની અરજીમાં જણાવ્યું છે કે સરકાર અનુચ્છેદ-૧૪ (સમાનતાનો અધિકાર) તો અનુચ્છેદ -૧૯ (વાણી સ્વાતંત્ર) અને અનુચ્છેદ ૨૧ (જીવનનો અધિકાર)નું ઉલ્લંઘન કરી રહી છે.ઈન્ટરનેટ કનેક્ટિવિટીના અભાવે ૨૦ લાખ વિદ્યાર્થીઓનું ભાવિ પણ અદ્ધરતાલ છે કારણ કે બાળકો ઓનલાઈન ક્લાસ એટેન્ડ કરી શકતાં નથી.

કેટલાક લોકો સોશિયલ મીડિયાનો દુરુપયોગ કરી રહ્યાં હોય તો તેની સજા સમગ્ર જમ્મુ અને કાશ્મીરને કેમ આપાવમાં આવી રહી છે ? જો તેઓ ખોટું કરે તો શું દેશમાં તેના માટે કાયદો નથી ? આમ લોકડાઉન દરમિયાન એક માત્ર જીવાદોરી સમાન ૪-જી ઈન્ટરનેટથી જમ્મુ અને કાશ્મીરને કેમ વંચિત રાખવામાં આવી રહ્યું છે ? એવા સવાલો આ પિટિશનમાં ઉઠાવવામાં આવ્યાં છે.

# લોકડાઉન હોવા છતાં રાજસ્થાનમાં દલિત શખ્સની હત્યા સાથે જ્ઞાતિ આધારીત હિંસાએ ફરી માથું ઊંચક્યું

## જોધપુરથી ૮૦ કિ.મી. દૂર બાસની ખાતે પાંચ સવર્ણોએ એક દલિત પ્રૌઢની હત્યા કરતાં રાજ્યના દલિત સમુદાયમાં ભારે ફફડાટ

(એજન્સી) તા.૨૮

રાજસ્થાનમાં જોધપુરથી ૮૦ કિ.મી. દૂર જૈનતા ગ્રામ પંચાયત હેઠળ આવતાં બાસની ગામમાં ૧૮, એપ્રિલના રોજ સવર્ણો શખ્સો દ્વારા એક દલિત પ્રૌઢની હત્યા થતાં તેમના પરિવાર અને અન્ય દલિતોમાં ફફડાટ વ્યાપી ગયો છે. આ ગામમાં ૩૦ ટકા વસ્તી સાથે દલિતો લઘુમતીમાં છે.

હત્યા પામનાર દલિત પ્રૌઢ ડુંગરરામ મેઘવાલ રાજસ્થાનમાં સૌથી મોટા દલિત સમુદાય મેઘવાલ સમુદાયના છે. મેઘવાલ સમુદાયના મોટા ભાગના લોકો ખેત મજૂર અને મોચી તરીકે કામ કરે છે, પરંતુ ડુંગરરામ પાસે પોતાની માલિકીની જમીન હતી જે દેશના મોટા ભાગના દલિતો પાસે હોતી નથી અને ડુંગરરામ સેન્ટ્રલ એરીડ ઝોન રીચર્સ ઈન્સ્ટીટ્યૂટમાં કારકૂન તરીકે ફરજ બજાવતાં હતા.૧૮, એપ્રિલે



ડુંગરરામ અને તેના બે ભાઈઓ બંસીલાલ મેઘવાલ અને કેશરામ મેઘવાલ તેમની પારિવારિક જમીન પર ગયાં હતાં જે તેમના ઘરથી ૩ કિ.મી.ના અંતરે આવેલ છે. આ જમીન હુમલાખોરના ગામ ભાટ કોરિયા ગામના ક્ષેત્રમાં પડે છે. કોવિડ-૧૯ના કારણે દેશમાં લોકડાઉન હોવાથી ત્રણેય ભાઈઓએ તેમની જમીન ફરતે વાડ બાંધવામાં ટાઈમ પસાર કરવાનું વિચાર્યુ હતું.આ જમીન ડુંગરની નજીક છે અને ત્યાં મોટા પાયે ઝાડી ઝાખરા છે. ડુંગરરામ અને તેના બે ભાઈઓ ઝાડી ઝાંખરા કાપીને જમીન પર પથ્થરો બેસાડવા માટે તેને ખોદીને સમથળ બનાવી રહ્યાં હતાં એવું ડુંગરરામના સૌથી નાના ભાઈ રામદિલ મેઘવાલે જણાવ્યું હતું. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રીસર્ચમાં વરિષ્ઠ વહીવટી અધિકારી તરીકે કેરળમાં ત્રિવેન્દ્રમ ખાતે કામ કરતા રામદિને જણાવ્યું હતું કે એ દિવસે તે પોતાના ભાઈ ડુંગરરામ સાથે ફોન પર વાત કરતો હતો ત્યારે ડુંગરરામે તેને કહ્યું હતું કે સવર્ણ, રાજપૂત અને દેવાસી સમુદાયના પાંચ શખ્સો આજુબાજુ પોતાના ઢોર ચરાવી રહ્યાં હતા.

ડુંગરરામે તેના ભાઈને ચાલુ રાખવા કહ્યું હતું કે જ્યારે તેણે પાંચ સવર્ણો શખ્સો તેની તરફ આવી રહ્યાં હતા. સવારના પોણા આઠનો સમય હતો. પાછળથી રામદિને પોતાના પરિવાર પાસેથી સાંભળ્યું હતું કે તેમણે મારા ભાઈઓની હત્યા કરી નાખી છે. આમ રાજસ્થાનમાં જ્ઞાતિ હિંસા એ કોઈ નવી વાત નથી. પરંતુ ભારતમાં દેશવ્યાપી લોકડાઉન ચાલુ હોવા છતાં રાજસ્થાનમાં જ્ઞાતિ આધારીત હિંસાએ ફરીથી માથું ઊંચકીને એક દલિત પ્રૌઢની સવર્ણોએ હત્યા કરતાં સમગ્ર વિસ્તારમાં ભારે ફફડાટ અને ગભરાટ વ્યાપી ગયો છે. આ અગાઉ પણ રાજસ્થાનમાં દલિતોની અવારનવાર હત્યાઓ થઈ છે.

# (CDC) અમેરિકાની ટોચની સ્વાસ્થ્ય સંસ્થાએ કોરોના વાયરસના છ નવા લક્ષણો ઉમેર્યા

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૮

કોરોના વાયરસના શરૂઆતનાં લક્ષણોમાં સુકી ખાંસી, સખત તાવ આવવો અને શ્વાસ સાથે જોડાયેલી તકલીફો હતી. પરંતુ આ બીમારીનાં વધુ અન્ય લક્ષણો પણ સામે આવ્યા છે. જેને ખુદ અમેરિકાના હેલ્થ ઈન્સ્ટિટયૂટ સીડીસી (સેન્ટર્સ ફોર ડિસીઝ એન્ડ પ્રિપેન્શને) જાહેર કર્યા છે. સીડીસીએ જણાવ્યું છે કે, ત્રણ મુખ્ય લક્ષણો સિવાય કોરોના વાયરસમાં આવા ઘણાં લક્ષણો છે, જેને હજી અવગણવામાં આવ્યા છે. સીડીસીએ આ રોગના છ નવા લક્ષણો જાહેર કર્યા છે. અને તેના વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે



કે આ બધા લક્ષણો ૨થી ૧૪ દિવસમાં જોઈ શકાય છે. સીડીસીનું કહેવું છે કે કોરોના વાયરસવાળા લોકોને ઠંડી લાગવા જેવી સમસ્યા હોય છે. આ બિલકુલ વું જ છે જેમ કે સામાન્ય ઈન્ફેકશન થવા પર ઠંડ લાગે છે. જો કોરોના પોઝિટિવ આવે છે તે ઠંડીની સાથે, ધ્રુજારી અથવા જકડાઈ જવા જેવા લક્ષણો પણ જોઈ શકાય છે. સીડીસીએ જે નવા લક્ષણ જાહેર કર્યા છે. તેમાં સ્નાયુઓમાં દુખાવો પણ કહ્યો છે. આ પહેલા દુખાવાની સમસ્યા વિશે જણાવી ચૂક્યા છે. કોરોના ચેપગ્રસ્ત વ્યક્તિના શરીરનું ચોથી લક્ષણ ગંભીર માથાના દુખાવા તરીકે જણાવ્યું છે. ચીન અને અમેરિકામાં ઘણા કોરોના પોઝિટિવ લોકોમાં ગંભીર માથાનો દુખાવો જોવા મળ્યો હતો.

સીડીસી મુજબ કોરોના ચેપગ્રસ્ત વ્યક્તિને ગળામાં દુખાવો થઈ શકે છે. સીડીસીએ પોતાના અહેવાલમાં દાવો કર્યો છે કે કોરોના દર્દીઓ જીભથી કોઈપણ વસ્તુના સ્વાદને ઓળખવામાં આ સમર્થ છે. હવે ઘણાં દેશોમાં કોરોનાના કિસ્સા બન્યા છે કે જ્યાં લોકો જીભથી સ્વાદ ઓળખવાની શક્તિ ગુમાવી ચૂક્યા છે.




**છાપી વેપારી મંડળ દ્વારા નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો**

દેશમાં કોરોના વાયરસના કેર વચ્ચે છાપી વેપારી મંડળ અને વડગામ આરોગ્ય વિભાગના સંયુક્ત ઉપક્રમે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડૉ. દિપકભાઈ જનસારી, ડૉ. નરેન્દ્રભાઈ, ડો. નિમિષાબેન , ડૉ. મેહુલભાઈ, ડૉ. બિલાલ મેમન અને ડો. દીપેનભાઈ સહિત ની ટિમ ઉપસ્થિત રહી મંડળ ના સાઈઠ જેટલા વેપારીઓ નું શારીરિક ચેકઅપ કરી વિવિધ ટેસ્ટ કરી જરૂરી મફત દવાઓ પણ આપી હતી. આ કેમ્પ માં વડગામ આરોગ્ય અધિકારી ડૉ. પ્રકાશભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા નિઃશુલ્ક કેમ્પ માં સેવા આપનાર તમામ તબીબોનું મંડળના પ્રમુખ સુરેશ અગ્રવાલ તેમજ મંત્રી મહેશભાઈ મોદીએ મંડળ વતી આભાર વ્યક્ત કર્યો હતો.

(તસવીર : સુરેશ અગ્રવાલ, છાપી)

**ભરૂચના મુંડા ફળિયામાં વધુ બે કેસ નોંધાયા**

## કોરોના સંક્રમિત મૃતકના સંપર્કમાં આવેલ માતા-પુત્રનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૮

ભરૂચ શહેર અને જિલ્લામાં કોરોના વાયરસની એન્ટ્રી થયા બાદ એક પછી એક વ્યક્તિને ચેપ લાગવાના કારણે કોરોના વાયરસથી સંક્રમિત થયેલા વ્યક્તિઓની સંખ્યા ૨૫ સુધી પહોંચી ગઈ હતી જ્યારે આજે વધુ બે લોકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હોવાની ઘટનાને પગલે જિલ્લાનું વહીવટી તંત્ર દોડતું થયું હતું. ભરૂચ શહેરના મુંડા ફળિયામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન લેવાયેલા નમુનામા એક મહિલા તથા તેની પુત્રીને કોરોના વાયરસનો ચેપ લાગતાં આજે જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યારે આ વિસ્તારમાં તેમને સંપર્કમાં આવેલા લોકોનો મેડિકલ રિપોર્ટ અને સર્વે કરવામાં આવનાર છે આજે જયાબેન મોદી હોસ્પિટલમાંથી વધુ બે દર્દીઓને સારવાર બાદ રિપોર્ટ નેગેટિવ આવતા તેઓને જયાબેન મોદી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ અગાઉ મુંડા ફળિયામાં ૨ પોઝિટિવ કેસ મળી આવ્યા હતા અને બંનેના મૃત્યુ થયા હતા. મૃતકના સંપર્કમાં આવેલ અન્ય વ્યક્તિઓના સેમ્પલ લેવાયા હતા. જે પૈકી તેના બે પરિવારજનોનો રિપોર્ટ પોઝિટિવ આવતા બંનેને સ્પેશિયલ કોવિડ જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડાયા છે.

**લિંબાયતના હેડ કોન્સ્ટેબલના પુત્રને પણ ચેપ લાગ્યો**

## રેપિડ ટેસ્ટ બંધ થતાં સુરતમાં કોરોના પોઝિટિવ કેસોમાં આંશિકા ઘટાડો

### વધુ ૯ પોઝિટિવ સાથે કુલ આંક ૫૭૩ થયો

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૨૮

સુરત મહાનગર પાલિકા દ્વારા હોટસ્પોટ અને કલસ્ટર કરેલા વિસ્તારોમાં ટ્રેકીગ , ટેસ્ટીગ અને ટ્રીટમેન્ટના આધારે પોઝિટિવ કેસો શોધી રહ્યા છે. ટેસ્ટીગ પછી હવે સુરત મહાનગર પાલિકા ટ્રીટમેન્ટ પર વધુ ફોકસ કરી રહી છે. જેના કારણે પોઝિટિવ કેસોની સંખ્યા ધીમે ધીમે ઓછી થઈ રહી છે. મંગળવારે વધુ ૯ પોઝિટિવ કેસો સામે આવ્યા છે. જેમાં લિંબાયત પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલના પુત્રને પણ ચેપ લાગતા તેને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આમ કુલ પોઝીટીવ કેસોની સંખ્યા ૫૭૩ પર પહોંચી છે. સ્લમ વિસ્તારોમાં ફીવર કલીનીક ચાલુ કર્યા બાદ ત્યાં ટેસ્ટીગની પ્રકિયા પણ શરૂ કરી છે. બીજી બાજુ નોંધાયેલી દર્દીઓની ટ્રીટમેન્ટ પર વધુ ફોકસ કરવામાં આવ્યો છે. મંગળવારે વધુ ૯ પોઝિટિવ કેસો સામે આવ્યા છે. જેમાં લિંબાયત પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલનો રીપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ તેના પુત્રને પણ ચેપ લાગતા સિવીલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. આમ સુરત શહેરમાં પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૫૭૩ પર પહોચી છે. અત્યાર સુધી ૧૯ના મોત અને ૧૯ને રજા આપવામાં આવી છે.

**બહારથી મજૂરો લાવતા સ્થાનિક કામદારો વિફર્યા**

## ડાયમંડ બુર્સ પ્રોજેક્ટનાં મજૂરોએ હોબાળો મચાવી તોડફોડ કરી

**વતન જવાની માગ સાથે કામદારોમાં રોષ; પોલીસનો મોટો કાફલો તૈનાત કરાયો**

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૨૮

ખજોદમાં તૈયાર થઈ રહેલા એશિયાના સૌથી મોટા ડાયમંડ બુર્સ ડ્રીમ પ્રોજેકટના મજૂરો આજે ફરી વિફર્યા હતા. વતન જવાની માંગ અને બહારથી મજૂરો લાવવામાં આવતા મજૂરોએ હોબાળો મચાવ્યો હતો. ઓફિસ સુરક્ષા કેબીન સહિત અન્ય સામાનમાં તોડફોડ કરી હતી.જોકે પોલીસ ઘટના સ્થળે દોડી આવી મામલો થાળે પાડયો હતો. દરમિયાન ફરી હોબાળો અને તોડફોડ થતા પોલીસનો મોટો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે.ખજોદમાં મંગળવારે ફરી ડાયમંડ બુર્સના મજૂરો દ્વારા હોબાળો મચાવવામાં આવ્યો હતો. બહારથી મજૂરો લાવવામાં આવતા સ્થાનિક કામદારો વિફર્યા હતા. મેનેજમેન્ટ અને કોન્ટ્રાકટર સામે રોષે ભરાયેલા મજૂરોએ ઓફિસ સુરક્ષા કેબીન સહિત અન્ય સામાનમાં તોડફોડ તોડફોડ કરી હતી. સાથે સાથે વતન જવાની માંગ પણ કરાઈ હતી. લગભગ ૪૦૦૦ કારીગરો ડાયમંડ બુર્સ પ્રોજેકટમાં કામ કરી રહ્યા છે. ગત ૧૦ એપ્રિલના રોજ ડાયમંડ બૂર્સના મજૂરો દ્વારા પુરતું ભોજન ન મળતું હોવાથી હોબાળો મચાવ્યો હતો. મજૂરોને પોલીસ અધિકારીઓએ સમજાવતા મામલો માડ માંડ થાળે પડ્યો હતો. દરમિયાન ફરી હોબાળો અને તોડફોડ થતા પોલીસનો માટો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે.

## અમરેલીમાં આજના ૪ શંકાસ્પદ કેસ સહિત ૧૦૬ કેસ નોંધાયા : ૧૦૨ નેગેટિવ

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણને અંકુશમાં રાખવા જિલ્લા વહિવટીતંત્ર સહિત જિલ્લાના આરોગ્ય તંત્ર ખેડપગે સેવા આપી રહ્યું છે. ત્યારે હજુ અમરેલી જિલ્લામાં કોરોનાનો એક પણ પોઝિટિવ કેસ નોંધાયો નથી.

જિલ્લામાં અનેક સ્થળે પેસેન્જરોની સ્ક્રિનિંગ ચેકપોસ્ટ કાર્યરત છે.આજ રોજ આ તમામ ચેકપોસ્ટમાં ૪૩ વાહનોની ચકાસણીમાં કુલ ૧૦૮ પેસેન્જરોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું. જેમાં જિલ્લા બહારના ૬૮ પેસેન્જરો હતા. આજરોજ ૩૪૧૩ પ્રવાસીઓ હોમ ક્વોરેન્ટઇનમાં છે જ્યારે ૪૭૨૦ પ્રવાસીઓએ હોમ ક્વોરેન્ટઇન પૂર્ણ કર્યો છે. સરકારી ક્વોરેન્ટઇન ફેસેલીટીમાં આજ દિન સુધી કુલ ૧૬૫ પ્રવાસીઓ અને હાલ ૧૧૮ લોકો દાખલ થયા છે. સરકારી પરવાનગી વગર જિલ્લામાં પ્રવેશેલા ૩૨૬ વ્યક્તિઓ પૈકી ૨૨૨ વ્યક્તિઓ સરકારી કોરેન્ટાઇન ફેસિલિટીમાંથી રજા મળી ગઈ છે. તેમજ હાલ ૧૦૦ વ્યક્તિઓને કોરેન્ટાઇન કરવામાં આવ્યા છે. આજસુધીમાં લેવાયેલા કોવિડ-૧૯ના શંકાસ્પદ દર્દીઓના સેમ્પલમાંથી તમામ ૧૦૨ લોકોના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. આજરોજ ૪ વ્યક્તિના સેમ્પલ લેવાયાં છે, જે રિપોર્ટ પેન્ડિંગ છે. આમ જિલ્લામાં આજદિન સુધીમાં કુલ ૧૦૬ શંકાસ્પદ વ્યક્તિઓના રિપોર્ટ કરવામાં આવ્યા છે.

## અંકલેશ્વરમાં જાહેરનામાનો ભંગ કરતા દુકાનદારો સામે કાર્યવાહી હાથ ધરાઈ

અંકલેશ્વ, તા.૨૮

અંકલેશ્વર શહેરમાં પેટ્રોલિંગ પર નીકળેલી પોલીસને આજ રોજ શહેરના ચૌટાનાકા પાસે અનાજ કરિયાણાની દુકાન ચલાવતા તેજસકુમાર ભરતભાઈ બીડીવાળરની દુકાન પર સોશિયલ ડિસ્ટન્સના કાયદાનો ભંગ કરતા જાહેર આરોગ્ય સલામતી જોખમાતા દુકાન માલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

જ્યારે બીજી એક દુકાન માલિક મિહિરભાઈ મનિષભાઇ કાર્યસ્થ પોતાની નવદુર્ગા પ્લાસ્ટિક નામની દુકાન ખુલ્લી રાખી કોઈપણ જાતની પરવાનગી લીધા વગર પ્લાસ્ટિક વેચાણ કરતાં કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરતા શહેર પોલીસ મથકના સૂત્રોએ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




**કરજણ શિનોરપોરના ધારાસભ્ય દ્વારા સરકારી કર્મીઓને સન્માનિત કરાયા**

કોરોના મહામારીના કપરા સમયે કરજણ તાલુકામાં પોલીસ તંત્ર, ટ્રાફિક પોલીસ તંત્ર તેમજ આરોગ્ય ખાતાના કર્મચારી, કરજણ પોસ્ટના પીએમઓ, બેંકોના કર્મીઓ, પાલિકાના સફાઈ કર્મીઓ દ્વારા પ્રસંશનીય સેવાનીઓ કરવા બદલ મંગળવારે કરજણના ધારાસભ્ય અક્ષય પટેલ દ્વારા તમામને તેમની ફરજ પરના સ્થળ પર પહોંચી જઈ ગુલાબનું ફૂલ આપી સન્માનિત કરી તમામ કર્મચારીની સેવાઓને બિરદાવી હતી. કરજણ સીએચસીને હાઈ ટેમ્પરેચર મશીન આપ્યું હતું. નારેશ્વર પોલીસ તેમજ અન્ય ગ્રામ્ય પેરામેડિકલ કર્મીઓને બિરદાવ્યા હતા. આ પ્રસંગે કોંગ્રેસના કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર :- ઈમરાન ઐયુબ મોદી, પાલેજ)

**કપડવંજ નજીકનો બનાવ**

## પિતાએ બેદરકારીપૂર્વક રિક્ષા હંકારતા સર્જાયેલા અકસ્માતમાં પુત્રએ જીવ ગુમાવ્યો

નડિયાદ, તા.૨૮

કપડવંજ તાલુકાના આતરસુંબા ગામમાં આવેલ કુવાવાળી ફળીમાં રહેતાં જનકકુમાર શંકરલાલ ગઢવી અમુલ દૂધની એજન્સી ધરાવે છે. આજરોજ વહેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં જનકભાઈ, તેમનો ૨૨ વર્ષીય પુત્રરાજદીપ અને ભાઈ દિપકભાઈ શંકરલાલ ગઢવી અતુલ લોડીંગ રીક્ષા નં. જીજે ૦૯ વી ૮૮૬૩માં દૂધ-છાશના કેરેટ ભરી આતરસુંબાથી કપડવંજ જવા નીકળ્યા હતા. જનકભાઈ રીક્ષા ચલાવતા હતા. તેમની બાજુની સીટમાં તેમનો પુત્રરાજદીપ બેઠો હતો. અને પાછળના ભાગમાં તેમનો ભાઈ દિપકભાઈ બેઠા હતા. સાડા પાંચ વાગ્યાના અરસામાં તેઓ કપડવંજ નજીક જલોયા તળાવ પાસેથી પુરપાટઝડપે પસાર થઈ રહ્યા હતા. તે વખતે જનકભાઈએ એકાએક સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતાં રીક્ષા રોડની સાઈડમાં ઊભેલા ટેન્કર નં. એમપી ૦૯ એચજી ૬૭૬૦ સાથે ધડાકાભેર અથડાઈ હતી. રીક્ષા પલ્ટી ખાઈ જતાં રીક્ષામાં ભરેલો સામાન રોડ પર વિખરાઈ ગયો હતો તેમજ રીક્ષામાં સવાર જનકભાઈ અને દિપકભાઈને શરીરમાં વત્તાઓછા પ્રમાણમાં ઈજા પહોંચી હતી. જ્યારે રાજદીપને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી રાજદીપને સારવાર માટે કપડવંજમાં આવેલ જેબી મહેતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે રાજદીપ જનકભાઈ ગઢવી (ઉં.વ ૨૨)ને તપાસ્યા બાદ મૃત જાહેર કર્યો હતો.

## ઝઘડિયાના તરસાલી ગામે નર્મદા નદીમાં બે મિત્રો તણાયા : એકનો બચાવ, બીજો લાપતા

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૨૮

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના નર્મદા કાંઠાના નવી તરસાલી ગામના બે મિત્રો નર્મદામાં નહાવા પડતા નદીના પાણીમાં ડૂબવા લાગ્યા હતા. આ બે પૈકી એકને બચાવવામાં સફળતા મળી હતી. જ્યારે બીજાનો કોઇ પત્તો ન મળતા તેનું ડૂબી જવાના કારણે મોત થયું હોવાની આશંકા જણાય છે. રાજપારડી પોલીસમાંથી મળતી વિગતો મુજબ ગુલામહુસૈન ઈસ્માઇલમલેક (રહે.નવી તરસાલી તા.ઝઘડિયા)એ રાજપારડી પોલીસમાં લખાવેલ ફરિયાદ મુજબ તેમનો નાનોભાઇ મખદુમ અને તેનો મિત્ર મોસીન એહમદમલેક બંને (રહે.નવી તરસાલી) બાઇક લઇને સોમવારના રોજ બપોરેના બે વાગ્યાના અરસામાં જૂની તરસાલી ગામ નજીક નર્મદા નદીમાં નહાવા ગયા હતા. દરમિયાન ન્હાતી વખતે એકાએક બંને મિત્રો નર્મદાના પાણીમાં ડૂબવા લાગ્યા હતા. તેની જાણ થતાં ગુલામભાઇ નામના એક સ્થાનિક નાવડીવાળાએ ભારે જહેમતથી બંનેને બચાવવાના પ્રયત્ન કરતા આ બે પૈકી એક મોસીનને બચાવી લેવામાં સફળતા મળી હતી. જ્યારે પાણીમાં ડૂબેલા મખદુમભાઇનો કોઇજ પત્તો નહીં લાગતા ફાયર ફાયટર અને સ્થાનિક તરવૈયાઓની ટીમોએ નદીના પાણીમાં લાપત્તા બનેલા યુવાનને શોધવા ભારે જહેમતથી શોધ આરંભી હતી. ઉલ્લેખનીય છે કે, આ લખાય છે ત્યાં સુધી પાણીમાં લાપત્તા થયેલા મખદુમ નામના યુવાનનો કોઇ પત્તો મળ્યો નથી. આ યુવાન પાણીમાં ડૂબી ગયો હોય અથવા નદીના વહેણમાં તણાઇ ગયો હોવાથી તેનું મોત થયું હોય એવી આશંકા જણાય છે. રાજપારડી પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

## ડીસા : મુસ્લિમ સમાજની લાગણી દુભાય તેવી પોસ્ટ કરનારા સામે ફરિયાદ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૮

સમગ્ર દેશમાં કોરોના મહામારી વચ્ચે લાંબા સમયનું લોકડાઉન આપવામાં આવ્યું છે. લોકો લોકડાઉનનો અમલ કરે તે માટે પોલીસ પ્રશાસન પણ સક્રિય બની ફરજ નિભાવી રહ્યું છે. જો કે, આવા કપરા સમયમાં પણ સોશિયલ મીડિયા દ્વારા સમાજમાં વિસંવાદિતતા સર્જાય તેવી પોસ્ટ પણ અનેક લોકો કરી વૈમનસ્ય ફેલાવતા હોય છે. આવી જ એક ઘટના ડીસા ખાતે બનવા પામી છે જેમાં ગ્રામ્ય વિસ્તારનો એક ઈસમ મુસ્લિમ સમાજની લાગણી દુભાય તેવી પોસ્ટ કરી દેતાં આ મામલે તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ પ્રાપ્ત વિગતો અનુસાર ડીસા તાલુકાના એક ઈસમ દ્વારા કેશરસિંહ વાઘેલા ભડથના નામે પોતાની ફેસબૂક આઈડી ઉપર મુસ્લિમ સમાજની ધાર્મિક લાગણી દુભાય તેવું લખાણ લખી હિન્દુ-મુસ્લિમ વચ્ચે વૈમનસ્ય ફેલાય તેવું કૃત્ય આચરી બને કોમો વચ્ચે સુલેહ શાંતિનો ભંગ થાય તેવી હરકત કરવા મામલે ડીસા તાલુકા પોલીસને ખાનગી રહે મળેલ બાતમી આધારે તપાસ કરી આ ફેસબૂક આઈડી નામે કેશરસિંહ વાઘેલા ભડથ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરમાં કોમી વૈમનસ્ય ફેલાવવાનો પ્રયાસ કરતા પાંચ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૮

હિંમતનગરના રહેમતનગર ઝૂંપડામાં રહેતા અબ્દુલસલામ કાસમભાઈ સૈયદ, મુમતાજ અબ્દુલસલામ સૈયદ, મહેરાજ ઈરફાનભાઈ દિવાન, રાજુભાઈ ઉર્ફે ઈસ્માઈલભાઈ જાનમહંમદ મેમણ અને આરીફભાઈ હારૂનભાઈ રાજપુરાએ લોકડાઉન દરમિયાન બે જૂથો વચ્ચે કોમી વૈમનસ્ય પેદા કરવાના તથા જાહેરનામાનો ભંગ કરવાના આશયથી આરએસએસ તથા વિશ્વ હિન્દુ પરિષદ જેવી સંસ્થાઓ તરફથી આ લોકોને રાશનકિટ મળી હતી.

પરંતુ વૈમનસ્ય પેદા થાય તેવા શબ્દો ઉચ્ચારતો વીડિયો બનાવીને સોશિયલ સાઈટ પર વાયરલ કર્યો હતો. ત્યારબાદ જિલ્લા પોલીસ વિભાગના સાયબર ક્રાઈમ સેલ દ્વારા આ વાયરલ થયેલા વીડિયોની ચકાસણી કરવામાં આવી હતી અને તેમાં રહેમતનગરમાં રહેતા પાંચેય જણાના બદ ઈરાદા દેખાયા હતા. જેથી પીએસઆઈ એચ.એમ.કાપડિયાએ મંગળવારે આ પાંચેય જણા વિરૂદ્ધ જાહેરનામાનો ભંગ તથા અન્ય કલમને આધારે સોમવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## મહેમદાવાદના સિંહુજ નજીક ગટરમાં ખાબકેલી ટેમ્પી નીચે દબાયેલા ચાલકનું મોત

નડિયાદ, તા.૨૮

મહેમદાવાદ તાલુકાના સિંહુજ નજીક રોડ પરથી પસાર થઈ રહેલ એક ટેમ્પીના ચાલકે એકાએક સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવતાં ટેમ્પી પલ્ટી ખાઈ ગટરમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ટેમ્પી નીચે દબાઈ જવાથી ગંભીર ઈજાગ્રસ્ત બનેલા ચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

નડિયાદમાં ન્યુ શોરોકનગર પાસે આવેલ રાજીવનગર સોસાયટીમાં રહેતાં ધર્મેશભાઈ અમરસિંહ ચાવડા આજરોજ વહેલી સવારે સાડા છ વાગ્યાના અરસામાં પોતાની લોડીંગ ટેમ્પી નં જીજે ૦૭ વાયવાય ૬૪૦૫માં નડિયાદથી મચ્છી ભરી સિંગરવા ગામે જવા નીકળ્યા હતા. દરમિયાન તેઓ મહેમદાવાદ તાલુકાના સિંહુજ ગામની સીમમાં આવેલ ડિફર તળાવ નજીક વળાંકમાંથી પસાર થતાં હતા. તે વખતે એકાએક સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં ટેમ્પી પલ્ટી ખાઈ રોડની સાઈડમાં આવેલ ગટરમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ટેમ્પી નીચે દબાઈ જવાથી ગંભીર ઈજાગ્રસ્ત બનેલા ધર્મેશભાઈ અમરસિંહ ચાવડા (ઉં.વ ૨૭)નું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુંહતું.

**પ્રથમ કરતા લોકડાઉનના બીજા તબક્કામાં કેસોની સંખ્યા વધી**

## સુરતમાં કોરોનાનું રૌદ્ર રૂપ : છેલ્લા ૧૩ દિવસમાં ૪૯૮ કેસ અને ૧૪નાં મોત થયાં

**લોકોની બેદરકારી અને જાગૃતિના અભાવે કૂદકે ને ભૂસકે વધી રહેલા કેસો ચિંતાનો વિષય**

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૮

કોરોનાના વધતા કહેરને લઈને રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉન-૩ની ચર્ચા ચાલી રહી છે. પરંતુ લોકડાઉન એક કરતાં લોકડાઉન બેમાં સુરતમાં કેસની સંખ્યા વધી ગઈ છે અને મોત પણ વધારે થયા છે. પ્રથમ લોકડાઉન ૨૪ માર્ચના રોજ પૂર્ણ થયું હુતં. જેમાં સુરતનાં ૪૫ કેસો નોંધાયા હતાં. જ્યારે બીજા તબક્કામાં કોરોના પોઝિટિવ કેસોનો રાફડો ફાટ્યો છે. ૨૧ દિવસના લોકડાઉન વચ્ચે પ્રથમ ૧૩ દિવસમાં જ ૪૯૮ કેસો નોંધાયા છે. એટલું જ નહી પણ બીજા તબક્કાના લોકડાઉનમાં કોમ્યુનિટી ટ્રાન્સમીશનનું બિહામણું ચિત્ર પણ જોવા મળતાં અત્યાર સુધીમાં કુલ ૧૯ જેટલા લોકોએ જીવ ગુમાવ્યો છે.

૨૪ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકડાઉન જાહેર કરતાં સુરતમાં પ્રથમ તબક્કામાં ૨૧ દિવસનું લોકડાઉન એક તબક્કે સફળ રહ્યું હોય માત્ર ચાર વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં અને કુલ ૪૫ કેસ સામે આવ્યાં હતાં. જો કે ત્યાર બાદ રાંદેર ગોરાટ વિસ્તારમાં કોરોના પોઝિટિવ કેસો વધવાની શરૂઆત થઈ હતી. માનદરવાજા અને વરાછા, કતારગામ સહિતના વિસ્તારમાં કેસો સતત વધ્યા હોવાથી ૧૪ એપ્રીલથી ૩ મે સુધીના બીજા તબક્કાના લોકડાઉનમાં ૧૪ એપ્રિલથી ૧૩ દિવસમાં જ ૪૯૮ કેસ નોંધાઈ ચુક્યા છે. શહેરમાં કોરોના પોઝિટિવ ૫૪૩ ઉપર આંકડો પહોંચી ગયો છે.

**સોશિયલ ડિસ્ટન્સિંગનો અમલ થતો ન હોવાથી પોલીસે કાર્યવાહી કર્યા બાદ**

## ડિંડોલીમાં સ્થાનિકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ પથ્થરમારામાં બે પોલીસકર્મી ઈજાગ્રસ્ત

**પોલીસે હળવો લાઠીચાર્જ કરી ૧૦થી વધુ ઈસમોની અટકાયત કરી**

(સંવાદદાતા દ્વારા) સુરત તા.૨૮

સુરતના ડિંડોલી ઠાકુરનગરમાં મંગળવારે સવારે સોશ્યલ ડિસ્ટનસીંગનો અમલ થતો ન હોય તો પોલીસ ઘટના સ્થળ ઉપર પહોંચી કાર્યવાહી હાથ ધરતા ઉશ્કેરાયેલા લોકોએ પોલીસ સાથે ઘર્ષણ સર્જી પથ્થરમારો કર્યો હતો. પોલીસે સ્થિતિ કાબૂમાં પોલીસ ફોર્સને ત્યાં બોલાવી હળવો લાઠીચાર્જ હતો. પોલીસે સ્થળ ઉપરથી ૧૦ થી વધુની અટકાયત કરી હતી. જયારે રસ્તા ઉપર ઉતરી આવેલા લોકોને સમજાવી ઘરે પરત મોકલ્યા હતા. આ ઘટનામાં બે પોલીસ કર્મચારીઓ ઘવાયા હોવાનું અને પોલીસ વાહનને નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

સુરતના ડિંડોલી વિસ્તારમાં રેલવે ટ્રેકને અડીને આવેલા ઠાકુરનગરમાં મંગળવારે સવારે સોશિયલ ડિસ્ટનસીંગનો અમલ થતો ન હોય સ્થળ ઉપર ડિંડોલી પોલીસ મથકની પીસીઆર વાન પહોંચી હતી. પોલીસે લોકોને સોશ્યલ ડિસ્ટનસીંગનો અમલ કરવા સૂચના આપી કાર્યવાહી શરૂ કરી હતી. તે સમયે પોલીસે એક યુવાનને ડંડો મારતા સ્થિતિ વણસી હતી અને લોકોના ટોળાએ એકત્ર થઈ પોલીસ ઉપર પથ્થરમારો શરૂ કર્યો હતો. પોલીસ કર્મચારીઓની મદદ માટે એસઆરપી, ડિંડોલી અને લિંબાયત પોલીસનો કાફલો દોડી આવ્યો હતો. આ ઘટનામાં બે પોલીસ કર્મચારીઓ ઘવાયા હોવાનું અને પોલીસ વાહનને નુકશાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

**ટ્વીટર પર કામગીરીને બિરદાવતા સીએમ**

## મોરબીના પરેડ ગ્રાઉન્ડમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાતા મુખ્યમંત્રી રૂપાણીએ પ્રશંસા કરી

(સંવાદદાતા દ્વારા) મોરબી, તા.૨૮

મોરબીમાં લોકડાઉનમાં પોલીસ દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં મોરબી એસપી કરનરાજ વાઘેલા, ડીવાયએસપી રાધિકા ભારાઈ તેમજ એ ડિવિઝન, બી-ડિવિઝન સહિતના તમામ પોલીસ સ્ટેશનમાં મોરબી એસપી રૂબરૂ જઈને ચેક કરી રહ્યા છે. ત્યારે મંજૂરી આપવામાં આવેલ જગ્યાઓએ કોઈ ભીડભાડ ન થાય અથવા લોકડાઉનનો ભંગ ન થાય એ માટે કડક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ત્યારે શાક માર્કેટને થોડા દિવસ પહેલા જ વ્યવસ્થાના ભાગરૂપે મોરબી સીટી પરેડ ગ્રાઉન્ડ ખાતે ખસેડી અને સોશ્યલ ડિસ્ટનસિંગ જળવાઈ રહે એ રીતે ગોઠવણી કરી દેવામાં આવી છે. તેમેજ સામાંકાંઠે પણ ગોપાલ સોસાયટી પાસેની શાકમાર્કેટ માટે સોશિયલ ડિસ્ટન્સની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.



(તસવીર : મહેબુબ પીલુડિયા, મોરબી)

જેની પ્રશંસા આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા પણ કરવામાં આવી છે. મોરબીના પરેડ ગ્રાઉન્ડના અને સામાકાંઠાની શાકમાર્કેટના ફોટા સાથે ટ્વીટર પર ટ્વીટ કરી કામગીરીની પ્રશંસા કરી હતી.

**ભરૂચનાં ઔદ્યોગિક એકમો દ્વારા**

## લોકડાઉનની શરતોનો ખુલ્લે આમ ઉલ્લંઘન કરાતાં દરોડાના સંરપચની તંત્રની રજૂઆત

ભરૂચ,તા.૨૮

ભરૂચ જિલ્લામાં પણ કોરોના વાયરસને લીધે મૃત્યુ ના અને વાયરસ સંક્રમિતના બનાવ બનેલ છે અને આવા વિસ્તારમાં ખાસ તકેદારીની જરૂરિયાત છે ત્યારે ઝગડીયાના દધેડાના સરપંચ જયેશભાઈ વસાવા દ્વાર ભરૂચ કલેક્ટરને ફરિયાદ કરવામાં આવી છે. જેમાં જણાવ્યા મુજબ ઝગડિયા ઓદ્યોગિક વિસ્તારમાં આવેલ નામાંકિત કંપનીઓ જેમાં મુખ્યત્વે આરતી ઈન્ડસ્ટ્રીઝ અને યુપીએલના પ્લાન્ટ ન.૫ પર કર્મચારીઓ દ્વારા શરતોનું ઉલ્લંઘન કરતા નજરે દેખાયા છે. સોશિયલ ડિસટન્સ જાળવવાની પેહલી શરતનું જ ઉલ્લંઘન થતું દેખાય છે. આરતી ઈન્ડસ્ટ્રીઝના કર્મચારીઓ ટેમ્પો વાહનમાં અવરજવર કરતા દેખાય છે. દ્વિચક્રીય વાહન પર કર્મચારીઓ આવતા હોય છે જ્યાં બે વ્યક્તિઓની સવારી સાથે પણ દેખાયા છે. વધુમાં સરપંચ જયેશભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ‘‘અમારા ગામમાંથી મોટી સંખ્યામાં કામદારો જી.આઈ.ડી.સી.માં જાય છે અને તેમના દ્વારા લોકડાઉનના નિયમોનું ભંગ કરી અવર જવર કરતા હોવાને કારણે અમારા ગામ અને અમારા વિસ્તારમાં કોરોના ફેલાઈ શકે છે. જો આવું થાય તો જવાબદારી કોણ સ્વીકારશે ? આ બાબતે અમોએ તંત્રને ફરિયાદ કરેલ છે.’’

હવે જોવુ રહ્યું તંત્ર દ્વારા આવી કંપનીઓ સામે શું કાર્યવાહી કરવામાં આવશે.

**મંજૂરી વિનાની દુકાનો બંધ કરાવાઈ**

## અન્ય શહેરોમાંથી લોકો મોરબીમાં ના પ્રવેશે તેની ખાસ તકેદારી રખાઈ

(સંવાદદાતા દ્વારા) મોરબી, તા.૨૮

મોરબી સિટી એ-ડિવિઝન પોલીસના પીઆઇ ચૌધરી તથા નવનિયુક્ત ડીવાયએસપી રાધિકા ભારાઈ સહીત સમગ્ર પોલીસ સ્ટાફે શહેરમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને રાજકોટથી મોરબી આવવાનો મુખ્ય માર્ગ એવા કેનાલ રોડ પર ઉમિયા સર્કલ પાસે ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવી રહ્યું છે. જેથી, રાજકોટ કે અન્ય શહેરમાંથી લોકો મોરબીમાં પ્રવેશ ન મેળવી શકે. વધુમાં, બાઈક કે સ્કૂટીમાં માત્ર એક સવાર અને કારમાં માત્ર બે લોકોને સવારીની છૂટ આપવામાં આવી છે. જેથી, વધુ લોકો સાથે સવારી કરતા લોકોને પરત મોકલવામાં આવ્યા છે.

આ ઉપરાંત, મોરબી પોલીસવડા ડૉ. કરણરાજ વાઘેલા સાથે પોલીસ સ્ટાફની ૧૫-૨૦ જેટલી પોલીસની ગાડીના કાફલા સાથે પેટ્રોલિંગ કરી બપોરે ૧ વાગ્યા બાદ પણ ખુલ્લી હોય તેવી દુકાનોને બંધ કરાવી હતી. તથા હવેથી નિયમોનું ભંગના કરવા ચેતવણી આપી હતી. વધુમાં, લોકોની ભીડભાડના થાય અને બિનજરૂરી અવરજવર ટળે તે માટે પોલીસના કાફલાએ કડક કાર્યવાહી કરી હતી. તેમજ જાહેરનામાનો ભંગ કરતા શખ્સો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી ગુનો નોંધવામાં આવ્યા છે.

# કોવિડ-૧૯ : પ.બંગાળ કેટલાક દર્દીઓને ઘરે જ આઈસોલેશન માટે મંજૂરી આપશે

## આજે કોવિડ-૧૯ના દૈનિક કેસોમાં ચાર દિવસમાં સૌથી ઓછો વધારો

(એજન્સી) તા.૨૮

પ.બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ સોમવારે જણાવ્યું હતું કે રાજ્ય કોવિડ-૧૯ના કેટલાક દર્દીઓ માટે ઘરે જ આઈસોલેશનમાં રાખવાની મંજૂરી આપશે કારણ કે લોકોને ક્વોરન્ટાઇન કરીને તેમને સુવિધા આપવાની બાબતમાં પણ સરકારની મર્યાદા હોય છે. આ અગાઉ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્ય પ્રધાનો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રવ્યાપી લોકડાઉનને કારણે છેલ્લા દોઢ મહિનામાં હજારો લોકોની જીંદગી બચી ગઈ છે.



દરમિયાન ભારતમાં કોવિડ-૧૯ના કન્ફર્મ કેસોમાં છેલ્લા ચાર દિવસમાં ૧૪૬૩ એટલે કે સૌથી ઓછો વધારો થયો છે અને સોમવાર સાંજ સુધીમાં કેસોની સંખ્યા ૨૮૩૮૦ થઇ છે. એવું આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું. જો મૃત્યુઆંકમાં સોમવાર સાંજ સુધીમાં એક જ દિવસમાં ૮૨૬ હતો તે વધીને ૮૮૬ થયો છે. વૈશ્વિક રીતે જોઈએ તો દુનિયાભરમાં કોવિડ-૧૯થી ૨૯.૯ લાખ લોકો સંક્રમિત થયાં છે અને ૧૮૫ દેશ કે પ્રદેશમાં ૨.૦૭ લાખ કરતાં વધુ લોકોના મૃત્યુ થયાં છે.

દરમિયાન બીએમસીના જણાવ્યા પ્રમાણે આજે મુંબઈના ધારાવી વિસ્તારમાં ૧૩ નવા કેસ સાથે આ વિસ્તારના કુલ કેસોની સંખ્યા ૨૮૮ પર પહોંચી છે જેમાં ૧૪ના મૃત્યુ થયાં છે. ચંદીગઢમાં પણ ૪ નવા કેસ આવતાં સંખ્યા આવતાં કેસોની સંખ્યા ૪૦ થઇ છે. હરિયાણામાં પાંચ નવા કેસો સાથે કુલ સંખ્યા ૩૦૧ પર પહોંચી છે જયારે તમિલનાડુમાં ૫૨ નવા કેસો સાથે કુલ સંખ્યા ૧૯૩૭ પર પહોંચી છે.

# કેટલાક લોકો સરકારને કોવિડ-૧૯ની ટેસ્ટ કિટ વેચીને નફો રળી રહ્યા છે, વડાપ્રધાન દખલગીરી કરે : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૨૮

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને કેરળના વાયનાડથી સાંસદ રાહુલ ગાંધીએ કોરોના વાયરસની તપાસ માટે ચીનથી લાવેલી કિટ ઉપર 'નફાખોરી'ના દાવાવાળા સમાચારોને લઈને પીએમને નફો કરનારાઓ પર કાર્યવાહી કરવાની માંગ કરી છે. તેમને એક સમાચારના હવાલો આપતા ટ્વિટ કર્યો હતો અને કહ્યું હતું કે, કેટલાક લોકો સરકારને કોવિડ-૧૯ની ટેસ્ટ કિટ વેચીને નફો કમાઈ રહ્યા છે. લોકો આશરે ૧૫૦ ટકા વધુ નફો રળી રહ્યા છે. દેશ જ્યારે મુશ્કેલીમાં છે, ત્યારે એવા સમયે પણ નફો રળનારા આવા લોકો વિરૂદ્ધ કાર્યવાહી કરવા માટે વડાપ્રધાન મોદીને મારી અપીલ છે કે, તેઓ



આવા મામલે દખલ કરે.

રાહુલ ગાંધીએ ટ્વિટ કરતા કહ્યું કે, 'જ્યારે આખું દેશ કોવિડ-૧૯ સામે લડી રહ્યું છે, ત્યારે કેટલાક લોકો ખોટી રીતે નફો કમાવવાનું છોડતા નથી. આ ભ્રષ્ટ માનસિકતા પર શરમ આવે છે, નફરત આવે છે. રાહુલ ગાંધીએ કહ્યું, અમે વડાપ્રધાનને માંગ કરીએ છીએ કે, આ નફાખોરી પર ઝડપી કડક કાર્યવાહી કરવામાં આવે, જેમને જે સમાચારનો હવાલો આપ્યો, તેમને જે સમાચારનો હવાલો આપ્યો છે, તે અનુસાર આઈસીએમઆરને વેચવામાં આવેલી ચીનથી આયાત કરેલ કોવિડ-૧૯ રેપિડ ટેસ્ટ કિટમાં ખૂબ જ મોટો નફો લીધો છે. આ કિટની કિંમત ભારતમાં આયત ખર્ચ સાથે ૨૪૫ રૂપિયા છે, તેની આને આઈસીએમઆરને ૬૦૦ રૂપિયા પ્રતિ કિટ વેચવામાં આવી છે એટલે લગભગ ૧૪૫ ટકાનો મોટો નફો વસૂલવામાં આવ્યો છે. જણાવી દઈએ કે, દેશમાં કોરોના વાયરસ સંક્રમિતોની સંખ્યા સતત વધતી જઇ રહી છે. ભારતમાં કોરોના વાયરસના કેસોમાં સતત વધારો થઇ રહ્યો છે.

કોંગ્રેસ પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ પણ કહ્યું હતું કે, આ ખરેખર શરમજનક અને અમાનવતાપૂર્ણ કૃત્ય છે. કેટલાક લોકોને ૨૨૫ રૂપિયામાં કિટ મળી રહી છે અને તેઓ ૬૦૦ રૂપિયામાં સરકારને વેચી રહ્યા છે. આશરે લોકો ૧૬૬.૬૬ ટકા નફો રળી રહ્યા છે. વડાપ્રધાને આવા લોકો વિરૂદ્ધ કાર્યવાહી કરવી જ જોઈએ.

# પ.બંગાળ હવે બિનઆવશ્યક ચીજવસ્તુઓની હોમડિલિવરી શરૂ કરશે : મુખ્ય પ્રધાન મમતા બેનરજી

## અમને રેશનમાં ભાષણ મળે છે. અમે દર મહિને રૂા.૫૦૦૦ કરોડ ગુમાવી રહ્યાં છીએ હવે પ્રત્યેક દિવસ એક નવા પડકારરૂપ બની રહ્યો છે : મમતા બેનરજી

(એજન્સી) તા.૨૮

પ.બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ સોમવારે જણાવ્યું હતું કે રાજયમાં બિનઆવશ્યક ચીજવસ્તુઓ અને સેવાની હોમ ડિલિવરી ૨૭, એપ્રિલથી શરૂ થશે. તેમણે ઉમેર્યુ હતું કે રાજ્ય સરકાર મે,૨૧ સુધીમાં તબક્કાવાર અને ઝોન પ્રમાણે લોકડાઉનમાં છૂટછાટ આપવાના પ્લાન પર કામ કરી રહી છે. જયારે લોકડાઉનનો નિર્ણય અમે કેન્દ્ર સરકાર પર છોડ્યો છે.

મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ ઉમેર્યુ હતું કે અમે સ્થાનિક લોકોને ઘરે જ રહેવા વિનંતી કરીએ છીએ અને માલસામાન અને સેવાઓની હોમ ડિલીવરી અને રાહત આપવાના ધોરણો પર કેન્દ્ર સરકારનો અભિપ્રાય જાણવા માગીએ છીએ. તેમણે જણાવ્યું હતું કે પ.બંગાળમાં કોવિડ-



૧૯ના ફેલાવા સામે કામ લેવા એક કેબિનેટ સમિતિની પણ રચના કરવામાં આવી છે. આ સમિતિમાં પીએમ સલીમ લાયઝન અધિકારી રહેશે અને તેમાં પાર્થ ચેટરજી, ચંદ્રીમા ભટ્ટાચાર્ય અને ફીરહાદ હકીમનો સમાવેશ કરવામાં આવશે. પત્રકારો સાથેની વાતચીતમાં મમતા બેનરજીએ જણાવ્યું હતું કે કેન્દ્રએ દુકાનોને ખોલવા માટેની મંજૂરી આપતો આદેશ કર્યો છે અને બીજી બાજુ રાજ્યોને લોકડાઉનનો કડક અમલ કરવા જણાવ્યું છે. અમે બુધવાર સુધી કેન્દ્ર સરકારના નિર્ણયની પ્રતિક્ષા કરીશું. મુખ્ય પ્રધાને એવું પણ જણાવ્યું હતું કે વડા પ્રધાને આજે એક મહત્વની વાત એ કરી છે કે કોવિડ-૧૯ના કેસોની વધુ સંખ્યા ધરાવતાં રાજ્યોને દોષિત ગણાવી શકાય નહીં અને જેમના કેસો ઓછા છે તેમની પ્રશંસા કરી શકાય નહીં. તેમણે જણાવ્યું હતું કે પ.બંગાળમાં વિવિધ વિસ્તારોનું રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં વિભાજન કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે લોકોએ સમજવું જોઈએ કે હોમ ક્વોરન્ટાઇન એ મોરલ ક્વોરન્ટાઇન છે અને સૌથી મહત્વનું છે. જે લોકો ઘરે રહેવા માગતાં હશે તેમને અમે સુવિધા પૂરી પાડીશું પરંતુ અમે ૨૧, મે સુધી સતર્ક રહીશું. વડા પ્રધાન સાથેની વીડિયો કોન્ફરન્સ અંગે પૂછતાં મમતા બેનરજીએ જણાવ્યું હતું કે અમને રેશનમાં ભાષણ મળે છે. અમે કોવિડ-૧૯ સામે લડવા માટે અઢળક નાણાં ખર્ચી રહ્યાં છીએ. પીપીઇ કિટ્સથી વેન્ટિલેટર્સ માટે રૂા.૫ લાખની જરુર હોય છે. આ નાણાં અમારે ક્યાંથી લાવવા ? અમારી સરકાર ગરીબ છે. અમે દર મહિને રૂા.૫૦૦૦ કરોડ ગુમાવી રહ્યાં છીએ. આ જંગી રકમ છે. પ્રત્યેક દિન હવે પડકારરુપ બનતો જાય છે.

# અમેરિકાની ટોચની મેડિકલ સંસ્થાએ કોવિડ-૧૯ના નવા લક્ષણો ઓળખી કાઢ્યા

## કોરોનાના નવા લક્ષણ સામે આવ્યા, જો તમને ઠંડી લાગવા સાથે તાવ હોય તો ચેતજો

(એજન્સી) તા.૨૮

કોરોના વાયરસના સંક્રમણ જેટલી ઝડપથી દેશ અને દુનિયામાં ફેલાઇ રહ્યું છે, તે ખતરનાક છે. દુનિયાભરના વૈજ્ઞાનિકો કોરોના વાયરસના લક્ષણોને શોધી તેનો ઉપાય શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. કોરોના વાયરસના આ પ્રકોપ વચ્ચે અમેરિકાના જાણીતા મેડિકલ વૉચડૉગ આ મહામારીના નવા લક્ષણો અંગે જાણકારી આપી છે.

રોગ નિયંત્રણ અને રોકથામ એટલે કે, સીડીસી જે દુનિયાભરની લેબમાં મળી રહેલા કોરોના વાયરસના લક્ષણો પર નજર રાખી રહી છે. તેણે કોરોના વાયરસના આ નવા લક્ષણો વિશે જાણકારી આપી છે. સીડીસીએ પોતાની



વેબસાઈટમાં કોરોનાના આ નવા લક્ષણો વિશે દુનિયાભરના લોકોને જાણકારી આપી છે. કોરોનાના હળવા લક્ષણોથી લઈને ગંભીર લક્ષણો વિશે તેણે જણાવ્યું છે. આ તમામ લક્ષણો વાયરસના સંપર્કમાં આવ્યા પછી ૧૪ દિવસની અંદર દેખાય છે. સીડીસીના જણાવ્યા મુજબ તેના નવા લક્ષણોમાં ઠંડી લાગવી, માથું દુખવું અને સ્વાદ અને ગંધનું ભાન ન થવું સામેલ છે. આ નવા લક્ષણોને હજી સુધી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને પોતાના લિસ્ટમાં સામેલ નથી કર્યા. WHOએ કોવિડ ૧૯ના જે લક્ષણો બતાવ્યા છે, તે મુજબ તાવ, સૂકી ખાંસી, થાક, શરીરમાં દુખાવો, નાકથી પાણી આવવું, ગળામાં દુખાવો અને ઝાડા છૂટવાનો ઉલ્લેખ છે. સીડીસી અને WHO બંનેની વેબસાઈટમાં તાવ, ખાંસી અને શ્વાસ લેવામાં મુશ્કેલની સામેલ છે.

WHOએ કહ્યું છે કે, કેટલાક લોકો કોરોના સંક્રમિત થઇ રહ્યા છે, પણ તેમનામાં ખૂબ જ સામાન્ય લક્ષણો હોય છે. WHO કહ્યું કે, ૮૦ ટકા લોકો હોસ્પિટલમાં ગયા વગર પણ બીમારીથી બહાર આવે છે, પણ કોવિડ સંક્રમણમાં દરેક પમાથી એક વ્યક્તિ ગંભીર રીતે બીમાર થાય છે અને તેને શ્વાસ લેવામાં તકલીફ થાય છે. ખાસ કરીને વુદ્ધોને, જેમને ડાયાબિટીસ કે બીપી કે કેન્સર જેવી સમસ્યાઓ છે. તેમના માટે આ સંક્રમણ ખતારનાક સાબિત થઈ શકે છે.

# કોરોના પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવનારા લોકો શંકા જણાય તો ઘરમાં જ રહી શકે : મમતા બેનરજી

(એજન્સી) કોલકાતા, તા.૨૮

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ જણાવ્યું છે કે, જે લોકો કોરોના પોઝિટિવ દર્દીના સંપર્કમાં આવ્યા હોય પરંતુ નિશ્ચિત અંતર રહ્યું હોય તો તેઓ ઘરમાં જ આઈસોલેટ થઈ શકે. જો આ લોકો સરકાર સંચાલિત ક્વોરન્ટાઈન સુવિધા મેળવવા માંગતા હોય તો તેઓને હોસ્પિટલમાં સ્ફિટ કરી શકાય. ઉલ્લેખનીય છે કે, આઈસોલેશનમાં રાખવા એટલે કે, દર્દીને કોરોના પોઝિટિવ ગણવામાં આવતો નથી. મમતા બેનરજીએ જણાવ્યું હતું કે, પ્રાથમિક અને બીજા



તબક્કે ઓછા અંતરમાં એકબીજા સાથે સંપર્કમાં આવેલા અને વધુ ભીડમાં રહેલા લોકો ઘરમાં જ ક્વોરન્ટાઈન થઈ શકે છે. આ ઉપરાંત તેમણે બીજાઓ સાથે શારીરિક અંતર જાળવવાનું છે. બીજી તરફ જે લોકો નજીકના સંપર્કમાં આવેલા છે તેઓ સરકાર સંચાલિત ક્વોરન્ટાઈન સુવિધા મેળવી શકે છે. અન્ય લોકો ઘરે જ રહીને બીમારી સામે લઈ શકે છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, લોકો ઘરમાં રહે તો સાચો અનુભવ કરે છે અને ખુશ રહે છે. જો તેઓ પોતાને બીજા લોકોથી અલગ રાખવા માંગતા હોય તો હોમ ક્વોરન્ટાઈન શ્રેષ્ઠ બાબત છે. જે લોકો એક જ સરકારી ક્વોરન્ટાઈન રૂમમાં ૨૦ કરતાં વધારે સંખ્યામાં રહેતા હતા તેમને અમે અલગ કરી દીધા છે. જો અમે તેમને સાથે રાખ્યા હોત તો તેઓ એકબીજાના સંપર્કમાં આવ્યા વિના રહી શક્યા ન હોત. આ દરમિયાન કેન્દ્ર સાથે પડેલી મડાગાઠ મુદ્દે સોશિયલ મીડિયા પર લાગી રહેલા આરોપોનો મમતા બેનરજીએ જવાબ આપ્યો હતો. મમતા બેનરજીએ આ દરમિયાન જણાવ્યું કે, જે લોકોને હોમ ક્વોરન્ટાઈન કરાયા છે. તેમની ઉપર સ્વસ્થ્ય સત્તાવાળાઓની ચાંપતી નજર છે. આ ઉપરાંત તેમના સ્વાસ્થ્યની ચકાસણી પણ સતત કરવામાં આવશે.

# મોહમ્મદ રફીકે ઓરિસ્સા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે શપથ ગ્રહણ કર્યા

## સુપ્રીમકોર્ટના કોલેજિયમની ભલામણને પગલે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જસ્ટિસ રફીકની ઓરિસા હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરી

(એજન્સી)

ભુવનેશ્વર, તા. ૨૮

જસ્ટિસ મોહમ્મદ રફીકે સોમવારે ઓરિસ્સા હાઈકોર્ટના નવા ચીફ જસ્ટિસ તરીકે શપથ લીધા છે. ઓડિશાના રાજ્યપાલ ગણેશીલાલ દ્વારા જસ્ટિસ રફીકને હોદ્દાના શપથ લેવડાવવામાં આવ્યા છે. સુપ્રીમકોર્ટના કોલેજિયમની ભલામણને પગલે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જસ્ટિસ રફીકની ઓરિસા હાઈકોર્ટમાં



ટ્રાન્સફર કરી હતી. અગાઉ, તેમણે મેઘાલય હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે પોતાની સેવાઓ આપી છે. નવેમ્બર ૨૦૧૯માં જસ્ટિસ રફીકને મેઘાલય હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ઓરિસા હાઈકોર્ટ ચાલુ વર્ષની પાંચમી જાન્યુઆરીથી કાર્યકારી ચીફ જસ્ટિસ સંજુ પાંડાના નેતૃત્વ હેઠળ કામ કરી રહી હતી.

# ગુજરાતના મુસ્લિમોએ હિંમત કરીને નફરત ભડકાવનારાઓ વિરુદ્ધ કાનૂની શસ્ત્ર ઉગામીને કેસ દાખલ કર્યા

## નફરત ભડકાવનારા તત્વો સામે ગુજરાતના મુસ્લિમોએ સમગ્ર રાજ્યના જુદા જુદા શહેરોમાંથી ૪૧૯ FIR દાખલ કરતા નફરત ભડકાવનારા તત્વોમાં ફફડાટ

ગુજરાતમાં હિંદુત્વની પ્રયોગશાળામાં મુસ્લિમો વર્ષોથી સામાજિક અને અને મીડિયામાં નફરત ભડકાવતી ઝૂંબેશમાં હંમેશા સહન કરતાં આવ્યાં છે. પરંતુ હવે છેલ્લા કેટલાક સમયથી તેમણે કાનૂની માર્ગ અપનાવીને નફરત અભિયાનનો મુકાબલો કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે હવે મોટી સંખ્યામાં વ્યક્તિઓ, મીડિયા આઉટલેટ્સ અને સોશિયલ મીડિયા ગ્રુપ વિરુદ્ધ પોલીસમાં એફઆઈઆર દાખલ કરવાનું શરૂ કર્યુ છે.

કોવિડ-૧૯ ફેલાવાના પગલે તબ્લીગી જમાત વિરુદ્ધ જે બદનક્ષીકારક ઝુંબેશ હાથ થવામાં આવી હતી તેના પગલે હવે કર્મશીલો સક્રિય થઇ ગયાં છે. અલ્પસંખ્યક અધિકાર મંચના શમશાદ પઠાણ જેવા કર્મશીલોએ શ્રેણીબદ્ધ પોલીસ કેસ દાખલ કરીને નફરત ભડકાવતા તત્વોનો મુકાબલો કરવાનો નિર્ણય કર્યો છે. વ્યવસાયે વકીલ સમશાદ ઈને તેમના મિત્રોએ સમુદાયના સભ્યોને પોલીસનો સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

આણંદ જિલ્લામાં સોજીત્રા ખાતે જાવેદ નામની એક વ્યક્તિએ પ્રથમ કેસ દાખલ કર્યો હતો અને હવે આ ઝૂંબેશ જોર પકડી રહી છે. તેમણે જણાવ્યું હતું કે ગત રવિવાર સુધી પોલીસે નફરત ભડકાવવા માટે ૪૭૯ એફઆઈઆર નોંધી હતી અને લોકો વિરુદ્ધ કોવિડ-૧૯ અંગે અફવાઓ ફેલાવવા બદલ ૯૩૮ ધરપકડ કરવામાં આવી હતી, તેમાંની ૮૦ ટકા સોશિયલ તેમજ અન્ય મીડિયા પર નફરત અભિયાનના ફેલાવાને લગતી છે. શમશાદે નફરત ભડાકવવાના મામલે પોલીસનો કઇ રીતે સંપર્ક કરવો એ માટે ફેસબુક પર લાઈવ સેશન્સ યોજ્યાં હતા. સમશાદે





જણાવ્યું હતું કે હું એવું કહીશ નહીં કે આ ઝૂંબેશ સંપૂર્ણ સફળ રહી છે કારણ કે આ પ્રકારના સંદેશા હજુ પણ પ્રસારીત કરવામાં આવી રહ્યાં છે પરંતુ અમે યુવાનોને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવામાં મોટી સફળતા હાંસલ કરી છે.

પોતાના માટે બોલવા આગળ આવનારા લોકો એ એક મોટી વાત છે. આમ નફરત ભડકાવનારાઓ વિરુદ્ધ પોલીસ પાસે જવાનો આ ટ્રેન્ડ હવે સમગ્ર ગુજરાતમાં ફેલાઇ ગયો છે કારણ કે પોરબંદર, ઈડર, પાટણ, સુરત, વડોદરા, રાજકોટ વગેરેથી પણ લોકો પોલીસ સમક્ષ નફરત ભડકાવનારાઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી રહ્યાં છે. ફરિયાદીમાં વ્યવસાયે આઈટી પ્રોફેશનલ મુનાફ અહમદ મુલ્લાજી પણ છે. તેમણે ખુલાસો કર્યો હતો કે સાઈબર બેકગ્રાઉન્ડમાંથી આવ્યાં બાદ મને આશ્ચર્ય હતું કે નફરત ભડકાવનારાઓ મોટા ભાગના લોકો કોઈ રીતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સાથે સંકળાયેલ હતા.

હું જોઈ શકું છું કે કઇ રીતે નફરત ભડકાવતો એક જ વીડિયો ટ્વીટર, ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને ફેસબુક પર અલગ અલગ નામોથી ખૂબ જ સુયોજિત અને સંગઠિત રીતે પ્રસારીત કરવામાં આવે છે. મને ધીમે ધીમે ખબર પડી કે સોશિયલ મીડિયાના એડમિનિસ્ટ્રેટર્સ વિવિધ હિંદુત્વ સમૂહો અને સંગઠનો સાથે કનેક્શન ધરાવે છે. મે સરકારી પોર્ટલ દ્વારા સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે મને ઉપયોગી જણાયું નહીં અને તેથી મને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં વ્યક્તિગત સંપર્ક કરવાની ફરજ પડી છે. દિલ્હીમાં તબ્લીગી જમાતના બેકગ્રાઉન્ડમાં મુસ્લિમ સમુદાય વિરુદ્ધ નફરતને ભડકાવવામાં કોમવાદી મીડિયા દ્વારા નિભાવવામાં આવતી ભૂમિકાથી મુસ્લિમો ખૂબ જ નરાજ છે. રાષ્ટ્રીય અને પ્રાદેશિક મીડિયા બંનેએ આ પ્રક્રિયામાં ભૂમિકા ભજવી હતી.

કદાચ આ જ કારણ છે કે મોટી સંખ્યામાં ફરિયાદો ટીવી ચેનલોની સાથે સાથે વ્યક્તિગત મીડિયાના લોકો વિરુદ્ધ પણ થઇ છે. સામાજિક સંગઠન અમદાવાદ ટાસ્ક ફોર્સના નઝીર પટેલે જણાવ્યું છે કે મોટા પાયે તબ્લીગી અને સમુદાયના મીડિયા ટ્રાયલની વિરુદ્ધ ભારે આક્રોશ પ્રવર્તે છે. જયારે દેશમાં અદાલતો હોય ત્યારે મીડિયાએ તેની ભૂમિકા અદા કરવી જોઈએ નહીં. નાઝીરે અત્યાર સુધીમાં સ્થાનિક પોલીસમાં ૧૩ ફરિયાદો કરી છે. તેમણે જણાવ્યું હતું કે અમારી આ ઝુંબેશનું પરિણામ એ આવ્યું છે કે નફરત ભડકાવનારા માત્ર તેમની પોસ્ટ ડિલીટ જ નથી કરી રહ્યાં પરંતુ સોશિયલ મીડિયા એકાઉન્ટ પણ ડિલીટ કરી રહ્યાં છે. આ બતાવે છે કે હવે તેઓ ગભરાઇ ગયાં છે. આ દરમિયાન ભારતમાં કોવિડ-૧૯ના કહેર માટે મુસ્લિમ સમુદાયના ઉત્પીડન વિરુદ્ધ ગુસ્સો વ્યક્ત કરતા મિડલ ઈસ્ટ દેશોના ચુનંદા અને ભદ્ર વર્ગના ટ્વીટથી નફરત ભડકાવનારાઓમાં એક પ્રકારનો ડર ઊભો થઇ રહ્યો છે.

સૂત્રોએ જણાવ્યું છે કે આ લોકો માત્ર મિડલ ઈસ્ટમાં જ નથી પરંતુ ગુડગાંવ જેવા સ્થળોએ બહુરાષ્ટ્રીય કંપનીઓમાં કામ કરનારા લોકો પણ છે. આમ જે લોકો અત્યાર સુધી નફરત કન્ટેન્ટ ફોર્વર્ડ કરતાં હતાં અથવા તો હિંદુ જૂથોની પ્રવૃત્તિઓનો ઉગ્ર બચાવ કરતાં હતાં તેઓ એકાએક શાંત થઇ ગયાં છે.

- મિનહાજ અદનાન

(સૌ. : સિયાસત.કોમ)

